
# સંદેહ નિવારિણી



# પ્રસ્તાવના

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના પુટ્ટપર્થી ગામમાં પ્રશાંતિ નિલયમમાં ભગવાન શ્રી સત્ય સાઇબાબા કહે છે કે, “હું શિરડીના સાઇબાબાનો અવતાર છું. હું તમને સૌને નિર્મળ અને બળવાન બનાવવાનો ખોરાક આપવા આવ્યો છું.”

સને ૧૯૪૦માં ૧૪ મા વર્ષે તેમનાં શાળાનાં પાઠયપુસ્તકોને ફેંકી દઈને ભક્તોના પ્રથમ અધિવેશનને સંબોધતાં તેમણે ઉપર મુજબ જાહેર કર્યું હતું. ત્યારથી જ શ્રી બાબા હમેશાં તેમની કરૂણા અને સૌને જીતનાર પ્રેમથી શારીરિક અને માનસિક દુઃખો ભોગવનારાઓના હરદમ વધતા જતા સમુદાયને શાંત્વનાં આપી રહ્યા છે, ભૂલો સુધારી રહ્યા છે અને દુઃખ મિટાવી રહ્યા છે. એ રીતે શાંતિ અને આનંદના નવા સાઇયુગની સ્થાપના કરી રહ્યા છે. તેમના જીવનકાર્યના એક ભાગ રૂપે શ્રી બાબાએ સને ૧૯૫૮ ના ફેબ્રુઆરી માસમાં એક માસિક શરૂ કર્યું. તેને તેમણે “સનાતન સારથિ” એવું અર્થપૂર્ણ નામ આપ્યું. દેખીતી રીતે આ નામ દ્વારા તેઓ વધારે સ્પષ્ટપણે એ સત્ય જાહેર કરવા ઇચ્છતા હતા કે તેઓ પોતે સનાતન પણ છે અને સારથિ પણ છે.

તેમણે જાહેર કર્યું કે કે “સનાતન સારથિ” તમામ પ્રકારનાં અસત્યો અને સ્વાર્થવૃત્તિ સામેના લાંબા યુદ્ધમાં રોકાયેલું છે.

સદર માસિકમાં મૂળ તેલુગુ ભાષામાં પ્રસિદ્ધ થયેલી શ્રી બાબા સાથેના સંવાદોની પરંપરા શ્રી બાબાની આત્મા સંબંધી સત્યોનાં ગૂઢ રહસ્યો ઉકેલવાની અને જિજ્ઞાસુ લોકોની દષ્ટિની આડે આવનાર અંધકારને પ્રેમપૂર્ણ રીતે હટાવવાની પદ્ધતિ પ્રગટ કરે છે.

આ પુસ્તક હવે તમારી આગળ છે. એને કાળજીપૂર્વક અને શ્રદ્ધાથી વાંચવામાં આવે તો એ તમને અવશ્ય સ્પષ્ટતા, નવું બળ અને ખાત્રી આપશે.

એનું વાંચન તમને ધ્યેયની વધુ ને વધુ નજીક દોરવતું રહો.

એન. કસ્તુરી,
એમ. એ, બી.એલ.,
તંત્રી, “સનાતન સારથિ”

# નિવેદન

પ્રેમમૂર્તિ ભગવાન શ્રી સત્ય સાઇબાબાનાં પ્રેમામૃતભર્યા વચનો જે વાંચશે, સાંભળશે અને વિચારશે તેના હૃદયમાં અવશ્ય શાંતિ અને ભક્તિનો પ્રાદુર્ભાવ થશે.

“સંદેહ નિવારિણી” માં આત્મતત્વ તેમ જ સત્યરૂપી પરમાત્મ તત્વનાં ઐક્ય તથા અકળ રહસ્યોને પ્રેમમયી, સરળ અને રુચિકર ભાષામાં સ્પષ્ટપણે સમજાવ્યાં છે અને ભક્તોના મનની અનેક શંકા કુશંકાઓરૂપી અંધકારને દૂર કરીને તેમને નિર્ભયતાથી પરમાત્મ તત્વચિંતનમાં લીન થવાનો અદ્‌ભૂત માર્ગ બતાવ્યો છે.

આ અનુવાદને સાકાર બનાવવામાં ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ મને જે પ્રેરણા આપીને સેવા કરવામાં નિમિત્ત બનાવ્યો છે તે બદલ હું ભગવાનનો અંતઃકરણપૂર્વક ઋણી છું અને ગુજરાત સત્ય સાઈ પ્રકાશક મંડળના પ્રમુખ તેમજ સભ્યોએ તથા ગુજરાત રાજય ભગવાનશ્રી સત્ય સાઇ સેવા સંગઠનના પ્રમુખે આ પ્રકાશન કરવાની જે મંજૂરી આપી છે તે બદલ હું આભાર વ્યક્ત કરું છું.

સાઇ ભક્ત
વડોદરા

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકરણ ૧ | ૫ |
| પ્રકરણ ૨ | ૧૦ |
| પ્રકરણ ૩ | ૧૫ |
| પ્રકરણ ૪ | ૨૪ |
| પ્રકરણ ૫ | ૨૮ |
| પ્રકરણ ૬ | ૩૩ |
| પ્રકરણ ૭ | ૩૭ |
| પ્રકરણ ૮ | ૪૪ |
| પ્રકરણ ૯ | ૪૯ |
| પ્રકરણ ૧૦ | ૫૫ |
| પ્રકરણ ૧૧ | ૬૪ |
| પ્રકરણ ૧૨ | ૬૮ |
| પ્રકરણ ૧૩ | ૭૨ |
| પ્રકરણ ૧૪ | ૮૦ |
| પ્રકરણ ૧૫ | ૮૭ |
| પ્રકરણ ૧૬ | ૯૩ |

## પ્રકરણ: ૧

ભક્ત : સ્વામી, અમે જાણતા ન હોઇએ એવા આત્મમાર્ગને લગતો કોઇ વિષય અમે આપને મુકતપણે પૂછી શકીએ?

સ્વામી : અલબત્ત, પૂછવાને શું વાંધો છે? આવો સંદેહ શા માટે? મારું અસ્તિત્વ શા માટે છે? મારું અસ્તિત્વ તમે જે હકીકતો નહીં જાણતા હો તે તમને સમજાવવા માટે નથી? તમે મને કંઈ પણ ભય કે સંકોચ વિના પૂછી શકો છો. હું તમને જવાબ દેવા હંમેશા તત્પર છું. માત્ર તમારી પૂછપરછ સાચા દિલની અને જાણવાની જિજ્ઞાસાપૂર્વકની હોવી જોઇએ.

ભક્ત : પરંતુ કેટલાક વડીલોનું કહેવું છે કે ગુરુજીને પ્રશ્નો પૂછીને હેરાન કરવા એ ખોટું છે, સ્વામી, શું તેઓ સાચું કહે છે?

સ્વામી : તે સાચું નથી. શિષ્ય બીજા કોની પાસે જાય? તેને તો ગુરુ સર્વસ્વ છે, તેથી તેણે સઘળી બાબતોમાં તેમની સલાહ લઇને કાર્ય કરવું શ્રેષ્ઠ છે.

ભક્ત : કેટલાક કહે છે કે વડીલો આપણને જે કંઈ કહે તેનો કંઈ પણ વાંધો ઉઠાવ્યા વિના માનભરી રીતે અમલ કરવો જોઇએ. આપની પણ એ જ આજ્ઞા છે?

સ્વામી : જયાં સુધી તમે તેમનામાં પૂર્ણ વિશ્વાસ નહીં કેળવો અને તેમના શબ્દો વાસ્તવિક છે એમ નહીં સમજો ત્યાં સુધી તેમની આજ્ઞાનો માનભરી રીતે અમલ કરવો તમારે માટે મુશ્કેલ હશે. તેથી તમને ખાત્રી થાય તે માટે તમે તેમને તેમની આજ્ઞાઓના મર્મ અને વાસ્તવિકતા વિષે પૂછો તેમાં કશું ખોટું નથી.

ભક્ત : સ્વામી, અમારે કોને માનવા અને કોને બાજુએ મૂકી દેવા? દુનિયા તો દગાફટકાથી ભરપૂર છે. જેમને આપણે સારા માન્યા હોય તેઓ જ ખરાબ નીવડે ત્યારે વિશ્વાસ શી રીતે વધે?

સ્વામી : ઠીક, શિષ્ય! આ દુનિયામાં કે બીજા કોઇ પણ દુનિયામાં તમારે બીજાઓમાં વિશ્વાસ વધારવાની જરૂર ક્યાં છે? પ્રથમ તમારા પોતાનામાં વિશ્વાસ રાખો. પછી પરમાત્મામાં વિશ્વાસ રાખો. જયારે તમને આ બંનેમાં વિશ્વાસ હશે ત્યારે સારા કે બૂરા કોઇ પણ તમને અસર કરશે નહીં.

ભક્ત : સ્વામી, પરમાત્મા પરનો વિશ્વાસ પણ કેટલીક વખતે ઓછો થઈ જાય છે, તેનું કારણ શું હશે?

સ્વામી : જયારે મનુષ્ય ફકત બાહ્ય દુનિયાથી ભોળવાયેલો હોય અને એવી બાહ્ય ઇચ્છાઓ (આકાંક્ષાઓ) માં સફળતા પામતો ન હોય ત્યારે પરમાત્મા પરનો તેનો વિશ્વાસ ઘટે છે. માટે એવી ઇચ્છાઓનો ત્યાગ કરો. માત્ર આત્માના સંબંધની જ ઇચ્છા રાખો. પછી તમે સંશય અને મુશ્કેલીઓનું લક્ષ્ય (નિશાન) બનશો નહીં. આને માટે અગત્યની વસ્તુ પરમાત્માં વિશ્વાસ હોવો એ છે. એ વિના તમે દરેક નાની અને મોટી બાબત માટે શંકાશીલ થવા માંડો છો.

ભક્ત : જયાં સુધી આપણે પરમાત્માના સત્ય સ્વરૂપને સમજીએ નહીં ત્યાં સુધી સારા અને મહાન લોકોની સોબતમાં રહેવું અને ગુરુ પણ કરવા એ જરૂરનું છે એમ લોકો કહે છે. આ સઘળું જરૂરી છે?

સ્વામી : અલબત્ત, મહાન અને સારા લોકોની સોબત જરૂરી છે. પરમાત્માનું સત્ય સ્વરૂપ તમને જણાવવા માટે ગુરુ પણ જરૂરી છે; પરંતુ આ બાબતમાં તમારે ઘણી કાળજી રાખવાની છે. આ જમાનામાં સાચા ગુર જવલ્લેજ મળે છે. છેતરપિંડી કરનારા વધી ગયા છે અને સાચા ગુરુ જાતે શાંતિનો અનુભવ કરવા માટે એકાંતવાસમાં જતા રહ્યા છે. સાચા ગુરુ ઘણા છે, પરંતુ તેમને સહેલાઇથી પ્રાપ્ત કરી શકાતા નથી. તમે તેમને પ્રાપ્ત કરો તો પણ તેઓ જો તમને એકથી વધારે સદ્દવાક્યો કહેવાની કૃપા કરે તો તમારે તમારા ભાવિનો જ આભાર માનવો રહ્યો. તેઓ તમને સઘળી જાતની વાતો કહેવામાં  સમયનો વ્યય કરશે નહીં.  ગુરુની શોધમાં જરા પણ ઉતાવળ કરવી ન જોઈએ.

ભક્ત:  તો પછી દુનિયામાં માર્ગ કયો છે?

સ્વામી : અરે! એ માર્ગ બતાવવા માટે તો આપણી પાસે વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઇતિહાસ છે. તેમનો અભ્યાસ કરો. તેઓ જે શીખવે તે માર્ગને વળગી રહીને અનુભવનો સંચય કરો; તેમનો અર્થ અને તેમના દ્વારા વિદ્વાનોએ આપેલા સંદેશનું હાર્દ સમજો, તેમને આચરણમાં ઉતારો; પરમાત્માનું ગુરુ અને પરમેશ્વર તરીકે ચિંતન કરો. પછી તે પુસ્તકો પોતે જ તમને તમારા ગુરુ તરીકે મદદ કરશે. કારણકે ગુરુ શું છે? જે દ્વારા તમારું મન પરમાત્મામાં ચોંટે તે જ ગુરુ છે. જો તમે પરમાત્માને જ ગુરુ માનો અને અચળ પ્રેમથી સાધના કરો તો પરમાત્મા પોતે જ તમારી આગળ ઉપસ્થિત થશે અને તમને ગુરુની માફક ઉપદ્દેશ આપશે અથવા તો તે તમને એવા આશીર્વાદ આપશે કે સાધનાને પરિણામે તમને સદ્દગુરુ મળી રહેશે.

ભક્ત : પરંતુ સ્વામી, આજકાલ તો કેટલાક મહાન પુરુષો જે કોઇ માગે તે બધાને જ ઉપદ્દેશ આપે છે. શું તેઓ સદ્દગુરુઓ નથી?

સ્વામી : તેઓ સદ્દગુરુઓ છે કે નહીં તે હું ન કહું. માત્ર એટલું જ જાહેર કરું કે દરેકે દરેક મનુષ્યને તેના ભૂત અને ભવિષ્યકાળનો વિચાર કર્યા વિના, તેની લાયકાત અને ગેરલાયકાતની શોધ કર્યા વિના અને તેની યોગ્યતાની કસોટી કર્યા વિના ઉપદેશ આપવો એ સદ્દગુરુનું લક્ષણ નથી.

ભક્ત : ત્યારે તો સ્વામી મેં એક ભૂલ કરી છે. એક મહાન પુરુષ અમારા ગામે આવી ચઢયા. જયારે સઘળા લોકો તેમનો ઉપદેશ સાંભળી રહ્યા હતા ત્યારે મેં પણ જઈને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને તેમની પાસે ઉપદેશ માગ્યો. તેમણે મને સારો ઉપદેશ આપ્યો. મેં થોડા વખત સુધી તેમના મંત્રના જપ કર્યા. ત્યાર બાદ મારા જાણવામાં આવ્યું કે તે મહાન પુરુષ તો ઠગ હતા. તે દિવસથી તેમનામાંથી મારો વિશ્વાસ ઊઠી ગયો. મેં તે મંત્રના જપ કરવા છોડી દીધા. આ મેં ખોટું કર્યું કે ખરું?

સ્વામી : તમને આના ખરા કે ખોટાપણાંમાં શંકા છે? તે ઘણું ખોટું છે. મેં તમને હમણાં કહ્યું તે અનુસાર જેમ ગુરુ શિષ્યની લાયકાતની પરીક્ષા કરે છે તેમ શિષ્ય પણ ઉપદેશ લેતા પહેલા ગુરૂની વિશ્વાસ પાત્રતાની ઝીણવટથી પરીક્ષા કરવી જોઇએ. તમારી પ્રથમ ભૂલ એ હતી કે તમે આ બાબત પર ધ્યાન આપ્યું નહીં, પણ ઉતાવળે ઉપદેશ સ્વીકારી લીધો. ભલે, ગુરુએ તમને જરૂરી લાયકાત વિના ઉપદેશ આપ્યો તો પણ તમે તમારો સંકલ્પ તોડીને જપ કરવા શા માટે બંધ કર્યા? આમ કરીને તમે બીજાની ભૂલને પરમાત્માના પવિત્ર નામ પર ઢોળી, એ તમારી બીજી ભૂલ છે. ઉપદેશ લીધા પહેલાં સમય લઈને તમારે તેના સાચાપણાની પિછાન કરી લેવી જોઈતી હતી અને ત્યારબાદ જ તેમનામાં વિશ્વાસ મૂકવો જોઇતો હતો. પછી જયારે તેને ગુરુ તરીકે સ્વીકારવાની ઇચ્છાનો ઉદય થાય ત્યારે તમારે ઉપદેશ લેવો હતો; પરંતુ એક વાર તમે ઉપદેશ સ્વીકારો તો તમારે તેના જપ કરવા જ જોઇએ. તેમાં ગમે તે મુશ્કેલી આવે તો પણ તે છોડી દેવા ન જોઈએ. નહીં તો તમે વિના વિચારે સ્વીકારી લેવાના અને વિના વિચારે ત્યાગ કરવાના દોષને પાત્ર બનો છો. તે દોષ તમારે માથે રહેશે. જે નામ માટે તમને શંકાનો ભય હોય અથવા જે નામને તમે પ્રથમ પસંદગી આપતા ન હો તેવું નામ તમારે સ્વીકારવું જ ન જોઇએ. સ્વીકારી લીધા પછી તેનો ત્યાગ કરવો ન જોઇએ.

ભક્ત : જો તેનો ત્યાગ કરવામાં આવે તો શું થાય?

સ્વામી : પ્રિય શિષ્ય, એથી ગુરુ પ્રત્યે બેવફાઇ અને પરમાત્માની અવગણના થાય. એ બંનેને લીધે તમારા એકલક્ષી પ્રયત્ન અને ચિત્તની એકાગ્રતાનો નાશ થશે. કહેવત છે: “ રોગિષ્ઠ બીજમાંથી કદી ઝાડ ઊગી શકતું નથી.”

ભક્ત : આપણામાં યોગ્યતાની ખામી હોવા છતાં પણ ગુરુ મંત્ર આપે તો?

સ્વામી : એવો ગુરુ એ ગુરુ જ નથી. આ ખોટા કર્તવ્યનું પરિણામ તમારે માથે પડશે નહીં. એ ખોટા કાર્યનું પાપ માત્ર તે ગુરુને જ માથે પડશે.

ભક્ત : જો શિષ્ય ગુરુ  કેવો નીવડે તેની પરવા કર્યા વિના પોતે ગુરુને આપેલા વચન અનુસાર વર્તે અને તેને પહેલાની માફક જ માન આપે તો તેનો ઉદ્દેશ પાર પાડી શકે ખરો?

સ્વામી : ચોક્કસ, તેમાં શી શંકા છે? તમે એકલવ્યની વાર્તા જાણતા નથી? દ્રોણાચાર્યે તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો નહીં તો પણ તેણે એક મૂર્તિની સ્થાપના કરી અને તેને ખુદ દ્રોણાચાર્ય તરીકે માની. દ્રોણાચાર્ય પરના એવા ભાવથી તે ધનુર્વિદ્યા શીખ્યો અને તેની સઘળી વિદ્યા પર પ્રભુત્વ મેળવ્યું. છેવટે જયારે ગુરુ દ્રોણાચાર્યએ અન્યાયથી અંધ બનીને તેના જમણા હાથનો અંગૂઠો પોતાની ગુરુ દક્ષિણા તરીકે માગ્યો ત્યારે તેણે તે ખુશીથી આપી દીધો. શું એકલવ્યે ગુરુ દ્રોણાચાર્યે તેને પહોંચાડેલી ઇજા માટે શોક કર્યો?

ભક્ત : એકલવ્યને તેનો પ્રયત્ન શું કામ આવ્યો? માત્ર એટલું જ કે તેની સઘળી કેળવણી વ્યર્થ ગઇ. તેની સિદ્ધિનું ચોખ્ખું પરિણામ શું  આવ્યું?

સ્વામી : જો કે એકલવ્ય તેના કૌશલ્યનો ઉપયોગ કરવાની બધી તક ગુમાવી; પરંતુ તાલીમથી પ્રાપ્ત કરેલું ચારિત્ર્ય કદી ગુમાવ્યું નહીં. તેણે પ્રાપ્ત કરેલી કીર્તિ એ તેના બલિદાનનો પૂરતો બદલો નથી?

ભક્ત : ઠીક સ્વામી, જે થઇ ગયું તે ગયું. હવે પછી હું નામને ચુસ્તપણે વળગી રહીશ અને તેની અવગણના કરવાનો પ્રયત્ન કરીશ ત્યારે નહીં. કૃપા કરી આપ મને ઉપદેશ આપો.

સ્વામી : તમારો અભિનય તો એવી વ્યકિતના જેવો છે કે જેણે આખી રાત રામાયણ ભજવાતું જોયા પછી પ્રભાતે કોઇકને પૂછયું: “ રામનું સીતા જોડે શું સગપણ હતું? હું તમને કહેતો હતો કે જયારે તમારી યોગ્યતા પક્વ થશે ત્યારે ગુરુ અને ઉપદેશ આવી મળશે. તે આપોઆપ જ આવશે. તમારે તે માગવાની જરૂર નથી.ખરું કહું તો શિષ્યે પોતે ઉપદેશ માંગવો ન જોઇએ. ઉપદેશ માટેની તેની પક્વતા થયાની તેને ખબર પડી શકતી નથી. ગુરુ યોગ્ય પળ માટેની સાવધાની રાખતા રહેશે અને તેઓ પોતે જ તમને આશીર્વાદ આપશે અને મદદ કરશે. તમારે એકથી વધુ વખત ઉપદેશ લેવો ન જોઈએ. એનું પુનરાવર્તન થઇ શકતું નથી. જો તમે તમારી ઈચ્છા થાય ત્યારે એક ઉપદેશને છોડી દો અને બીજો ઉપદેશ ગ્રહણ કરો તો તમે કુમાર્ગે ચઢેલી પરણેતર જેવા બનશો.

ભક્ત : તો હવે મારું ભાવિ શું છે? મને પોતાને બચાવવાનો કોઈ માર્ગ નથી?

સ્વામી : તમારાથી થયેલી ભૂલ માટે પશ્ચાતાપ કરો, પરંતુ તમે સ્વીકારેલા નામનું ધ્યાન ધરવાનું ચાલુ રાખો. જપથી નિરાળા નામસ્મરણ માટે તમે ગમે તેટલાં નામો ઉપયોગ કરી શકો છો, પણ ધ્યાન કરવા માટે ઉપદેશ દ્વારા મેળવેલ નામનો જ ઉપયોગ કરવો જોઈએ તે યાદ રાખો. તે પવિત્ર નામમાં ફેરફાર ન કરો. આગ્રહપૂર્વકની ઉત્કંઠા અને પ્રયત્નથી તમારો ખ્યાલ ફેરવો અને ધ્યાનમાં આગળ વધો.

ભક્ત : સ્વામી આજનો દિવસ ખરેખર મહાન દિવસ છે, કારણ કે તમે જે સંદેશ આપ્યો તેનાથી સઘળી શંકાઓ અદ્રશ્ય થઇ ગઇ છે. તમે કહ્યું તેમ ઉપદેશે સંદેહ ઉત્પન્ન કર્યો; તમારા સંદેશે તેનું નિવારણ કર્યું. જો પરવાનગી મળે તો હું મારા સ્થાને પાછો જઇશ અને જયારે ફરીથી આવું ત્યારે તમારી હાજરીમાં નિવારણ કરવા માટે અને બદલામાં શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવા માટે કેટલાક નવા સંદેહ લાવીશ. જો તમે આજ્ઞા આપો તો હું આવતે મહિને આવીશ.

સ્વામી : હું ચોક્કસ એ જ ઇચ્છું છું. તમારા જેવી વ્યકિતએ સંદેહોથી મુકત થઈને જીવનના ખરા મર્મને સમજવો જોઈએ અને સંદેશને શ્રદ્ધા અને દ્રઢતાથી આવકાર આપીને તેમ જ કાયમ ભગવાનનું નામસ્મરણ કરતા રહીને જીવવું જોઇએ. ગમે તે આવી પડે છતાં જયારે જયારે તમે આવો ત્યારે ત્યારે તમારી જાતને દિલગીરી, સંદેહ અને ચિંતાથી મુકત કરવા માટેની પદ્ધતિ અને સાધનો વિષે મારી પાસેથી શીખતા રહો. કદી પણ દિલગીરીથી દુ:ખી ન થાઓ. કારણકે હૃદયમાં દિલગીરીના દર્દ સાથે તમે કોઇ પણ સાધના કરવાને શક્તિમાન થઈ શકશો નહીં. એ સ્થિતિમાં જે કંઇ સાધના તમે કરો તે રાખ પર રેડેલા ગુલાબજળ જેવી હશે. ઠીક, હવે તમે જાઓ અને મોડેથી આવો.

# પ્રકરણ : ૨

ભક્ત : નમસ્તે, સ્વામીજી.

સ્વામી : તમને જોઇને આનંદ. તમે ઘણા થાકેલા લાગો છે અને આ ગરમીના સમયમાં મુસાફરી વધુ થકવનારી હોય છે. થોડો સમય આરામ કરો. પછી આપણે વાતચીત કરીશું.

ભક્ત : જયારે માનસિક શાંતિ ન હોય ત્યારે આરામ કયાંથી મેળવી શકાય ?

સ્વામી : પ્રિય શિષ્ય, માનસિક શાંતિને ખાતર જ આરામ હોય છે. એક વખત તમને માનસિક શાંતિ મળે તો પછી આરામની જરૂર કયાં છે ? જયાં સુધી જખમ રુઝે નહીં ત્યાં સુધી પાટાની જરૂર હોય છે. જખમ રૂઝાયા પછી પાટાની શી જરૂર?

ભક્ત : સ્વામી, અત્યારે જ મારું મગજ અસ્વસ્થ છે હું કોઇ પણ બાબતનો નિર્ણય લઇ શકતો નથી. તેનું કારણ શું છે તે હું જાણતો નથી. હું શું કરું?

સ્વામી : ઠીક, કારણ વિના કોઇ પણ કાર્ય બની શકતું નથી. તમારી હાલની સ્થિતિનું કારણ તમે ચોક્કસપણે જાણો છો. ભલે, બીજું કંઇ જ કરવાની જરૂર નથી. આવા માનસિક દર્દના સમયમાં કોઇક એકાંત સ્થળે બેસીને થોડા વખત ભગવાનનું નામસ્મરણ કરો, ઊંચે સાદે ભજન ગાઓ અથવા જો તે શકય ન હોય તો પથારી પાથરીને થોડો વખત સૂઇ જાઓ.

ભક્ત : શું આપે નથી કહ્યું કે આ દુનિયામાં દરેક વ્યકિતને એક યા બીજી વસ્તુ અતિ પ્યારી હોય છે, અને જો તે વસ્તુ પર કોઇ આફત આવી પડે તો માનસિક શાંતિ મેળવી શકાતી નથી. જયારે બીજી વ્યકિત મારી પ્યારી વસ્તુનું અપમાન કરે અથવા તેની ખામી શોધે ત્યારે હું માનસિક શાંતિ કેવી રીતે મેળવી શકું ? એવા પ્રસંગે મારે શું કરવું ?

સ્વામી : આત્મવિચાર શું છે એ સમજ્યો હોય એવો સારો માણસ આ પ્રમાણે બીજા જેને ચાહતા હોય તે વસ્તુને દોષ દેશે નહીં, તેમ જ એવું કરનારા મનુષ્યો સાથે ભળશે પણ નહીં. કારણ કે તે પોતાના મન સાથે એવી દલીલ કરશે કે જયારે તેની પોતાની ઇષ્ટ વસ્તુને દોષ દેવામાં આવે ત્યારે તેને જેટલું દુ:ખ થાય તેટલું જ દુ:ખ જયારે તે બીજાથી ઇષ્ટ વસ્તુને દોષ દે ત્યારે પણ થશે, તેથી તમે પોતે એવી સમજથી શાંતિ રાખો કે જેઓ આ પ્રમાણે ગાળો દે છે તેઓ આત્મવિચારથી અજ્ઞાત છે. તમે આત્મવિચારમાં ગૂંથાયેલા હોવાથી જે વ્યકિત આત્મવિચારથી અજાણ છે તેની સાથે તમારે કંઇ

લેવાદેવા નથી. ઠીક, એ વાત જવા દો, પરંતુ આ બધું ઉત્પન્ન થવા માટે ખરેખર શું બન્યું છે? જે ભીતરમાં છે તે બહાર આવે તો આ બધી મુસીબતનો અંત આવશે.

ભક્ત : દુનિયા સારી રીતે જાણે છે કે તમે હિંમત અને સાહસનું કેવી રીતે રક્ષણ કરી રહ્યા છો. મનુષ્યોને આત્મિક, શારીરિક અને માનસિક કલ્યાણ કરવા માટે માર્ગદર્શન આપી રહ્યા છો અને તમે કેળવણી વિષયક અને વૈદકીય મદદ કરી છે. તમે કદી પણ કોઇ નુકસાન કર્યું નથી તેમ જ કોઇ પણ વ્યક્તિને કોઇ પણ પ્રકારની હાનિ પહોંચાડી નથી... તમારા વિષે પણ જે લોકો તમામ પ્રકારની મૂર્ખતાભરી વાતો ઉપજાવી કાઢીને ફેલાવે છે તેમને કેવી રીતે દબાવી દેવા? તેમને આથી કંઇ ફાયદો થાય છે ?

સ્વામી : અરે ! ત્યારે એમ વાત છે ! શું તમને ખબર નથી કે સારું અને નરસું એ તો દુનિયાનાં સ્વભાવગત લક્ષણો છે. જો બધા જ વેચવાના કામમાં રોકાશે તો ખરીદનાર કોણ હશે ? પરમાત્માના સંબંધમાં ભૂલ શોધવાનું તો આદિકાળથી ચાલતું આવ્યું છે, તે નવું નથી; માત્ર આધુનિક મનુષ્યો કેટલીક નવી વાતો ઉપજાવી કાઢતા હોય. આવો દુરાચાર તમારે શા માટે હૈયે ધરવો જોઇએ ? એમ સમજો કે તેઓ એ સાધન દ્વારા ફકત સ્વામીને જ યાદ રહ્યા છે. સ્મરણના બે પ્રકાર છે : પ્રેમયુક્ત સ્મરણ અને દ્વેષયુક્ત સ્મરણ. આ પૈકી દ્વેષયુક્ત સ્મરણ અવિદ્યામય છે અને તેનો સંબંધ રજોગુણ સાથે છે. પ્રેમયુક્ત સ્મરણ વિદ્યામય છે અને તેનો સંબંધ સત્વગુણ સાથે છે. અવિદ્યામય સ્મરણને પરિણામે દુઃખ પ્રાપ્ત થાય છે અને વિદ્યામય સ્મરણને પરિણામે સુખ પ્રાપ્ત થાય છે તેમનાં પરિણામ આપમેળે જણાઇ જાય છે. હવે તમારે એવા મનુષ્યોને શા માટે દબાવી દેવા જોઇએ ?

વળી તમે ફાયદા વિષે પૂછયું, ખરું ને ? તેમને કોઇ ફાયદાની જરૂર નથી. બીજાઓની ભૂલ શોધવી એ તેમને આદત પડી ગઇ હોય છે; તેઓ તેમની ફરજ તરીકે એમ કરે છે. કહેવત છે કે “સાડીની કિંમત સેંકડો રૂપિયા હોય કે સસ્તી હોય તેમાં ઊધઇને શી ચિંતા ? થોડું થોડું કરીને કરડી ખાવું અને ફાડી નાખવું એ એનો સ્વભાવ છે.” ઊધઇ કીંમતી સાડી અગર ચીથરાંને એકસરખી રીતે ફાડે છે. શું તેને વસ્તુની કિંમતની ખબર હોય છે? તેનું કામ જ એવું છે. માટે તમે એવું સમજીને શાંતિ રાખો કે આ ભૂલ શોધનારનું કામ પેલી ઊધઇનાં કામ જેવું જ છે.

ભક્ત : સ્વામી, તમે કહ્યું તે સત્ય છે. જયારે અજ્ઞાની વ્યકિતઓ આ પ્રમાણે વર્તે ત્યારે અમે માની શકીએ કે તે ઊધઇના વંશના છે; પરંતુ સારી રીતે કેળવાયેલા, મહાન અને જ્ઞાની લોકો આવી વાત ફેલાવવામાં મચ્યા રહેતા હોય તે કેવી રીતે સહી શકાય ?

સ્વામી : વિદ્યાનો અર્થ આત્મજ્ઞાન, દુન્યવી ચીજોનું જ્ઞાન નહીં.દુનિયા સંબંધી જ્ઞાન તો આજીવિકાની તાલીમ આપે છે અને તે આજીવિકાના આધાર તરીકે ઉપયોગી છે. આત્મજ્ઞાનને આવી વિધા સાથે સરખાવવું એ મહાન મૂલ છે. જેઓ બીજાની નિંદા કરતા નથી પરંતુ શુભ ઇરાદાથી સત્યની શોધ કરતા રહે છે, તેઓજ મહાન માણસો છે. આત્મા સંબંધી બાબતો પોતાની પાસેના અધિકારથી અહંકારી બનેલા પરીક્ષાશકિત વિનાના અથવા આત્મજ્ઞાન વિનાના માણસોથી સમજી શકાતી નથી, માટે જેમને તમે જ્ઞાની અને મહાન વર્ણવ્યા તેઓ ઉપર વર્ણવેલા (ઊધઇના) વંશના છે એમ માનો અને આવા વિચારો અને ચિંતાને સ્થાન આપ્યા વિના તમારી માન્યતાને મજબૂત બનાવવાના કામે લાગી જાઓ.

ભક્ત : આવા લોકોને લઇને આ દુનિયામાંના ઘણા આસ્તિક લોકો નાસ્તિક થઇ ગયા છે સ્વામી, શું એમ બન્યું નથી આવા લોકો જે પોતાના જ્ઞાનની પરવા કર્યા વિના અને સત્ય જાણવાના કોઇ પણ પ્રયત્ન કર્યા વિના મહાપુરુષોની નિંદા કરે છે તેમને બોલતા બંધ કરી દેવા કોઇ હથિયાર નથી ?

સ્વામી : હથિયાર તો છે. કહેવત છે કે "ચીંથરેહાલ જીન પર ચીંથરાંનો બોજો મૂકાય છે". એવા માણસોના શબ્દો એમના જેવા જ માણસો ધ્યાનથી સાંભળશે. કોઇ પણ સાચા આસ્તિક તેમની સાથે ભળશે નહીં. જો તેઓ ભળે તો પણ તેમનું કથન કલ્પિત છે એવું સમજતાં વેંત જ તેઓ દૂર ખસી જશે, તેથી એવા માણસોને ઝાંખા પાડવાનું હથિયાર તેમના પોતાના જ હાથમાં છે.

તમે ભસ્માસુરની વાર્તા સાંભળી નથી? મનુષ્યના મસ્તક પર તે હાથ મૂકીને તેને બાળીને ભસ્મ કરી દેતો હતો. અંતે તે હાથને પોતાના જ મસ્તક પર મૂકીને તે પોતે જ ખાક થઇ ગયો ! એ જ પ્રમાણે બીજા પર દોષ મૂકીને અંતે તેમના શબ્દોથી તેઓ પોતે જ દોષિત થશે.

પરમાત્મામાં દોષ (ભૂલ) શોધનાર લોકો ચાર પ્રકારના હોય છે : પહેલો પ્રકાર : જે વ્યકિતને પરમેશ્વર સંબંધી બાબતોમાં જરા પણ રસ નથી હોતો તે.

બીજો પ્રકાર : જેઓ વ્યકિતગત દ્વેષને કારણે બીજાની મહાનતાને સહન કરી શકતા નથી તે.

ત્રીજો પ્રકાર : જેઓને કોઇ પણ વસ્તુનો જાતઅનુભવ, સંપર્ક કે જ્ઞાન નથી હોતાં અને તેથી ઊડતી સાંભળેલી વાતોના તેઓ ગુલામ થઇ ગયા હોય છે તેને આધારે માત્ર વાતો ઉપજાવી કાઢનારા હોય છે તે.

ચોથો પ્રકાર : જેઓ દુનિયાદારીની ઇચ્છાવાળા હોય અને પોતાના ભાવિના નિર્માણને કારણે તેમાં તેમને સાંપડેલી નિષ્ફળતાને બહાને પરમાત્માને દોષ દેતા હોય છે તે.

ફકત આ ચાર પ્રકારના લોકો જ તમે કહો છો તે પ્રમાણે પોકાર કરે છે. બાકીના બીજા પોકાર કરશે નહીં અને પૂતળાંની માફક કૂદાકૂદ કરશે નહીં. જયારે તેઓ આવી વાતો સાંભળે ત્યારે, જો કે તેમને પસંદ ન હોય અથવા શ્રધ્ધા ન હોય, જાતઅનુભવ ન હોય તો પણ તેઓ પોતાના સંતોષ ખાતર પોતાના અંતઃકરણમાં તે વાતોનું પૃથક્કરણ કરશે અને નિર્ણય પર આવશે. તેઓ બીજાની નિંદા કરશે નહીં. મનુષ્ય પોતાની બુધ્ધિને અમાન્ય કરીને ચિત્તમાં બીજાના શબ્દોને સ્થાન આપવું એ સાચો માર્ગ નથી. તે ઉપરાંત જેઓ સત્યને પિછાનતા નથી તેમની સાથે ચર્ચા કરવામાં કંઇ ફાયદો નથી. સાચું કહીએ તો સત્ય કોઇ પણ ચર્ચાને બિલકુલ અવકાશ આપતું નથી. જેઓ આ કે તે કંઇ જાણતા ન હોય પરંતુ વચગાળાની ભૂમિકામાં હોય તેમની સાથે દલીલ કરવી તે “આંધળો માણસ અને હાથી" ની વાર્તા અનુસાર સૂંઢનો સ્પર્શ થતાં સુંઢને હાથી માની લેવા જેવું છે.

ઠીક, આની નોંધ લો ! આ પ્રકારની વાતચીતમાં સમય ગાળવો એ સારું નથી. નિંદા કરવી અને દોષ શોધવો એ કુદરતી અને સામાન્ય છે. આ જાણીને જેઓ સાચા ભક્ત બનવાની ખેવના રાખતા હોય તેમણે માત્ર તેમના આનંદરૂપી મહેલના પાયાની જ ખોજ કરવી જોઇએ. મળી શકતા તમામ વખતનો ઉપયોગ પવિત્ર હેતુ માટે થવો જોઇએ. તેને વેડફી નાંખવો જોઇએ નહીં. બીજાનામાં રહેલી સારી અને બૂરી બાબતો સાથે તમારે કંઇ જ લાગતું વળગતું નથી. સમયને વેડફી નાખવાને બદલે તેનો ઉપયોગ તમારી બૂરાઇ દૂર કરવામાં અને સારાપણાનો વિકાસ કરવામાં થવો જોઇએ.

તમને જરૂરી હોય એવી સાધના અગર સંદેહ વિષે મને પૂછો અને કોઇક યોગ્ય વસ્તુની ખોજ કરો. હવે પછી બીજા જેમાં રચ્યાપચ્યા રહેતા હોય એવી દોષ શોધવાની વાર્તાઓ મારી પાસે લાવશો નહીં. તમારે પણ એવા વિચારને મનમાં પેસવા દેવા નહીં.

ભક્ત : આ બધું બન્યું કારણ કે અમારો પણ એ જ મનુષ્ય સ્વાભાવ છે; પરંતુ હવે મને તમારા ઉત્તર દ્વારા વિષયની સમજ આવી છે તે કારણે મારા સંદેહ અને દિલગીરીને હાંકી કાઢીને હિંમત અને આનંદે મારામાં પ્રવેશ કર્યો છે. એવા મનુષ્યોની વાત દ્વારા મનુષ્યોને જે કંઇ અલ્પ શ્રધ્ધા, ભકિત અને આતુરતા હોય તે પણ ઓછાં થતાં જાય છે. મારે તમને આ પ્રશ્નો પૂછવાનું એ જ કારણ હતું, નહીં તો મારે પણ એવા વિષયો સાથે કંઇ પણ લાગતું વળગતું નથી. મને ક્ષમા કરો, હવે પછી હું તમારી સાથે એવા વિષયો અંગે વાત નહિ કરું.

સ્વામી : બહુ સારું. પ્રાપ્ય થોડા સમયમાં પણ જો તમે સારા વિષયોનો વિચાર ન કરો, પરંતુ બીજાઓના અજ્ઞાનભર્યા લવારાનું માત્ર સ્મરણ કરો તો તમે પણ તેઓની સાથે દોષ દેવામાં સામેલ થયા હો એવું થાય. તે ભકતોને હાનિકારક છે. બીજા ગમે તે કહે તો પણ તમારે તમારો વિશ્વાસ છોડી દેવો ન જોઇએ. જો એક વાર તમારો વિશ્વાસ મજબૂતપણે સ્થિર થઇ જાય તો તમને કદી પણ કંઇ કમી રહેશે નહીં. એક શબ્દને પગલે બીજો શબ્દ ક્રોધ અને દર્દ ઉત્પન્ન કરે છે. ભકિતમાર્ગનું નિર્માણ આવા ગુણોને દબાવી દેવા માટે થયું છે. નહીં કે તેમને ખીલવવા.

તમે મને કહો છો કે લોકો આવા દોષ દેનારાને સાંભળે છે તે કારણે ભકિત અને શ્રદ્ધા અદ્રશ્ય થઇ જાય છે, પરંતુ તે કેટલો વખત? સત્યની શોધ થતાંવેંત જ ફરીથી તેમનો વિશ્ર્વાસ થશે કે? ફરીથી તેમના શબ્દોની કિંમત ગણાશે કે?

આ દોષ શોધનારાઓની વાત કાંસાના અવાજ જેવી છે. સોંઘી ધાતુ વધારે અવાજ કરે છે. સોનું જે અવાજ કરતું નથી તે ઘણું કીંમતી છે. સાચા ભક્તો મૂંગા હશે તેઓ મૌનના રસ્તાને અનુસરશે. તેમની જીભો પરમાત્માની અગત્યની મહાનતાના રટણમાં પૂર્ણપણે રોકાયેલી હશે. તેમને બીજો કોઇ શબ્દ બોલવા જેટલો વિસામો નહીં હોય. એ ઉત્તમ છે; તેથી કાંસા જેવા અવાજવાળા મનુષ્યના શબ્દો તમારા કાનોમાં પેસવા દેશો નહીં, પરંતુ તેમને પરમાત્માના નામોચ્ચારથી ભરી દેજો. એ જ પોતે પ્રણવાનંદ છે.

આવતે મહિને સાધના અથવા અનુષ્ઠાન જેવા ઉપયોગી વિષયોના મુશ્કેલ પ્રશ્નો સાંપડે તો અહીં આવી તેમનો ઉકેલ મેળવશો; પરંતુ આવા ગાંસડીબંધ સંદેહ સાથે લાવશો નહીં.

ભક્ત : ખરેખર, હું આજે આશીર્વાદ પામ્યો. તેમને કારણે તમે ડહાપણરૂપી પ્રકાશ આપવાની કૃપા કરી છે. આ સઘળું જોતાં "બધું જ આપણા ભલા માટે છે" એ કહેવત સાચી છે એમ મને લાગે છે. હવે પછીથી કોઇ પણ માણસ ગમે તે કહે તો પણ હું શાંત રહીશ અને તે મનમાં નહીં લઉં, કારણ કે "બધું જ આપણા ભલા માટે છે." નમસ્તે, કૃપા કરી મને રજા આપો.

## પ્રકરણ : ૩

સ્વામી : અરે ! તમે કયારે આવ્યા ? તમે બહાર કોઇ પણ સ્થળે દેખાતા નહોતા. તમારી તબિયત તો ઠીક છે ને ?

ભક્ત : હું બે દિવસથી આવ્યો છું. અહીં દરેક સ્થળે સંખ્યા બંધ લોકોને જોઉં છું. હું નિરંતર અવાજનો ગોટાળો સાંભળું છું. એ ગોટાળાથી દૂર રહેવા માટે મારા સ્થાનેથી આવીને હું અહીં પણ દરેક જગાએ મનુષ્યોનાં ટોળાં જોઉં છું, તેથી હું અંદરની બાજુએ ગયો. ત્યાં પરમ સુખમય શાંતિ છે, તે કારણે હું ઓરડાની અંદરની બાજુએ હતો. બહાર જેટલી બેચેની છે તેટલી જ અંદરની બાજુએ શાંતિ છે.

સ્વામી : એમાં વિશેષ શું છે ? એ કુદરતી છે. જયાં ગોળ હોય ત્યાં કીડીઓ ભેગી થાય છે. બહારની બાજુ અને અંદરની બાજુ વચ્ચે આ તફાવત છે; તે વિશેષ લક્ષણ છે

ભક્ત : સ્વામી, તમે કહો છો તે હું સમજતો નથી. જો તમે મને તે વિગતે કહો તો હું લક્ષપૂર્વક સાંભળીશ અને ખુશ થઇશ.

સ્વામી : તમે પોતેજ કહ્યું. શું તમે કહ્યું નહીં કે બહારની બાજુ છે અને અંદરની બાજુ છે. ઠીક, એ આપણે જેને બાહ્યપ્રપંચ અને અંતરપ્રપંચ, બાહ્ય દુનિયા અને આંતરિક દુનિયા કહીએ છીએ તે છે. હવે આંતરિક શું છે ? તે વિષેનો તમારો ખ્યાલ મને જણાવો.

ભક્ત : તે તમે મોઢેથી જ કઢાવવા માગો છો ? જો તમે કહો તો સારું.

સ્વામી : ઠીક, પ્રશ્ન પૂછનારને પોતાને મોઢેથી જ ઉત્તર કઢાવવા એ શિક્ષણની સનાતન પદ્ધતિ છે. જેઓ પ્રશ્ન પૂછે તેઓ પોતે જ જવાબ આપે તો તેઓ વિષયને સ્પષ્ટપણે સમજે. ભાષણ કરવાની પદ્ધતિ જુદી છે. પ્રાચીન સમયમાં સઘળાં ઋષિઓ તેમના અનુયાયીઓને માત્ર આ પદ્ધતિએ જ વેદાંત સમજવાને શક્તિવાન બનાવતા હતા. ચાલો, બોલો જોઈએ.

ભકત : તમે મને જે ચીજોને નજરે જોઈ હોય તે વિષે બોલવા કહો છો?

સ્વામી : ફકત આંખથી જ નહીં, પરંતુ સઘળી જ્ઞાનેન્દ્રિઓ જેવી કે આંખ, કાન, નાક, ચામડી, જીભ વગેરે દ્વારા તમે જે કંઇ અનુભવ કર્યા છે અને જાણ્યું છે તે બધાં વિષે મને કહો.

ભક્ત : પૃથ્વી, આકાશ, પાણી, સૂર્ય, ચંદ્ર, પવન, અગ્નિ, તારા સંધ્યા, પર્વતો, ટેકરીઓ, ઝાડો, નદીઓ, સ્ત્રીઓ, પુરુષો, બાળકો, ઘરડી વ્યકિતઓ, પ્રાણીઓ, પક્ષીઓ, ઠંડી, ગરમી, સુખી લોકો, દુઃખી લોકો, માછલીઓ, જીવજંતુઓ, રોગો અને એના જેવી ઘણી વસ્તુઓ મેં જોઇ છે.

સ્વામી : બસ બસ, એ પૂરતું છે? આજ “પ્રપંચ” છે. શું તમે તે આજે જ જોયો? ગઇ કાલે તેનું અસ્તિત્વ હતું? આવતી કાલે તેનું અસ્તિત્વ હશે?

ભક્ત : સ્વામી, તમે મને એમ કેમ પૂછો છો? એ તો યુગોથી અસ્તિત્વમાં છે, શું તે નથી? તે કયારથી અસ્તિત્વમાં છે અને ક્યાં સુધી અસ્તિત્વમાં રહેશે તે કોણ જાણે છે?

સ્વામી : તમે પૂછયું તે ક્યારથી અસ્તિત્વમાં છે, ખરું? એ આપણે જેને અનાદિ એટલે શરૂઆત રહિત કહીએ છીએ તે છે. આ બાહ્ય જગત અનાદિ (શરૂઆત રહિત) છે. જયારે બાહ્ય છે ત્યારે આંતરિક પણ હોવું જ જોઇએ, શું જોઇએ, શું નહીં? ઠીક, તમે કદી સિનેમા જોયું છે?

ભકત : જોયું છે! કેમ સ્વામી, સિનેમા પણ પ્રપંચનો એક ભાગ છે? શું તે નથી? મેં ઘણા સિનેમા જોયાં છે.

સ્વામી : તમે શું જોયું તે મને કહો.

ભકત : મેં ઘણાં અદ્ભૂત ચિત્રો જોયાં છે, અસંખ્ય સૂરો અને અવાજો સાંભળ્યાં છે. આનંદ અને દિલગીરીના અસંખ્ય અનુભવો જોયા છે.

સ્વામી : તમે કહો છો “મેં જોયાં છે.” પડદો એક વસ્તુ છે, ચિત્રો બીજી વસ્તુ છે. તમે બંને જોયાં છે?

ભકત : હા, સ્વામી.

સ્વામી : તમે “ પડદો અને ચિત્રો“ બંને એકી વખતે જોયાં?

ભકત : સ્વામી, તે કેવી રીતે શકય હોય? જયારે ચિત્રો દેખાય છે ત્યારે પડદો દ્રશ્યમાન હોતો નથી; જયારે પડદો દ્રશ્યમાન હોય છે ત્યારે ચિત્રો દેખાતા નથી.

સ્વામી : ખરું છે! પડદો અને ચિત્રો બંનેનું હંમેશનું અસ્તિત્વ હોય છે?

ભકત : ના, પડદો કાયમનો છે; ચિત્રો આવે છે અને જાય છે.

સ્વામી : તમે કહો છો તેમ પડદો કાયમનો છે અને ચિત્રો આવે છે અને જાય છે એટલે કે કાયમનાં નથી. આ “કાયમનાં” અને “ કાયમનાં નહીં” એને આપણે સ્થિર અને અસ્થિર, નિત્ય અને અનિત્ય, ક્ષર અને અક્ષર કહીએ છીએ. હું તમને બીજા એક વિષયવિષે પૂછીશ. ચિત્ર પડદા પર પડે છે કે પડદો ચિત્ર પર પડે છે? આ માટે શું પાયો છે?

ભકત : ચિત્રો પડદા પર પડે છે, તેથી પડદો એ ચિત્ર માટેનો પાયો છે.

સ્વામી : તે જ પ્રમાણે બાહ્ય જગત જે ચિત્ર જેવું છે તેને સ્થાયિત્વ (કાયમીપણું) નથી; તે બદલાયા કરે છે. આંતરિક જગત સ્થિર છે તે બદલાતું નથી. બાહ્ય જગતને આંતરિક જગત પાયારૂપ યા મૂળરૂપ હોય છે.

ભક્ત : પરંતુ સ્વામી, મેં તમને ક્ષર-અક્ષર, નિત્ય -અનિત્ય વગેરે કહેતાં સાંભળ્યા છે.

સ્વામી : હા, પ્રિય શિષ્ય, તમે અત્યારે ચિત્રોની વાત કરતા હતા. શું ચિત્રોને નામો અને રૂપો હોય છે?

ભકત : તેમને નામો અને રૂપો હોવાનાં કારણ માત્રથી જ તેઓ અંગેની વાર્તા સમજી શકાય છે અને ત્યારે જ આપણે રામાયણ અને મહાભારતને યાદ રાખી શકીએ છીએ. રૂપ સિવાયનું કોઇ નામ નથી અને નામ સિવાયનું કોઇ રૂપ નથી.

સ્વામી : સરસ, તે ઘણી સારી રીતે કહેવામાં આવ્યું છે. જયાં રૂપ (આકાર) હોય ત્યાં નામ હોવું જોઇએ. તેમ જયાં નામ હોય ત્યાં રૂપ હોવું જ જોઇએ. એ બંને એકબીજા સાથે સંકલિત છે. આ બંનેના સંકલિત સંબંધને આપણે “ અવિનાભાવ” કહીએ છીએ. હવે તમે “ પ્રપંચ” નો અર્થ સમજયા?

ભક્ત : હું એવું સમજયો છું કે નામ અને રૂપ એ જ “પ્રપંચ” છે; પરંતુ સ્વામી, “પ્રપંચ” શી રીતે ઉત્પન્ન થયો તેનું વર્ણન આપણી પાસેથી મને સાંભળવાનું ગમશે.

સ્વામી : હવે તમારે ગૂંચમાં પડવું ન જોઈએ. જો આપણે તેનું વર્ણન કરવાના કામે લાગી જઈએ તો તે આંબાવાડીમાં પેસીને આપણે તોડેલી ફળ (કેરી) ખાધા વિના વાડીમાંના ઝાડોની સંખ્યા, દરેક ઝાડ પરની શાખાઓની સંખ્યા, દરેક શાખા પરથી ઉપશાખાઓની સંખ્યા અને દરેક ઉપશાખા પરનાં ફળો (કેરીઓ) ની સંખ્યા, અને જો એક કેરીની કિંમત આટલી બધી હોય તો તમામ કેરીઓની એકંદરે કિંમત કેટલી થશે વગેરેની ગણતરી કરવાને કામે લાગી ગયા જેવું થશે. આવી માહિતી એકઠી કરવામાં બુદ્ધિહીન પણે મૂલ્યવાન સમયને વેડફી નાખવાને બદલે આપણે તે ફળનો આસ્વાદ લેનાર વ્યક્તિ

તરીકે પ્રાથમિક અગત્યની વસ્તુ શી છે તે શોધી કાઢવું જોઈએ. અને તે વસ્તુને પ્રથમ સમજીને સંતોષ અને આનંદ પ્રાપ્ત કરવા જોઈએ. કે વાત બાજુએ રાખો. આ "પ્રપંચ ને" નો પ્રકાશ શું છે? આ "પ્રપંચ"નું બીજું નામ પણ છે, તમે જાણો છો?

ભકત : મેં કહ્યું હતું કે “પ્રપંચ" એ જ નામ અને રૂપ છે. મેં સાંભળ્યું છે કે તેનું બીજું નામ "જગત" છે.

સ્વામી : આ નામ રૂપ-પ્રપંચ, આ જગત, ઇન્દ્રજાળ અથવા જાદુગરની કળા જેવાં છે. અને તેમને જ્યાં સુધી તમે જુઓ ત્યાં સુધી જ સાચાં લાગે છે. તે જ પ્રમાણે દુનિયા (જગત) પણ માત્ર જ્યાં સુધી તમે તેનો ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરો ત્યાં સુધી સાચી લાગે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ પણ વસ્તુ જેનો અનુભવ જાગૃત અવસ્થામાં થતો નથી. તેનું અસ્તિત્વ નથી એમ માનવામાં આવે છે.

આવા સંજોગોમાં આપણે અસ્તિત્વને “સંત” અને નાસ્તિત્વ (અભાવ) ને “ અસત” કહીએ છીએ. માટે તમે આ દુનિયા માટે શું કહો છો? તે “સત” છે કે “અસત”?

ભકત : જાગૃત અવસ્થાના અનુભવમાં એનું અસ્તિત્વ હોય છે અને તેથી એ “સત” છે, ભરઊંઘની અવસ્થામાં એનું અસ્તિત્વ હોતું નથી તેથી એ “અસત” છે.

સ્વામી : અરે! તમે “ સત”, “ અસત” કહ્યાને? એ બે શબ્દોને જોડી દેવામાં આવે તો “ સદાસત” શબ્દ થાય છે, ખરુંને? એને જ આપણે “ માયા” કહીએ છીએ તે તમે જાણો છો?

ભકત : તે “ માયા” જાદુને મળતી છે?

સ્વામી : શું જાદુને મળતી નથી “ઇન્દ્રબાલમ્ ઇદમ્ સર્વમ્” આ બધું જાદુગરનું કામ છે એમ ઋષિઓ યુગોથી કહેતા આવ્યા છે.

ભકત : તો પછી આ બધી ઇન્દ્રજાળનો બનાવનાર તો હોવો જ જોઈએ, ખરું ને?

સ્વામી : અલબત્ત તે છે જ. તે જાદુગર તે પરમાત્મા છે. તેની પાસે અગણિત શુભ ગુણો છે ઋષિઓએ દરેક ગુણને આધારે “નામ” અને દરેક નામને આધારે “રૂપ” બનાવીને ગુણહીનને ગુણવાન અને રૂપહીનને રૂપવાન બનાવીને અને તે રૂપોનું ધ્યાન ધરીને ઇશ્વર સાક્ષાત્કાર કર્યો નથી? તેમનો અનુભવ એક હજાર જીભો દ્વારા ઘોષિત થઇ રહ્યો નથી? તેઓએ તેમની ધ્યાન સમાધિમાં પોતપોતાની રીતે પોતાનાં અભિનય, ભકિત અને આરાધના અનુસાર પરમાત્માનો સાક્ષાત્કાર કેવી રીતે કર્યો છે

અને પરમાત્માના પ્રત્યક્ષ દર્શન કરવાનો અને પરમાત્મા સાથે સંપૂર્ણ સંયોગ સાધવાનો આશીર્વાદ કેવી રીતે પ્રાપ્ત કર્યો છે તે શાસ્ત્રો, વેદો અને ઉપનિષદોમાં જાહેર કર્યું નથી?

ભકત : હા, સ્વામી, હું તે સમજ્યો છું; પરંતુ તમે કહ્યું કે નામ અને રૂપ નો આધાર ગુણો પર છે. રૂપા કરી એ મને સમજાવો.

સ્વામી : જરૂર, હવે આપણે ફકત આવા અગત્યના વિષયો પર જ ધ્યાન આપવું જોઇએ, કારણ કે બીજા વિષયો તમારી તર્કશકિત બહારના છે. કાળજીપૂર્વક સાંભળો. પરમાત્મા સૌને ખુશ કરે છે તેથી તે “રામ” ને નામે ઓળખાય છે. વળી તે જ પ્રમાણે તે પ્રેમસ્વરૂપ - પ્રેમનો પુંજ છે. ભકતવત્સલ-પોતાના ભકતો પ્રત્યેની લાગણીથી ભરપૂર છે; કૃપાસાગર દયાસાગર છે. દરેક નામ અને રૂપમાં તેણે ભકતોને સાક્ષાત્કાર બક્ષ્યો છે અને તેમને સાયુજય મુકિતનો આશીર્વાદ આપ્યો છે. રૂપ વિનાનો પરમાત્મા તેના ભકતોને આશીર્વાદ આપવા માટે તમામ રૂપ ધારણ કરે છે.

ભક્ત : હું ખુશ છું. સ્વામી, હું ખરેખર ઘણો ખુશ છું. તમારી મહેરબાનીથી હું તદ્દન સ્પષ્ટપણે સમજી રહ્યો છું. માત્ર એક સંદેહ છે. તમે કહ્યું કે રૂપ વિનાના પરમાત્માને અગણિત નામ છે. સઘળાં નામ અને રૂપ સરખાં છે? તેઓમાં કંઈ તફાવત છે?

સ્વામી : કેવો સારો પ્રશ્ન! સઘળાં નામ અને રૂપ ખરેખર સરખાં છે. ગમે તે નામ અને રૂપની આરાધના કરવામાં આવે, પરમાત્માનું તો માત્ર એક જ અનન્ય સાચું સ્વરૂપ છે. તે નામરૂપ દ્વારા તેનો સાક્ષાત્કાર કરવો શકય છે; પરંતુ ભકતે એક બાબત પર ધ્યાન આપવું જોઇએ. ગમે તે રૂપમાં ભગવાનની આરાધના કરવામાં આવે પણ જે કૃપાને ખાતર પ્રાર્થના કરવામાં આવે તે કૃપા યા તેનો હેતુ એક જ હોવાં જોઈએ.

ભકત : કયા પ્રકારનો હેતુ (આશય) સ્વામી?

સ્વામી : “મુમુક્ષત્વ” મુકિત માટેની ઇચ્છા. એકલા પરમાત્માને ચાહવો જોઇએ, બીજા કોઈને નહિ. તેને ચાહો, મળી તેનું ધ્યાન ધરો, તેને હૃદયમાં જમાવી દેવો જોઈએ. છેવટે પરમાત્મામાં મળી જવાનો નિર્ધાર કરો. પ્રત્યેક મનુષ્યે માત્ર એ જ પ્રકારની તીવ્ર ઇચ્છા રાખવી જોઇએ.

ભકત : ખરું, સ્વામી, હું સારી રીતે સમજયો છું. તમે કહ્યું તેમ જેઓએ પરમાત્મા પાસે સઘળા પ્રકારની કૃપા માગીને પોતાનો વિનાશ રામાયણમાંથી નોતર્યો હતો, સાંભળી એવા લોકોની ઘણી વાર્તાઓ મેં

ભાગવત અને રામાયણમાંથી સાંભળવી છે, હિરણ્યકશ્યપ, રાવણ, ભસ્માસુર અને બીજાઓને તેમની રીતો માટે તે દિવસથી આજ સુધી યાદ કરવામાં આવે છે. તમે તે સ્પષ્ટપણે કહ્યું છે. તે કંઇક એવું છે, જેનો ભકતોએ કાળજીપૂર્વક વિચાર કરવો જોઇએ.

સ્વામી : ઠીક, માત્ર માથું હલાવીને દરેક વસ્તુને "સાચી" છે, એવા ભાવથી માની લેવાનો અર્થ નથી. જો તમારા હ્રદયમાં મજબૂતપણે દ્રઢ થયું હોય કે આ સાચું અને સારું છે તો પછી તેને આચરણમાં મૂકવું છે. જયાં સુધી હું બોલું ત્યાં સુધી તમે એ સાચું છે એમ કહો અને જયારે તમે જતા રહો ત્યારે તે ભૂલી જાઓ તો એ સાંભળવું પણ નકામું છે જે ખોરાક ખાવામાં આવે છે તે ભૂખ મિટાવવા માટે છે નહીં કે જઠરથી દૂર જીભ પર રાખી મૂકવા માટે. જીભ પર રાખી મૂકાય તો ભૂખ ફરીથી શરૂ થશે. તે જ પ્રમાણે સાંભળવું અને તે પ્રમાણેનું આચરણ ન કરવું એ નકામું છે.

ભકત : અત્યાર સુધી તમે કેટલીક અગત્યની વાતો કહી છે: (૧) બાહ્ય જગત (૨) આંતરિક જગત (૩) ભગવાન, પરમાત્મા. શું કાર્ય અને કારણની માફક આ બધાંનું અલગ અસ્તિત્વ છે? અથવા તેઓને એકબીજા જોડે પરસ્પર સંબંધ છે?

સ્વામી : તે વિષે તમે પોતે વિચાર કરો. આ માટે મેં તમને “પ્રેમવાહિની” માં જવાબ આપ્યો જ છે. તે તમને આજે જ પહોંચ્યો હશે, તેમાં જુઓ. “ જે સેવા કરે છે તે સેવક” અને “ જેની સેવા થાય છે તે "સેવ્ય” અને “કઇ રીતની સેવા” વિષે તેમાં શું કહેવામાં આવ્યું છે તે બારીકાઇથી જુઓ.

ભકત : સ્વામી, તમે “ક્ષર”, “અક્ષર”, નિત્ય", "અનિત્ય” વગેરે કહેતા હતા. બીજાં પણ એવાં કોઇ નામ છે?

સ્વામી : આ બે પુરૂષ તરીકે ઓળખાય છે. તેઓ ચેતન અને અચેતન હોવાનું પણ કહેવાય છે. તેમને "જીવ" અને "જડ" પણ કહે છે. “ક્ષર”, “અક્ષર” પુરુષને બીજા સંદર્ભમાં “ પર” અને “અપર” પ્રકૃતિઓ કહેવામાં આવે છે. જો તમે નિર્મળ બુદ્ધિથી ચિંતન કરો તો તમને જણાશે કે માત્ર નામો બદલાય છે વસ્તુ બદલાતી નથી.

ભકત : તો પછી સ્વામી, જેમ “ક્ષર” “અક્ષર” નો સમાનાર્થી શબ્દ “પુરુષ” છે તેમ ભગવત, પરમાત્માનો કોઇ એવો સમાનાર્થી શબ્દ છે?

સ્વામી : ભગવાન ઘણા જ યોગ્ય પુરુષોત્તમ નામથી પ્રખ્યાત છે, કારણકે તે પુરુષોમાં સૌથી ઉચ્ચ પુરુષ છે.

ભકત : અરે! કેવું મધુર! કેવું મધુરું નામ! પુરુષોત્તમમાંથી પુરુષો ઉત્પન્ન થયા?

સ્વામી : અહીં મોટો કોયડો ઉત્પન્ન થાય છે. અગાઉ પણ એક વખત તમે પૂછયું હતું: “ તે ઉત્પન્ન થયું?” આપણે ખરા શબ્દો વાપરવા જોઇએ, નહીં તો આપણને ખોટા અર્થ મળે છે. આપણે પુરુષોત્તમમાંથી “ઉત્પન્ન થયા” એમ કહેવું જોઇએ નહીં. તેઓ પુરુષોત્તમમાં જ પ્રકાશે છે. મેં તમને અગાઉ કહ્યું હતું કે આ પુરુષો પર-અપર પ્રકૃતિ, જીવ-જડ એ શબ્દોથી દર્શાવાય છે. આ પ્રકૃતિ શબ્દ સ્વભાવ અને શકિતનો ભાવ આપે છે, શું એમ નથી ?.

ભકત : તે ભાવ આપે છે. હું સમજું કે પુરુષોત્તમ એ પહેલો ભાવ (સ્વભાવ) છે અને પ્રકૃતિ એ બીજો ભાવ (શકિત) છે.

સ્વામી : ના, તમે ભૂલ કરો છો.  ફરીથી વિચાર કરો. વસ્તુ અને તેના સ્વભાવ વચ્ચે કંઇ તફાવત છે? સ્વભાવને વસ્તુથી જુદો પાડવો અને જોવો એ શકય છે? છતાં તમે બે કહ્યાં.

ભકત : સ્વામી, તે ભૂલ છે. તે ખોટું છે કોઈપણ તેને જુદાં પાડી શકતું નથી. તે બંને એક જ છે.

સ્વામી : ચાલુ (સામાન્ય) ભાષામાં આપણે કહીએ છીએ કે ખાંડ મીઠી છે, સૂર્યપ્રકાશ આપે છે, ગરમી પડે છે વગેરે. મીઠાશ ખાંડમાં છે. પ્રકાશ સૂર્યમાં છે. તેઓ એકબીજાથી જુદા નથી (એટલે મીઠાશ ખાંડથી જુદી નથી અને પ્રકાશ સૂર્યથી જુદો નથી) તેઓ એક જ છે. ખાંડને જીભ પર મૂકયા વિના મીઠાશ જાણી કે ઓળખી શકાતી નથી. સૂર્યને જોયા વિના પ્રકાશ અને ગરમી જાણી યા ઓળખી શકાય છે. આ પ્રમાણે ભગવાનને બે ખાસ લક્ષણો છે. જયારે આપણે એ લક્ષણોની બે તરીકે વાત કરીએ ત્યારે આપણે તેમને “પુરુષ” અને “પ્રકૃતિ" ને લાગુ પાડીએ છીએ; પરંતુ વાસ્તવિક રીતે તેઓ એક જ છે. ભગવાનમાં પ્રકૃતિ (જેને માયા તરીકે ઓળખવામાં આવે છે તે) ખાંડમાં મીઠાશથી માફક અદ્રશ્ય (અસ્પષ્ટ) છે અને જુદી પાડી શકાય એવી નથી. આ જાતનો સંબંધ એ જ “અવિનાભાવ" સંબંધ છે. માત્ર ઇચ્છાથી જ માયા ભગવાન પર આવરણ કરે છે અને વ્યવસ્થિત જગત અથવા બ્રહ્માંડ રૂપે દેખાય છે. આ સમષ્ટિ વિશ્વરૂપ અથવા સ્વતંત્ર સંપૂર્ણ વિશ્વરૂપ કહેવાય છે. આ સંપૂર્ણ રૂપ પોતે ઇશ્વર ઇચ્છાનુસાર અવિદ્યાની શકિત દ્વારા જગત રૂપે સ્પષ્ટ થાય છે.

ભકત : આ “ અવિદ્યા" શું  છે? અત્યાર સુધી બધું સ્પષ્ટ હતું. આ નવા વપરાયેલા"અવિદ્યા" શબ્દે મારી વિચાર શ્રેણીને   ઊંધી  વાળી દીધી છે! હું કંઇ સમજયો નહીં. કૃપા કરી મને સમજાવો.

સ્વામી : ઉતાવળા  ન થાઓ. તમે “વિદ્યા” શબ્દ સાંભળ્યો છે? તમે એનો અર્થ-જાણો છો?

ભક્ત : અલબત્ત, તે હું જાણું છું.વિદ્યાનો અર્થ અભ્યાસ થાય છે.

સ્વામી : વિદ્યાનો અર્થ “જ્ઞાન” થાય છે. જ્યારે તેમાં "અ" ઉમેરવામાં આવે ત્યારે તે "અજ્ઞાન" થાય છે. જો કે એક અજ્ઞાન અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે.

ભકત : હા સ્વામી, આ અવિદ્યા કેમ બની? તે ક્યાંથી આવી?

સ્વામી : તમે પ્રકાશ અને અંધકાર વિષે જાણો છો, શું તમે નથી જાણતા? શું તે બંને એક સાથે અસ્તિત્વમાં હોય છે?

ભકત : જયારે પ્રકાશ હોય ત્યારે અંધકાર હોઈ શકે નહીં, અને જયારે અંધકાર હોય ત્યારે પ્રકાશ હોઈ શકે નહીં.

સ્વામી : જયારે પ્રકાશ હોય ત્યારે અંધકારનું અસ્તિત્વ ક્યાં હોય? અને જયારે અંધકાર હોય ત્યારે પ્રકાશનું અસ્તિત્વ કયાં હોય? તેનો સારી રીતે વિચાર કરો.

ભકત : સ્વામી, આ વિષય ઘણો કઠિન છે, છતાં મારાથી શક્ય રીતે હું જવાબ આપીશ. જો હું ખોટો હોઉં તો મને ક્ષમા કરજો. અંધકાર પ્રકાશમાં હોવો જોઈએ, પ્રકાશ અંધકારમાં હોવો જોઈએ બીજી કઈ રીતે એ હોઈ શકે?

સ્વામી : હું એક નાનો પ્રશ્ન પૂછીશ. મને જવાબ આપો. આ “પ્રકાશ” અને આ “ અંધકાર” સ્વતંત્ર છે કે કોઇ બીજી વસ્તુ પર આધાર રાખનાર છે?

ભકત : તેઓ સૂર્ય પર આધાર રાખનારા છે. જયારે સૂર્ય ઊગે છે ત્યારે પ્રકાશ થાય છે અને જયારે સૂર્ય અસ્ત પામે છે ત્યારે અંધારું થાય છે.

સ્વામી : બહુ સારું, પ્રિય શિષ્ય, વિદ્યા અને અવિદ્યાનો આધાર ભગવાન પર છે. વિદ્યાનું બીજું નામ “ ચિત્ત” છે. જો તમે આવતે મહિને આવશો તો હું તમને એ બધા વિશે સવિસ્તાર સમજાવીશ. આજને માટે આ પૂરતું છે. જાઓ અને આવજો. જો એકી વખતે બધું ખાવામાં આવે તો તે પચાવાશે નહીં. તંદુરસ્તી બગડશે. અને આપણે જે સાંભળ્યું હોય, ખાધું હોય તેને પચાવતાં અને તદાકાર કરતાં સમય લાગે છે, તેથી મેં તમને એક માસના સમયનો ગાળો આપ્યો છે. જો તે સમયમર્યાદાની અંદર આ બધું પચાવાય અને આચરણમાં મૂકાય તો હું તમને બાકીનું ખુશીથી કહીશ. નહીં તો તે દિવસ કેવો હશે તેનો તમે તર્ક કરી શકો છો.

ભકત : નમસ્તે, હું ખરેખર આશીર્વાદ પામ્યો છું. જે સાંભળવામાં આવ્યું હોય અને જે ખાવામાં આવ્યું હોય તેને પચાવવાની શકિત તો માત્ર તમારે એકલાએ જ બક્ષવી જોઇએ. જો દરેક વસ્તુ પરમાત્માની છે તો આ એકલી અમારી શી રીતે હોઇ શકે? પરંતુ તમે આપેલ શકિત અને જ્ઞાનનો ઉપયોગ હું શકય તેટલે અંશે કંઈ પણ વેડફયા વિના કરીશ. તે ઉપરાંત મારું ભાવિ અને તમારી કૃપા છે. હું તમારી પરવાનગીથી રજા લઇશ.

સ્વામી : તમારો બોજો ભાવિ પર મૂકીને શાંત રહેવું એનો અર્થ પ્રયત્ન ઘટાડવો એવો થાય છે. પ્રયત્ન અને પ્રાર્થનાથી ભાવિ (પ્રારબ્ધ) મેળવી શકાય છે. પ્રયત્ન અને પ્રાર્થના વિના ભાવિ અને કૃપા પ્રાપ્ત કરી શકતાં નથી. પ્રયત્ન શરૂ કરો. પ્રિય શિષ્ય, જાઓ અને ખુશીથી પાછા આવજો.

## પ્રકરણ: ૪

સ્વામી : અરે! તમે આવ્યા છો! અત્યાર સુધી તમે આવ્યા છો કે નહીં તે હું જોતો હતો. હું જાણતો હતો કે તમે વખતસર આવનાર વ્યક્તિ છો. તમને જોઈને આનંદ થયો.

ભકત : સ્વામી, બીજી ગમે તે વસ્તુની હું ઉપેક્ષા કરું, પરંતુ તમારી આજ્ઞાની ઉપેક્ષા મારાથી થાય? ખરું કહું, તમને મળવા માટે દરેક માસની ૧૬ મી તારીખની હું રાહ જોતો રહું છું. કેવું વધારે મોટું સુખ હું પ્રાપ્ત કરી શકું છું? કેવો વધારે સારો ખોરાક હું લઇ શકું છું?

સ્વામી : ઘણું સારું! માનવીના સાચા રસ્તામાં આવાં શ્રદ્ધા અને ભક્તિ મહાન મદદરૂપ છે ક્ષણિક દુન્યવી ઉદ્યમો પૈકી નિષ્ફળ ઉદ્યમ કરવામાં ઊંઘ ગુમાવવી અને ખોરાકનો ત્યાગ કરવો તે કરતાં સાચું, અર્થપૂર્ણ અને પવિત્ર ધ્યેય પ્રાપ્ત કરવું એ કેવું વધારે સારું અને કેટલું વધારે આનંદાયક છે! તેને હાલ બાજુએ મૂકો. હવે તમારે શું જોઈએ છે, બોલો, જોઇએ?

ભકત : સ્વામી, ગયે મહિને તમે "ચિત્ત" વિષે કંઇક કહ્યું હતું. અને એમ કહ્યું હતું કે તમે આ મહિને તે વિષે વધારે સમજ આપશો. ત્યારથી તમારી પાસેથી તે વિષે વધુ જાણવાના હેતુથી હું પસાર થતા દિવસોની ગણતરી કરતો હતો. આખરે તે દિવસ આવ્યો છે. કૃપા કરી તે વિષે મને કહો.

સ્વામી : અત્યાર સુધી જે કંઈ કહેવાયું છે તે તમે સમજ્યા છો? સમજવાનો અર્થ એવો નથી કે માત્ર ભણી જવું કે ગોખી મારવું? મહાવરાથી અને અનુભવથી, વિચાર, વાણી અને વર્તનમાં (મનથી વાણીથી અને કર્મથી), તેમ જ પૂર્ણ સ્વસ્થતાથી તમે જગતનું સાચું લક્ષણ સમજ્યા છો કે તે (જગત) અવાસ્તવિક યા નામનું જ છે.

ભકત : માત્ર એ સમજથી જ બીજી પ્રવૃત્તિઓ અને ફરજોનો ત્યાગ કરીને મનુષ્ય સાઇ, પરમાત્માના વિચારોમાં ડૂબી શકે છે, ખરું ને સ્વામી? જો હું એટલું સમજ્યો ન હોત તો મેં મારી જાતને આ દુનિયાની વેદનાની ગુલામ બનાવવામાં આ મૂલ્યવાન સમય બરબાદ કર્યો હોત. આ પ્રમાણે સમજવું એ તમારી કૃપાનું ફળ છે. એમાં મારી મહેનત કંઇ નથી.

સ્વામી : બહુ સારું, પ્રિય શિષ્ય! જો ખેડૂતે વાવેલાં બીજ ઊગે નહીં અને પાક આપે નહીં તો ખેડૂત કેવો નિરાશ થાય! તે જ પ્રમાણે જો. હું સાચાં ડહાપણનાં જે બીજ વાવું છું તે સારા રોપા તરીકે ન ઉગે અને સારો પાક ન આપે તો મને પણ તેવી જ અસર થાય.બીજી બાજુએ, તેઓ સારી રીતે ઊગીને

આનંદરૂપી પાક આપવા ફળદ્રુપ બને તો મને કેટલો આનંદ થાય; એજ મારો ખોરાક છે. તમારે મારી જે સેવા કરવાની છે તે આ જ છે. આનાં કરતા વધારે ઉત્તમ બીજી કોઈ ચીજ નથી. તમારી ખાતર બોલાયેલા સારા અને સાચા શબ્દોને ફેંકી દીધા સિવાય તમે જો તેમનો અમલ કરો અને તેમાંથી આનંદ મેળવો તો તે આનંદનું તત્વ એ મારો ખોરાક છે. જો તમે આ પ્રમાણે મારા શબ્દો અનુસાર વર્તન કરો અને તેમને આચરણમાં મૂકો તો હું તમને વધારે કહીશ, પછી ભલે તમારે પૂછવાના પ્રશ્નોની સંખ્યા ગમે તેટલી હોય. જે કંઈ કહેવાયું હોય તેનો ઉપયોગ થયા વિના કિંમત બગાડવા દેવામાં આવે અને લોકો આવીને મને ફરી ફરીને બોલવાનું કહે તો પછી કહેવાનું શું હોય? જેમ તમે કરી રહ્યા છો તેમ બધા અમલ કરવા માંડે તો દુનિયાને કોઈ મુસીબત હશે નહીં અને અસત્યનાં દર્શન પણ થશે નહીં.

ભકત : સ્વામી, જેમ બીજી દરેક ચીજને માટે છે તેમ ઇશ્વરી(દૈવી) શબ્દોને અમલમાં મૂકવા માટે પણ પરમાત્માની કૃપા એ પાયાની જરૂરિયાત છે. તે વિના કંઇ પણ બની શકતું નથી. તે કૃપા, તમે કહ્યું તેમ, હંમેશાં હાજર હોય છે. જેમ સૂર્ય ધુમ્મસથી ઢંકાઇ જાય છે તેમ કૃપાદ્રષ્ટિને “હું અને મારું” ના અંધકારથી હરકત પહોંચે છે, પરંતુ “ હું અને મારું” પર અનુભવ અને શિસ્તથી વિજય મેળવી શકાય છે. તે કારણે આપણે જે સાંભળીએ અને અનુસરીએ તેનો અર્થ જો સારી રીતે સમજીએ તો તે ઘણું સહેલું છે. આ મારો અનુભવ છે. હું બીજાના અનુભવ વિષે જાણતો નથી.

સ્વામી : સત્ય સત્ય, તમે જે કહો છો તે ખરું છે. તમે તેને સારી રીતે સમજ્યા છો. અર્થને સમજયા વિના જો જુદા જુદા ખુલાસા આપવામાં આવે તો તેથી સત્યના અર્થનો અનર્થ થઈ જાય છે અને જો ખોટો અર્થ લગાવવામાં આવે તો તે સત્યને ખોટું પાડે છે; પરંતુ જો તે સ્પષ્ટપણે સમજાયું હોય તો તેનો મહાવરો રાખવાનું સહેલું બને છે. હવે આનો વિચાર કરો. શું બધા એકી વખતે અવસાન પામે છે? તે જ પ્રમાણે આ કે તે વ્યક્તિમાં ઉચ્ચમાં ઉચ્ચ (સર્વોચ્ચ) ડહાપણનો ઉદય જુદે જુદે સમયે થશે. જો તમે એક પછી એક ગાયન ગાતા રહો તો તમે સંગીત શીખો છો. એ જ રીતે જો હું બોલું અને બોલવાનું ચાલુ રાખું તો બધા સત્યને સમજશે. લોકો સમજતા ન હોય તે કારણે ચૂપ રહેવું એ મારો ધર્મ નથી. એવા લોકોને એક વખત, બે વખત અને જરૂર હોય તો તેથી વધારે વખત પણ સત્યની જાણ કરવી જ જોઈએ.

ભકત : સ્વામી, અમે લોખંડના ગઠ્ઠા જેવા છીએ, અને પરમાત્મા લોહચુંબક જેવો છે. બંનેને એકબીજા સાથે સંબંધ છે; પરંતુ લોખંડના ગઠ્ઠાનું પરમાત્માના હાથમાંની કોઇ ઉપયોગી વસ્તુમાં રૂપાંતર કરવું હોય તો તેને ચિંતારૂપી અગ્નિમાં ગરમ કરવો પડે છે અને વેદનારૂપી હથોડા વડે ટીપવો પડે છે, જેથી

તે તાબે થાય અને પ્રત્યુત્તર આપે. તેથી અમારા જેવા લોખંડના ગઠ્ઠાઓને હથિયારોનો આકાર આપવા માટે તમારે ઘણી તકલીફ ઉઠાવવી પડે છે. તમે કહ્યું છે કે તે જ તમારી ફરજ યા જીવનકાર્ય છે, હવે, તમે ગયે મહિને જેનો ઉલ્લેખ કરેલો તે " ચિત્ત" વિષે કૃપા કરી મને કહો.

સ્વામી હા, " ચિત્ત" ને પણ બીજું નામ છે " શુદ્ધ સત્વ" એટલે કે શુદ્ધ ચેતના. જેમ " વિદ્યા" " અવિદ્યા" થી ઊલટી છે તેમ " શુદ્ધ ચેતના" "અશુદ્ધ ચેતનાથી ઊલટી છે. જેટલે અંશે અંધકાર પ્રકાશમાં સ્વાભાવિક છે એટલે જ અંશે અશુદ્ધ ચેતના શુદ્ધ ચેતનામાં સ્વાભાવિક છે. પ્રિય શિષ્ય, ઘણા શબ્દો બોલાય છે તે કારણે ગૂંચવણમાં ન પડીશ! વિધા-અવિદ્યા, જ્ઞાન-અજ્ઞાન, શુદ્ધ સત્વ-મલિન સત્વ એ સઘળા શબ્દો એક જ વિચાર દર્શાવે છે; જુદા જુદા વિચારો નહીં. હું તમને બીજો પ્રશ્ન પૂછીશ. તમે "પ્રકૃતિ" નો વિરોધાર્થ શબ્દ સાંભળ્યો છે?

ભક્ત : મેં તે શબ્દ સાંભળ્યો છે. જયારે મેં વ્યાકરણનો અભ્યાસ કર્યો ત્યારે હું શીખ્યો હતો કે " પ્રકૃતિનો વિરોધાર્થ" વિકૃતિ " છે

સ્વામી : વિકૃતિનો અર્થ શો થાય છે?

ભક્ત : વિકૃતિનો અર્થવિકાર, ફેરફાર, બદલાયેલું સ્વરૂપ ... બીજા ઉપરથી બનેલું યા સાધિત રૂપ એવો થાય છે. અગ્નિ મૂળ શબ્દ છે અગ્નિ તેના પરથી બનેલો શબ્દ છે. વળી તે જ પ્રમાણે"જમ" "યમ " પરથી બનેલો શબ્દ છે. "જન્ન" પરથી બનેલો શબ્દ છે વગેરે.

સ્વામી : તે જ પ્રમાણે પરમાત્માની પ્રકૃતિ" વિદ્યા " કહેવાય છે અને તેના પરથી બનેલું અથવા તેનાથી ઊતરતું રૂપ અથવા વિકૃતિ "અવિદ્યા" કહેવાય છે. "વિદ્યા" અથવા "શુદ્ધ સ્તવ" નુંઊતરતું રૂપ. "અવિદ્યા" અથવા "મલિન સ્તવ" છે.

ભકત : તે કેવી રીતે છે, સ્વામી? " વિદ્યા" પરમાત્મામાં પ્રકાશિત છે અને " અવિધા" માત્ર વિદ્યાને કારણે જ નજરે પડતી હોય છે કહેવાનો મતલબ એ છે કે બ્રહ્માંડની રચનાઓ સર્વસામાન્ય સિદ્ધાંત પરમાત્મામાં છે અને આ સર્વસામાન્ય સિદ્ધાંત પોતે વ્યકિતથી જુદી વ્યક્તિ તરીકે દેખાય છે. (નામ રૂપનાં બાહ્ય લક્ષણોથી વ્યકિતઓને દેખાવ ઉત્પન્ન થાય છે.) આ અજ્ઞાનની શકિતની અવિદ્યાશક્તિ પણ જુદું ન પાડી શકાય એવા અસ્તિત્વ તરીકે દેખાય છે. કારણકે પરમાત્મા એકમાત્ર અસ્તિત્વ છે, તેથી તે એક માત્ર અસ્તિત્વ સર્વસામાન્ય અને ખાસ, સમગ્ર તેમ જ નજરે પડતા ભાગોનો આધાર અથવા પાયો છે. આ તમારો અર્થ છે. સ્વામી, શું એ નહીં?

સ્વામી : તે જ કારણે પરમાત્મા " સત્ય" અને " બ્રહ્મ" ગણાય છે. આ "સત્ય" અખંડ અને અવિભાજય છે. તે "અદ્વૈત" -દ્વૈત વિનાનું છે. તે "અનંત" અંત વિનાનું છે. ઉપનિષદોમાં આ અપ્રકટ માયાશક્તિ સાથેનું સત્યપૂર્ણ; ઇદમ્ કહેવાય છે. આ ઉપનિષદના પૂર્ણમદહ્ પૂર્ણમિદમ્ ... મંત્રનું રહસ્ય (ગૂઢાર્થ) છે.

ભકત : અરે! કેવું સુંદર શિક્ષણ! એ છાલ ઉતારેલું અને ખાવા માટે તૈયાર ફળ હાથમાં આપવા જેવું છે! આ પ્રકટ થયેલા સમગ્ર જગત અથવા પૂર્ણ અપ્રકટ અવિભાજય સત્યના "પૂર્ણ"માંથી ઉત્પન્ન થયું છે, એ વિષે તમે બોલ્યા, શું એમ નથી?

સ્વામી : એને જ કારણે આપણે વસુદેવસ્સર્વમિદમ્, સર્વમ્ ખલવિદમ્ બ્રહ્મ વગેરે કહીએ છીએ. "વસુદેવ" "બ્રહ્મ", એ જુદા શબ્દો છે. પરંતુ તેમના અર્થમાં બિલકુલ ફેર નથી, તમે સમજયા?

ભકત : સ્વામી, એ બધું અમૃત જેવું છે, પરંતુ હું કોણ છું. તે તમે મને હજી સુધી કહ્યું નથી.

સ્વામી : હાલમાં આટલું પૂરતું છે આવતે મહિને સ્પષ્ટ ઉદાહરણો દ્વારા હું તમારા સઘળા સંદેહોનો ઉકેલ કરીશ. તમને જે કહેવામાં આવ્યું છે તેને સારી રીતે સમજો. તેને ભૂલશો નહીં, બાજુએ મૂકશો નહીં. તેના પર ચિંતન કરો. હવે તમને રજા છે.

## પ્રકરણ: ૫

સ્વામી : ઠીક, પ્રિય શિષ્ય, તમે આવ્યા છો તેથી હું ખુશ થયો છું. ગઇ વખતે મેં આપેલા ઉત્તરોનું તમે ચિંતન કરી રહ્યા છો? અને જે કહેવામાં આવ્યું છે તેનો દ્રઢ ખાતરીપૂર્વક અમલ કરી રહ્યા છો? તેમાંથી તમે આનંદ પ્રાપ્ત કરી રહ્યા છો?

ભકત : સ્વામી, મારા જેવો કોઇ પણ ભક્ત તમારા અમૃત જેવા શબ્દોને વેડફાઇ જવા દેશે ખરો? સાચો આનંદ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતો કોઇ પણ માણસ તમે કૃપાથી બક્ષેલા અમૃતમય શબ્દોને ફેંકી દેશે નહીં. હું બીજાઓ વિષે જાણતો નથી પરંતુ હું તમારા ઉત્તરો પર રાત દિવસ ચિંતન કરી રહ્યો છું અને હિંમત અને ખાતરીપૂર્વક તેમનો અમલ કરી રહ્યો છું. હું આખો વખત જાગૃત છું અને તમને મળવાની તકની રાહ જઇ રહ્યો હતો.

સ્વામી : ભક્તોએ આવી જાગૃતિ કેળવવી જોઇએ. પોતે દુનિયાની અસાર અને તુચ્છ મૂર્ખતાઓને વળગી રહેવું અને તેમની પાછળ દોડવું અને જ્યારે તેઓ હાથમાંથી સરકી જાય ત્યારે ચિંતા કરવી અથવા જ્યારે તે સિદ્ધ થાય (પ્રાપ્ત થાય) ત્યારે આનંદમાં આવી જઇ કૂદવું, આ બધું અવિદ્યા માયા છે; પરંતુ પરમાત્માના શબ્દો સાંભળીને તેનો સાર મનમાં ઉતરવાની તક માટે દિવસો ગણવા, તક માટે થોભવું; જાગૃત રહેવું એ વિદ્યામાયા છે. જો ભક્તો આ વિદ્યામાયામાં  પડે તો તેઓ કોઈ ને કોઈ દિવસે અચૂક સિદ્ધિ પ્રાપ્ત કરશે. આ વિદ્યામાયાએ તમને જ્ઞાન આપ્યું છે તે કારણે તમે ભાગ્યશાળી છો. પરમાત્માના વિચારોમાં મસ્ત રહેવાની આદત વિકસાવો; તેને છોડી ન દો અથવા કોઇ પણ કારણે, કોઇ પણ અંશે તેને ઓછી થવા ન દો તમે અચૂક પવિત્ર બનશો, સિદ્ધતાએ પહોંચશો અને તમારું લક્ષ્ય પ્રાપ્ત કરશો.

ભકત : સ્વામી, ગયે મહિને તમે મને “હું” “ કોણ” છું તે સમજાવશો એમ કહેલું. જો તેને સમજું તો હું મારી થોડીક ભ્રાંતિ છે તેમાંથી મુક્ત થઇ શકું અને સહેજ પણ સંદેહ વિના તમારું ચિંતન કરીને પરમ સુખમય બનું. એ કરતાં વધારે મોટું ભાગ્ય હું કયું મેળવી શકું?

સ્વામી : ઠીક, પ્રિય શિષ્ય, હું (અહમ્) ની ખરી પ્રકૃતિ વિષે બોલવું ઘણું સહેલું છે;  પરંતુ જયાં સુધી એનો અનુભવ કરવામાં ન આવે ત્યાં સુધી પૂર્ણ સંતોષ અશક્ય છે. મારે તમને મારા સંતોષ મુજબ કહેવાને અને તમારે તેનો પૂર્ણ અર્થ ગ્રહણ કરવાને માટે થોડા સમયની જરૂર છે. આ મહિને દિવસના ઠરાવેલા કલાકો પણ મારે માટે પૂરતા નથી! આમ હોવા છતાં હું સઘળો વખત માત્ર ભકતોના આનંદ

માટે વાપરી રહ્યો છું; મારી પાસે મારું પોતાનું કંઈ નથી. મારો સ્વાર્થી હેતુ મારા ભકતોને ઉપયોગી થવાનો છે. ગયા મહિના દરમિયાન હું નેલોર, ગુડુર, વેન્કટગીરી અને આજુબાજુનાં ગામડાંમાં ગયો હતો. ત્યાર પછી હું બેંગલોર ગયો અને પાછો આવ્યો. જે કંઈ થોડો સમય મળતો હતો તે મેં; "પ્રેમવાહિની" માટે વાપર્યો! આ મહિને મેં હૈદ્રાબાદ, રાજમુન્દ્રી, સમલકોટ, ચેબ્રોલુ, નઝવીદ વગેરેની મુલાકાત લીધી, તેથી ફુરસદનો વખત નથી. આવતે મહિને "તમે કોણ છો? એ વિષે હું તમને પૂર્ણ સંતોષ થાય એ રીતે કહીશ. હાલમાં તમે આ લોકનૃત્યની ઢબના ગીતનો અર્થ સમજવાનો પ્રયત્ન કરો; એથી તમે કોણ છો તે મહદ્ અંશે સમજશો કે આ દ્વારા તમે મહદ્ અંશે વૈરાગ્ય પ્રાપ્ત કરશો. પછીથી મારે જે કંઈ કહેવાનું છે તેનો અર્થ તમે વધારે સ્પષ્ટતાથી અને વધુ સહેલાઇથી સમજશો. તમે આ ગીત વાંચો એટલુંજ નહીં, પરંતુ એના દરેક શબ્દના અર્થ પર સારી રીતે વિચાર કરો. આ ગીત ખરેખર તમારું મગજ ફેરવશે!

ભક્ત : બહુ સારું, મને તે આપો હું મારી ઇચ્છાને સંતોષીશ; હું અમૃત પીશ અને તેને પચાવીશ.

સ્વામી : ધ્યાનપૂર્વક સાંભળો.

(૧) આ પૂતળીના થૈ! થૈ! થૈ! થૈ! થૈ! નાચનો તમાશો જુઓ. અરે જીવ, તેના ભૂત, ભવિષ્ય, આગળ અને પાછળની લાંબી લાંબી વાર્તા સાંભળ.

(૨) તે પ્રથમ અંધારી કોટડી સમા માતાના ગર્ભાશયમાં ગુલાટ ખાતી હતી. તે ડૂસકાં ખાઈ રડતી રડતી બહાર આવી પરંતુ તેની ફરતે લોકોએ આનંદમાં મંદ હાસ્ય કર્યું અને જાફતોની પરંપરા ચલાવી.

(૩) પૂતળીએ જાણ્યું કે તે ફરીથી જન્મી છે એ કરૂણતા છે અને તે લાંબા વખત સુધી મોટેથી રડી; પરંતુ આખો વખત લોકોએ તેને રમાડી અને હાસ્ય ઉત્પન્ન કરવા માટે હાસ્ય કર્યું

(૪) તેણે પોતાના જ ગંદવાડમાં શરમના ભાન વિના આનંદથી ગુલાટ ખાધી. છોકરવાદી (મૂર્ખતા) નો નાટક યા ખેલ ભજવતાં તે દરરોજ પગલે પગલે ઉઠી અને પડી.

(૫) તે ગોઠીઆઓનાં ટોળાંની સાથે દોડે છે, છલાંગ મારે છે, સેંકડો યુક્તિ અથવા દાવપેચ અને વ્યાપાર શીખે છે; તે પ્રતિવર્ષે ઘણી જ ઝડપથી ઊંચી, જાડી અને વિશાળ થઇને સુંદર બને છે.

(૬) તે ગુલાબી ઇન્દ્રધનુષ્યની છટાથી જોડીઓમાં લાડમાં ફરે છે. તે અગાઉ નહીં સાંભળવામાં આવેલા સુરોમાં ગાય છે અને અપૂર્વ અને વિચિત્ર પ્યાલો ગટગટાવે છે.

(૭) બ્રહ્મા આ પૂતળીઓની જોડીઓને લાખોની સંખ્યામાં બનાવે છે; પરંતુ આ આપણી પૂતળી જયારે થીમ, થીમ , થીમ કરતી પૂતળીઓ સાથે રમે છે ત્યારે તે જાણતી નથી.

(૮) માયાની પૂતળીને પવિત્ર આખલાની માફક નાકના છિદ્રમાં "તમસ " રૂપી દોરી હોય છે; એની પાસે કામ અને ક્રોધ રૂપી બે વીંછી જેવા ચાબકાઓ છે; તે (માયાના) ગુલામ પીઠને કાયમ ફટકારતા છે.

(૯) જયારે બીજા તેની સામે નીચા વળીને ધ્રૂજતા હોય છે ત્યારે તે આનંદથી ટકટક જોયા કરે છે; પરંતુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કષ્ટ પણ તે ભોગવતી નથી.

(૧૦) તે પ્રતિજ્ઞા કરે છે, બૂમ મારે છે, તેના હાથ હલાવે છે અને લોહી જેવી લાલ આંખો દેખાડી ક્રોધ વ્યક્ત કરે છે. તે ખરેખર સેતાની ગુસ્સાની અસરવાળો અદ્ભૂત દેખાવ છે.

(૧૧) તે ચોકસાઇથી તપાસે છે, જોડણી કરે છે, નકામું લખાણ ચિતરી કાઢે છે, સખત અભ્યાસ કરે છે, પરંતુ તેનું કારણ તે જાણતી નથી. પેટને ખાતર રાજીખુશીથી કે નારાજીથી કાપણી પછી છૂટાછવાયા વેરાયેલા દાણા પરાળમાંથી એકઠા કરવાના પ્રયત્નમાં તે ભયભીત દશામાં દોડાદોડ કરે છે.

(૧૨) અરે, તમે એના સંગ્રહમાં પુષ્કળ પુસ્તકોવાળી આ વિચિત્ર નાની પૂતળીને જયારે કોઇ વિદ્વાન પૂતળી એનો સામનો કરે ત્યારે તાજી અદેખાઇથી વળાંક લેતી અને મરડાતી જોઈ?

(૧૩) અને જયારે તેની શરમજનક વિષયલાલસા અને છુપાઈ રહેલી દુષ્ટ લોભી ભાવના પાપ દ્વારા સંતોષાય છે, ત્યારે તેની છુપી વાત સાંભળવી જોઇએ.

(૧૪) તે પોતાની સુંદરતા, બળવાનપણું અને જીવનશક્તિને માટે મગરૂરીથી પોતાની પીઠને થાબડે છે! પરંતુ તે વેળા તે આખો વખત ડગલે ને પગલે વૃદ્ધાવસ્થા તરફ ધસતી જતી હોય છે.

(૧૫) તે ધ્રૂજે છે અને ચામડીની કરચલીઓ અને ઘડીઓમાં થઇને આંખ મીંચમણાં કરે છે. જયારે બાળકો “ઘરડો વાનર" "ઘરડો વાનર” કહી બૂમ મારે છે ત્યારે તે મોં પહોળું કરીને વિના દાંતે દાંતીઓ કરે છે. તેના હાડકાં પણ ખખડે છે.

(૧૬) અંત સુધી તે ભયમાં, ઘસારામાં અને દિલગીરી યુક્ત ઝઘડાઓમાં ડૂબેલી રહે છે ! અરે, પૂતળી તારું મોં ફાડવું અને દુઃખનો અવાજ કરવો એ શા ખપનાં છે ? તારી જરૂરિયાતનું મુત્યું થવું જોઇએ.

(૧૭) અરે, પ્રાણપક્ષી પાંખ હલાવે છે અને ચામડાંના પાંજરામાંથી ફરરર કરતું બહાર ઊડી જાય છે. ખાલી પાંજરૂં તંગ થાય છે. અને સીધું થાય છે. તે સૂજી જાય અને સોસાઇ જાય છે. અરે, તેને દ્રષ્ટિમાંથી બહાર કાઢો.

(૧૮) તત્વો તેમનાં પાંચ માબાપો (પંચમહાભૂતો) સાથે મળી જાય છે.પૂતળીની ઇચ્છાઓ ધૂળ અને ખાખમાં મળી જાય છે. અરે મૂર્ખાઓ, જયારે તમારામાંનો એક ખીચોખીચ વસ્તીવાળા તેના મુકામ પર પડે છે ત્યારે તમે શા માટે રડો છો?

(૧૯) કાકાઓ, પિત્રાઇ ભાઇઓ અને મિત્રો ઓરડાનાં બારણાં સુધી જ શોક કરતાં ચાલે છે, અફસોસ, માયાપૂતળી લોહીની સગાઇ ભૂલી ગઇ, પરમાત્માનું નામ સાચું ઉદ્ધારક છે.

(૨૦) અરે જીવ, આ નાજુક બરુના આશ્રયે વળગી ન રહે. એક છીંક ખાતામાં આ નાશવંત ચામડીની નવ ગાબડાંવાળી નૌકા તને વહેણની મધ્યમાં ખોસી દેશે (ડુબાડી દેશે.)

(૨૧) જયારે અદ્રશ્ય હાથથી દોરી ખેંચાય છે ત્યારે આ પૂતળી રડે છે, તે ઊંઘે છે અને જાગે છે. એ બધાંની પાછળ તો પરમાત્મા ખડા હોય છે, પરંતુ પૂતળી પોતે જ એ બધું કરતી હોવાનું અભિમાન કરે છે.

(૨ ૨) ધર્મ કર્મરૂપી મજબૂત દોરીને પરમાત્મા તંગ અગર ઢીલી કરે છે. તેનું જ્ઞાન ન હોવાથી પૂતળી તેને પાટિયાં પરની રમત સમજીને ગર્વથી બડાઇ મારે છે.

(૨૩) આ ડોળડમાકથી ચાલતી પૂતળી દુનિયાને સ્થાયી માને છે; પરંતુ આંખના એક પલકારામાં પરમાત્મા તમાશો સંકેલી લે છે અને એનાં દમામ અને અભિમાન ઓગળી જાય છે.

(૨૪) અરે જીવ, તું કીડી, સર્પ અને પક્ષી યોનિઓમાં થઇને પસાર થયો છે, માટે ઢીલ કર્યા વિના ખોજ કરીને કાયમના સ્વર્ગ સુખનો રસ્તો શોધી કાઢ.

(૨૫) તારા ભાગ્યને આશીર્વાદ દે ! તું હવે સાઇ કૃષ્ણને જોઇ શકે છે, તેઓ આવ્યા છે ! તેમની સાથે સગાઇ બાંધ એટલે તને તારા અંગેનું શુ ? શા કારણે ? શી રીતે ? વગેરેનું જ્ઞાન થશે.

(૨૬) ઘણા હોશીયારીભર્યા અને સુંદર લાખો શબ્દો તારી ભૂખને સંતોષી શકે નહીં. તેને બદલે આત્મદીપ સળગાવ (પ્રગટાવ) અને બંધનથી મુકત થઇને બહાર દોડી આવ અને રમ.

(૨૭) આ પૂતળી વિષેની વાત કહેનાર ગીત જીવને દિલગીર અને ડાહ્યો બનાવે છે ! તે હું જાણું છું; પરંતુ હે જીવ, સત્ય સાઇ ની ભવ્ય લીલાને જો અને તારી જાતને ઓળખ.

ભકત : અરે ! સમજયો ! હું સ્પષ્ટપણે સમજયો છું. “હું” એ શરીર, બુદ્ધિ, મનસ અથવા ચિત્ત પૈકીનું એકે ય નથી. જો હું આમાંનો કોઇ નથી તો“હું” માત્ર આત્મા જ હોવો જોઇએ અને જો “હું ” આત્મા છું. તો “હું” પરમાત્મા છું અને એવી રીતે દરેક વસ્તુ પરમાત્મા છે. આ સઘળું હું સમજયો છું. અજ્ઞાનને લીધે “હું” આ શરીર અને બુદ્ધિ છું, આ દેહ અને બુદ્ધિ છું એમ માનીને આપણે આ બધાં દુઃખ અનુભવીએ છીએ. સત્ય છે તમે જે સઘળું કહ્યું તેમાં થઇને અમે હાલમાં દોરામાં પરોવેલ મણકાની માફક એક પછી એક પસાર થઇ રહ્યા છીએ. અરે ! કેવું સત્ય ! સ્વામી, આ એક ગીત ધ્યાનપૂર્વક સાંભળવું પૂરતું છે. તમે કહ્યું તે મુજબ એથી બુદ્ધિ વૈરાગ્યમાં પરિવર્તિત થાય છે. જયારે તમે પ્રથમ કહ્યું કે તમારી પાસે ફાજલ પાડવા જેટલો સમય ન હતો ત્યારે હું ઘણો નિરાશ થઇ ગયો હતો, પરંતુ તે મારા અજ્ઞાનને લીધે હતું જો કે હું જાણતો હતો કે અમારા સ્વામી કોઇ પણ વ્યકિતને કદી નિરાશ કરશે નહિ કે હેરાન કરશે નહિ. મને લાગે છે કે મેં જેટલો આનંદ મેળવવા ધાર્યો હતો તેના કરતા પણ હાલ તમે વધારે આનંદ મને આપ્યો છે. તમારી દયાનું વર્ણન કેવી રીતે થઇ શકે ? લોકો તમારે માટે કહે છે : “આંસુના એક જ બિંદુથી સાઇબાબા પીગળી જશે.” તેઓ એમ પણ કહે છે કે અમને સહન કરતા જોવાનું તમે કદી સહી શકતા નથી; એ આ બધાંનો પુરાવો છે. હવે હું રજા લઉ ?

સ્વામી : બહું સારું. જાઓ પાછા આવજો. મને પણ ફુરસદનો સમય નથી. મારે જેઓ પોતાને સ્થાને જઇ રહ્યા છે તેમને જોવાનો અને મોકલવાના છે.

## પ્રકરણ : ૬

ભક્ત : નમસ્તે, સ્વામી !

સ્વામી : શુભમસ્તુ.

ભક્ત : તમારી કૃપાથી દરેક વસ્તુ શુભ છે; તે વિના દરેક વસ્તુ અશુભ છે,

સ્વામી : સારું, પણ આ બંને કૃપા પર કેવી રીતે આધારિત છે તે તમે સમજયા છો ? બંને એકમાં રહેલાં છે, બંને એક જ કૃપાદષ્ટિથી બક્ષાયેલાં છે, તે વિષયને બાજુએ રહેવા દો. ગયે વખતે તમને એક લોકગીત પચાવવાને મળ્યું હતું. અને તેણે તમારા વિચારોને ઊંડી અસર કરી જ હોવી જોઇએ. હવે તમારું મગજ સ્વસ્થતાની કઇ ભૂમિકા પર છે ?

ભક્ત : અરે સ્વામી , હવે દરેક વસ્તુ પૂતળાંની રમત જેવી લાગે છે; પરંતુ કોઇ ક વખત મગજ એ ભૂલી જાય છે અને વસ્તુની મોહનીમાં ફસાઇ જાય છે. સ્વામી, એ ભેદ (રહસ્ય) શું છે ?

સ્વામી : મન સઘળી જાતની પ્રવૃત્તિઓ અને વૃત્તિઓ સાથે સોબત રાખતું હોય છે, તે હંમેશા વાસનાને પગલે અથવા ઉત્તેજના અને પ્રેરણાને પગલે ચાલે છે, આ એનો સ્વભાવ છે.

ભકત : એનો અર્થ એમ થાય કે આપણે તેને સુધારી શકતા નથી. ત્યારે આશા શી છે? સ્વામી, છેવટે શું આપણે વાસનામાં ડૂબી જવાનું અને નીચી પાયરીએ (કક્ષાએ) ઊતરવાનું છે ?

સ્વામી : પ્રિય શિષ્ય, તેમાં આશા છે! ડૂબી જવાની અને નાશ પામવાની જરૂર નથી. જો કે તે તેનો સ્વભાવ છે, પરંતુ તેમાં પરિવર્તન કરી શકાય છે. કોલસો જેમની સાથે ભળે તે બધાને કાળા કરવાનો તેનો સ્વભાવ છે, પરંતુ તમારે તેને અંતિમ ગણવો ન જોઇએ.

જયારે તેમાં અગ્નિ પ્રવેશે છે ત્યારે કોલસો લાલ થઇ જાય છે. તે જ પ્રમાણે મન હમેશાં અંધકારના મોહમાં ભટક્યા કરે છે, તો પણ જ્યારે પરમાત્માની કૃપાથી જ્ઞાનરૂપી અગ્નિ તેમાં પ્રવેશે છે ત્યારે તેનો સ્વભાવ બદલાઇને ઇશ્વરી સાત્ત્વિક સ્વભાવ આવે છે.

ભકત : સ્વામી, લોકો અંત: કરણ નામની કોઇ વસ્તુની વાત કરે છે, તે અંતઃકરણ શું છે?

સ્વામી : મનને એમ કહેવામાં આવે છે. કરણનો અર્થ ઇન્દ્રિય થાય છે. અંતઃકરણનો અર્થ આંતરિક ઇન્દ્રિય થાય છે.

ભકત : તોશું ઇન્દ્રિયોના આંતરિક ઇન્દ્રિયો અને બાહેંદ્રિયો એવા બે પ્રકાર છે?

સ્વામી : અલબત્ત, તેમના બે પ્રકાર છે. બાહ્યેન્દ્રિયો કર્મન્દ્રિયોકહેવાય છે અને આંતરિક ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે.

ભકત : સ્વામી , કર્મેન્દ્રિયો કઈ? અને જ્ઞાનેન્દ્રિયો કઈ? તે મહેરબાની કરીને મને સમજાવો.

સ્વામી : ઠીક, સાંભળો. શરીરથી જે ક્રિયાઓ થાય છે તે કર્મેન્દ્રિયો કરે છે. તેઓ પાંચ છે. જે ઇન્દ્રિયો અંદરથી જ્ઞાન આપે છે તે જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. તે શ્રવણ કરવાની, સ્પર્શ કરવાની, જોવાની, સ્વાદની અને સૂંધવાની (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની) ઇન્દ્રિયો છે. આ બંને પ્રકારની ઇન્દ્રિયો ભેગી મળીને શું કાર્ય કરે છે?

સ્વામી : ખરેખર, તેઓ જે કંઇ કાર્ય કરે છે તે મન (મનસ) ની મધ્યસ્થી વિના સાધી શકતી નથી. કર્મેન્દ્રિયો દુનિયામાં કાર્યો કરે છે અને જ્ઞાન સંપાદન કરે છે. જ્ઞાનેન્દ્રિયો સારા બૂરાની પરખ કરે છે અને તેમને મન દ્વારા અર્પણ કરે છે. જો મન બિલકુલ હોય જ નહીં તો તેઓ તેમને આત્મા તરફ કેવી રીતે પહોંચાડી શકે? જયારે આપણે પૂરથી ભરપૂર નદીના બીજા કિનારે જવું હોય ત્યારે આપણે નૌકા અથવાતરાપારૂપી સાધન પર આધાર રાખીએ છીએ. જયારે પ્રકૃત્તિ સાથેના સંબંધવાળી કર્મેન્દ્રિયો આત્માને પહોંચવાની ઇચ્છા કરે ત્યારે તેઓએ મનરૂપી નૌકાની મદદ સ્વીકારવી પડે છે. નહીં તો તેઓ પહોંચી શકતા નથી.

ભકત : જો એમ હોય તો આ જે બીજી વસ્તુઓ વિષે તમે બોલ્યા તે વસ્તુઓ જેવી કે બુદ્ધિ, ચિત્ત અને અહંકાર વગેરે ક્યાં રહે છે?

સ્વામી : તેઓ માત્ર આમાંજ છે. જ્ઞાનેન્દ્રિયો બંને સાથે મળીને દસેન્દ્રિયો કહેવાય છે. આમાંની ચાર જુદી પાડીને તેઓ અંત: ચતુષ્ટય અથવા ચાર આંતરિક ઇન્દ્રિયો કહેવાય. તે ચાર ઇન્દ્રિયો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છે.

ભકત : ઘણું સારું, કહેવાનો મતલબ એ કે એ સઘળાં એક જ વસ્તુમાં છે. જિંદગી ખરેખર રમૂજી છે, પરંતુ સ્વામી, આ ચાર ઈન્દ્રિયોનું કાર્ય શું છે?

સ્વામી : મન વસ્તુને સમજે છે, બુદ્ધિ તરફેણની અને વિરૂદ્ધની દલીલો તપાસે છે; ચિત્ત આ સાધનો દ્વારા વસ્તુને સમજે છે; અહંકાર તરફેણ અગર વિરુદ્ધનો નિર્ણય બદલે છે અને આસક્તિથી જ્ઞાનની પકડને ઢીલી કરે છે તેઓ આ વસ્તુઓ કરે છે.

ભકત : સ્વામી, મને માફ કરજો. હું માત્ર જાણવા ખાતર જ પૂછું છું. આ બધાં શરીરમાં કયાં હસ્તી ધરાવે છે?

સ્વામી : હું ખુશ છું, ચિંતા કરશો નહીં. મન મગજના ઘૂંમટમાં છે, બુદ્ધિ જીભમાં છે, ચિત્ત નાભિ (ડુંટી) માં છે અને અહંકાર હૃદયમાં છે.

ભકત : ઉત્તમ. આ મુજબ તો બુદ્ધિ અને અહંકાર સૌથી અગત્યનાં સ્થાનોમાં છે! આ દુનિયાનાં સઘળાં દુઃખનાં મુખ્ય કારણ આ બે સ્થાનો છે; તો પછી તમારા શબ્દોના સંદર્ભમાં આપણે તપાસી જોઇએ તો એવું દેખાય છે કે આ બે સ્થાનોને પવિત્ર બનાવવામાં આવે તો કોઇપણ દુઃખનું અસ્તિત્વ રહેશે નહીં.

સ્વામી : ખરેખર તમે મને લક્ષપૂર્વક સાંભળ્યો છે. હા, તમે કહ્યું તે ખરું છે; પ્રથમ જો શબ્દોનો સ્વચ્છ અને પવિત્ર રીતે ઉપયોગ કરવામાં આવે તો તે બુદ્ધિ સાચે માર્ગે જઈ રહી હોવાનો પુરાવો છે. જો અહંકાર દબાવી દઈને તેના પર જીત મેળવવામાં આવે તો તે હૃદય નિર્મળ (પવિત્ર) હોવાનો પુરાવો છે, તેથી આ બેના સંબંધમાં ઘણી જ કાળજી રાખો. એટલે પછી તમારાં મન અને ચિત્ત સારી વૃત્તિઓ ધારણ કરશે. ત્યારે જ તમે દુઃખ અને દર્દથી મુકત થશો ત્યારે તમને દુઃખ અને દર્દ થશે.

ભક્ત : તો આ બધાંમાં "હું" કોણ છે? આ બધાંનો અનુભવ કરનાર કોણ છે?

સ્વામી : આપણે સાચા મુદ્દા ઉપર આવ્યા છીએ. આ બધાંમાંથી “હું” કોઇ જ નથી! માત્ર જ્યાં સુધી "આ શરીર મારું છે ” એવી લાગણીનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ એ બધાંનું અસ્તિત્વ હોય. તેઓ બધાં કેટલીક પ્રવૃત્તિઓ અથવા વૃત્તિઓની સાથે સંબંધ ધરાવતાં હોય છે. જે આ બધી વૃત્તિઓને નિહાળે છે તે "તમે" છો. આ પ્રવૃત્તિઓના આનંદ અને દિલગીરી, હાનિ અને દુઃખ, સારું અને બૂરું એ બધાં માત્ર શરીર સાથે સગપણ ધરાવે છે આને તેથી તેઓ "તમારા" નથી, તે તમારાં થશે નહીં. તમે આત્મા છો. જ્યાં સુધી આ સત્ય સમજાય નહીં ત્યાં સુધી તમે "હું" અને “ મારું” ના ખ્યાલે ઊંઘતા રહો છો. તે ઊંઘમાં હાનિ, દુઃખ, દિલગીરી અને આનંદમાં સ્વપ્નો દેખાય છે. માત્ર તમે જાગૃત નહીં થાઓ ત્યાં સુધી જ આ સ્વપ્નો હઠીલાઇથી તમારો પીછો છોડતાં નથી, પરંતુ જાગૃત થઇ ગયા પછી તમે સ્વપ્નવસ્થામાં જે ભય સેવતા હતા તે અને જે દિલગીરી અનુભવતા હતા તે અદ્રશ્ય થઈ જાય છે અને

જરાયે વધુ વખત સાચા લાગતા નથી. એ જ પ્રમાણે જ્યારે તમે જ્ઞાનથી જાગૃત થાઓ અને તમારા મોહ યા ભ્રાંતિને ફેંકી દો તો તમને સમજાશે કે “તમે” આ બધું નહીં પણ તમે ” આત્મા છો.

ભકત : સ્વામી, તો પછી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ બધું કામ કોને ખાતર કરે છે?

સ્વામી : કોઈને ખાતર નહીં. તેઓ તેમના પોતાનાં કામમાં રોકાયેલાં હોય છે! આત્મા દરેક વસ્તુ નિહાળે છે. (દરેક વસ્તુના દ્રષ્ટા તરીકે રહે છે) અને તેના પડછાયારૂપ જીવ જે દેહ -ભાનની સોબતથી ભ્રમિત થયો હોય છે તે આ બધાં કૃત્યો દ્વારા આ નાટક ભજવે છે.

## પ્રકરણ: ૭

ભકત : અભિનંદન, સ્વામી!

સ્વામી : અરે! તમે આવ્યા છો? તમે દશેરા માટે નથી આવ્યા?

ભક્ત : મેં વિચાર્યું હતું કે તે વખતે ભક્તોની સંખ્યા મોટી હશે અને તે કારણે મારા હૃદયના સંતોષ મુજબ હું તમારી સાથે વાતચીત કરી શકીશ નહીં એવો મને ભય લાગ્યો; તેથી હું હાલમાં તમારા જન્મદિના થોડા દિવસ પહેલાં આવ્યો, કે જેથી કરીને તમારા આશીર્વાદથી હું તમારા અવતારની ઉજવણીના મંગળ દિને તમે શીખવો તે આદર્શ સમજી શકું અને મારા હૃદયમાં ભક્તિ અને જ્ઞાનનો ઉદ્ભવ મેળવી શકું.

સ્વામી : બહુ સારું! તમારો ઇરાદો બહુ સારો છે, પરંતુ તમે એમ કહેવા માગો છો કે મારા જન્મદિન સિવાયના બીજા દિવસે તમારામાં ભક્તિ અને જ્ઞાનનો ઉદ્ભવ નહીં થાય? શું તમારો એવો ખ્યાલ છે?

ભકત : ના, ના, એવું નથી તમે મંગળ દિવસે, પવિત્ર પળે અને મંગળ સ્વરૂપે આ દુનિયામાં પધાર્યા, શું એમ નથી? મારો ખ્યાલ છે કે ઓછામાં ઓછું આવા મંગળ દિવસે હું મારા હૃદયમાં તમારા પવિત્ર શબ્દોની સ્થાપના કરીને હૃદયને પવિત્ર કરી શકું. દિવસ પવિત્ર છે અને પળ શુભ છે.

સ્વામી : સુંદર! આજે તમને શું સંદેહ છે?

ભકત : સ્વામી, તમારા પવિત્ર શબ્દો સાંભળીને તેને આચરણમાં ઉતારવાનો નિશ્ચય કરીને આજે હું આવ્યો છું. કહેવત છે કે " જો તમે કાશી જાઓ તો પણ તમે શનીશ્વરને તમારી બાજુમાં રાખો છો!" તેથી આજે હું આવ્યો ત્યારે સંદેહરૂપી રાક્ષસને મારી સાથે લાવ્યો નથી. એ બધું તમારી કૃપાને આભારી છે.

સ્વામી : બહુ સારું. સમજી લો કે જયારે આ સંદેહો આવતા આપોઆપ બંધ થાય અને તમે તેને મનમાં ન રાખો ત્યારે જ મન ખરેખર પવિત્ર છે એમ માનવું. જયારે આ બંને વસ્તુ બને ત્યારે તેને એકાગ્રતા (એકલક્ષિતા) કહેવાય. ઠીક, એ વાત જવા દો. જો તમને કોઇ સંદેહ જ નથી તો પછી મારે તમને સંદેહની યાદ શા માટે આપવી જોઇએ ? મને કહો, હું શા વિષે તમને કહું ?

ભક્ત : સ્વામી, મારે સામાન્યપણે કેવી રીતે વર્તન રાખવું તે મને કહો. અમારે કયા ગુણો ધારણ કરવા જોઇએ ? કયા પ્રકારના વિષયો અમારે સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ? દૈવી આશીર્વાદ

મેળવવા માટે અને તમારી પવિત્ર હાજરી પ્રાપ્ત કરવા માટે અમારે કેવાં કાર્ય કરવાં જોઇએ ? એ કાર્યો પૈકી વધારે અગત્યનાં, જરૂરી અને પસંદગીના જવાહિર જેવાં કાર્યો હોય તે કૃપા કરીને મને કહો.

સ્વામી : અરે ! એમ લાગે છે કે પાર્વતીએ એક વખત ઇશ્વરને પૂછયું : "સહસ્ત્રનામ" યા પરમાત્માનાં એક હજાર નામને શીખવાને અને બોલી જવાને લાંબો સમય લાગે છે; તેથી મહેરબાની કરીને મને એક જ એવું નામ કહો કે એ હજારે ય નાનાં તત્વરૂપ હોય." તે જ પ્રમાણે તમને પણ કદાચ હું જે લખું અને સમજાવું તે સઘળું ગ્રહણ કરવું તમને મુશ્કેલ જણાય છે અને તેથી તમે પણ મને સૌથી અગત્યનું હોય તે કહેવાનું કહી રહ્યા છો, એમજને ? પરંતુ સમજો કે નામોને તેમનું સત્વ હોય છે અને તમે જે વિષયો વિષે પૂછો છો તે જુદા છે. જો કે તેમનો હેતુ અને અંતિમ પરિણામ એક જ છે, તો પણ તેમના વ્યવહારો, પ્રવૃત્તિ માર્ગો એક હોઇ શકે નહીં, તે તમામનો સાર એક જ શબ્દમાં કહી શકાય નહીં; છતાં હમણાં હું તમને કેટલાંક પસંદ કરેલા જવાહિરો યા વર્તણૂક માટેનાં નીતિ વચનો કહી રહ્યો છું તે ઘણાં અગત્યનાં છે. તેમનો સારી રીતે સંગ્રહ કરી રાખો. તેમનો સારી રીતે અનુભવ કરો, તેમને વર્તનમાં મૂકો અને તેમાંથી આનંદ મેળવો. આ જવાહિરો ધારણ કરો અને તમારી જાતને શોભાયમાન બનાવો.

ભકત : આ તો બરોબર મને જોઇતું હતું તે જ છે ! હું કેવો ભાગ્યશાળી છું !

સ્વામી : તો હું તમને કહું તે કાળજીથી સાંભળો.

(૧) પ્રેમને જિંદગીનો શ્વાસ (પ્રાણ) માનવો.

(૨) તમામ વસ્તુઓમાં જે સમાન પ્રેમ દર્શાવાય તે જ પ્રેમ ખુદ પરમાત્મા છે એમ માનો.

(૩) દરેક વ્યકિતમાં પ્રેમ રૂપે એક જ પરમાત્મા રહેલો છે.

(૪) પ્રેમનાં બીજાં બધાં સ્વરૂપો કરતાં પરમાત્મા પર વધારે પ્રેમ જોડવાનો જ મનુષ્યનો પ્રથમ પ્રયત્ન હોવો જોઇએ.

(૫)પરમાત્મા પ્રત્યે દોરવાયેલો એવો પ્રેમ એ જ ભક્તિ છે, તે જ મૂળભૂત કસોટી યા ભક્તિની પ્રાપ્તિ છે.

(૬) જેઓ આત્માના આશીર્વાદની ખેવના કરતા હોય તેમણે ઇન્દ્રિયસુખની વસ્તુઓના આનંદની પાછળ દોટ મૂકવી ન જોઇએ.

(૭) સત્યને જ જીવન આપનાર અથવા જીવનના શ્વાસ તરીકે ગણવું જોઇએ.

(૮) જેમ શ્વાસ વિનાનું (મૃત) શરીર નિરૂપયોગી છે અને થોડી મિનિટોમાં સડવા અને દુર્ગંધ મારવા લાગે છે, તેમ સત્ય વિનાનું જીવન નકામું છે. અને તે ઝઘડો અને દિલગીરીનું દુર્ગંધ મારતું રહેઠાણ બની રહે છે.

(૯) ખચીત માનો કે સત્ય કરતાં વધારે મધુર અને વધારે દીર્ઘજીવી બીજું કંઇ જ નથી.

(૧૦) સત્ય જ સર્વરક્ષક પરમાત્મા છે. સત્ય કરતાં વધારે બળવાન રક્ષક (રખેવાળ) કોઇ નથી.

(૧૧) પરમાત્મા જે સત્યસ્વરૂપ છે તે સત્ય વાણી અને પ્રેમાળ હૃદયવાળાઓને દર્શન આપે છે.

(૧૨) સઘળાં પ્રાણીઓ પ્રત્યે પૂરી દયા રાખો અને વળી આત્મભોગની ભાવના પણ રાખો.

(૧૩) તમારે ઇન્દ્રિયો પરનો કાબુ, શાંત વ્યક્તિત્વ અને અનાસક્તિ ધરાવવાં જ જોઇએ.

(૧૪) જે ચાર પાપો કરવાનો જીભ (વાણી) નો સ્વાભાવ છે તે ચારેય પાપોની સામે હમેશાં સાવધાન બનો. એ ચાર પાપો આ રહ્યા.

(૧) જૂઠું બોલવું, (૨) બીજાનું બૂરૂં બોલવું, (૩) ચાડી ચુગલી કરવી અથવા પીઠ પાછળ કોઇની નિંદા કરવી, (૪) અતિશય બોલવું.

મનમાં આ વલણોને કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવો ઉત્તમ છે.

(૧૫) શરીર જે પાંચ પ્રકારનાં પાપ કરે છે તેને અટકાવવા પ્રયત્ન કરવો. તે પાંચ પ્રકારનાં પાપો આ રહ્યાં (૧) ખૂન કરવું, (૨) વ્યાભિચાર કરવો, (૩) ચોરી કરવી, (૪) નશો ચઢાવનાર વસ્તુઓ પીવી અને (૫) માંસ ભક્ષણ કરવું. આ બધાંને શકય તેટલાં દૂર રાખવામાં આવે તો તે જીવન માટે મહાન મદદરૂપ છે.

(૧૬) મનુષ્યે હમેશાં એક પળની પણ નિષ્કાળજી વિના મન જે આઠ પાપ કરે છે તે પાપથી સાવધ રહેવું જોઇએ. તે આઠ પાપ આ રહ્યાં :

(૧)કામ યા તૃષ્ણા, (૨)ક્રોધ યા ગુસ્સો (૩)લોભ યા લાલસા, (૪)મોહ યા આસક્તિ, (૫) અધૈર્ય, (૬)તિરસ્કાર યા ધિક્કાર, (૭)સ્વાર્થ પરાયણતા યા સ્વાર્થીપણું અને (૮)અહંકાર યા ગર્વ. મનુષ્યની પ્રાથમિક ફરજ આ આઠેય વસ્તુઓને પોતાની સલામત અંતરે દૂર રાખવાની છે.

(૧૭) ખોટાં કાર્યો પાછળ પડવામાં મનુષ્યનું મન ઝડપી ગતિ કરે છે. તેને આમ ઉતાવળ કરવા દીધા વિના એવે સમયે પરમાત્માનું નામ યાદ કરો અથવા કોઇપણ સારું કામ કરવાનો પ્રયત્ન કરો. જેઓ આ પ્રમાણે કરશે તેઓ અવશ્ય પરમાત્માના આશીર્વાદને યોગ્ય ઠરશે.

(૧૮) પ્રથમ બીજાની આબાદી (ચઢતી) જોઇ નહીં સાંખી શકવાની દુષ્ટ મનોવૃત્તિ અને બીજાને નુકસાન પહોંચાડવાની ઇચ્છાનો ત્યાગ કરો. બીજાને સુખી જોઇ સુખી થાઓ. જેઓ વિપત્તિ કે પડતી દશામાં હોય તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખો અને તેમની આબાદી ઇચ્છો. પરમાત્મા માટેનો પ્રેમ ઉત્પન્ન કરવાનો (કેળવવાનો) આ ઉદ્દેશ (હેતુ) છે.

(૧૯) ધૈર્ય (શાંતિ) મનુષ્યને જરૂરી એવું સંપૂર્ણ બળ છે.

(૨૦) આનંદમાં જીવવાને આતુર લોકોએ હમેશાં ભલું (સારું) કામ કરતા રહેવું જ જોઇએ.

(૨૧) ક્રોધને પ્રેમથી, મોહને સારું નરસું સમજવાની બુદ્ધિશકિતથી, અસત્યને સત્યથી, બૂરાને સારાથી અને લોભને દાનથી જીતવું સહેલું છે.

(૨૨) દુષ્ટ લોકોના શબ્દોનો કંઇ જવાબ આપવો ન જોઇએ. તેમનાથી ઘણા દૂર રહો એમાં જ તમારું ભલું છે. એવા લોકો સાથેના તમામ સંબંધ તોડી નાખો.

(૨૩) તમારા જીવન કે માનના ભોગે પણ સારા માણસો અને ખરાબ માણસો વચ્ચેનો ભેદ સમજવા માટે જરૂરી પરીક્ષાશક્તિ (વિવેકશક્તિ) તમને આપવાની કૃપા કરવા માટે પરમાત્માની કરતા રહો. તમને આપવામાં આવેલી બુદ્ધિથી તમારે તે માટે પ્રયત્ન પણ કરવો જ જોઈએ.

(૨૪) જેઓ રાજયો જીતે છે દુનિયામાં કીર્તિ મેળવે છે તેમને બેશક વીર પુરુષો તરીકે આવકાર આપવામાં આવે છે; પરંતુ જેઓએ ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો છે તેમનો સર્વમય (સર્વવ્યાપી) ને જીતનાર વીર પુરુષો તરીકે જય જયકાર થવો જ જોઈએ.

(૨૫) ગમે તેવાં સારાં અગર બૂરાં કાર્ય મનુષ્ય કરે તેનાં ફળ તેની પાછળ જાય છે અને તેનો કેડો કદી છોડતાં નથી.

(૨૬) લોભનું ફળ માત્ર દિલગીરી જ હોય છે. સંતોષ ઉત્તમ છે. સંતોષ કરતાં વધારે મોટું સુખ કોઇ નથી.

(૨૭) તોફાન કરવાની મનોવૃત્તિને મૂળમાંથી ઉખેડી કાઢીને ફેંકી દેવી જોઈએ. જો તેનું અસ્તિત્વ રહેવા દેવામાં આવે તો તે જિંદગીને ધોકો પહોંચાડશે.

(૨૮) હાનિ અને દિલગીરી બંનેને દ્રઢતાથી સહન કરો; આનંદ અને લાભ પ્રાપ્ત કરવાની યોજનાની ખોજ કરો અને તે અજમાવો.

(૨૯) જયારે ક્રોધ તમારા પર હુમલો કરે ત્યારે ચૂપકી ધારણ કરો અથવા તેને બદલે પરમાત્માનું નામસ્મરણ કરો. ક્રોધને વધારે ભડકાવે એવી વસ્તુની તમારી પોતાની જાતને યાદ આપવાનો પ્રયત્ન ન કરો. એવો પ્રયત્ન તમને પારાવાર નુકસાન કરશે.

(૩૦) આજ પળથી ખરાબ આદતોથી દૂર રહો. તેમાં ઢીલ કરશો નહીં કે તેને મુલતવી રાખશો નહીં. તેઓ જરાએ આનંદ આપતી નથી.

(૩૧) તમારાં સાધનોથી મર્યાદામાં રહીને જેઓ ખરેખર દરિદ્રનારાયણ છે એવા ગરીબોની જરૂરીયાતો સંતોષવાનો શકય તેટલો પ્રયત્ન કરો. તમારી પાસે જે કંઈ ખોરાક હોય તેમાં તેમને હિસ્સો આપો અને તેમને એક વખત તો સુખી કરો.

(૩૨) બીજાઓ તરફથી કંઇ તમને ન થવું જોઈએ એવું તમને લાગે તે બીજાને કરવાથી દૂર રહો.

(૩૩) અજ્ઞાનથી કરેલી ભૂલો અને પાપો માટે હૃદયપૂર્વકનો પશ્ચાત્તાપ કરો. તે ભૂલો અને પાપો ફરીથી નહીં કરવાનો પ્રયત્ન કરો. સાચા માર્ગને વળગી રહેવા માટે જરૂરી બળ અને હિંમત માટેનાં વરદાન માટે પરમાત્માની પ્રાર્થના કરો.

(૩૪) પરમાત્મા માટેની આતુરતા અને અનુરાગનો નાશ કરે એવી કોઇપણ ચીજ ને તમારી પાસે આવવા જ ન દેશો. એ આતુરતાની ઊણપ તમારા બળમાં ક્ષીણતા ઉત્પન્ન કરશે.

(૩૫) ડરપોકપણાને તાબે થશો નહીં અને આનંદનો ત્યાગ કરશો નહીં.

(૩૬) જયારે લોકો તમારાં વખાણ કરે ત્યારે કુલાઇ જશો નહીં અને જ્યારે લોકો તમને દોષ દે ત્યારે દિલગીર થશો નહીં.

(૩૭) જો તમારા મિત્રો પૈકી કોઈ એક કોઇ બીજાને ધિક્કારે અને ઝઘડો કરે તો તેના ક્રોધને વધારે ભડકાવવાનો અને તેમને એકબીજાને વધારે ધિક્કારતા બનાવવાનો પ્રયત્ન કરશો નહીં; પરંતુ એથી ઊલટું પ્રેમ અને સહાનુભૂતિથી તેમની અગાઉની મિત્રતા પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરજો.

(૩૮) બીજાની ભૂલોની ખોજ કરવાને બદલે તમારી પોતાની ભૂલોની ખોજ તમે પોતે જ કરી તેમને જડમૂળથી ઉખેડી દૂર ફેંકી દો. જો તમે ખોજ કરી તમારી એક પણ ભૂલ શોધી કાઢો તો તે પૂરતું છે; બીજાઓની હજારો ભૂલો શોધી કાઢવા કરતાં તે વધારે ઉત્તમ છે.

(૩૯) તમે કંઇ પણ પુણ્ય કે સારું કાર્ય કરી નહીં શકો અથવા કરવાની ઇચ્છા ન કરો તો પણ કોઇ પાપ અથવા બૂરું કાર્ય કરવા વિચાર કરશો નહીં. કે એવો વિચારને અમલમાં પણ મૂકશો નહીં. આને સૌથી પ્રથમ પસંદગી આપવા જેવી છે.

(૪૦) તમારામાં ભૂલો (દોષો) નથી એમ તમે જાણતા હો તે ભૂલો વિષે લોકો જે કંઇ કહે તેનાથી તમારી લાગણી દુભાવા દેશો નહીં છતાં તમારામાં જે ભૂલો છે તે માટે બીજા તમને નિર્દેશ કરે તેથી તમે પોતે જ તેમને સુધારવાનો પ્રયત્ન કરો. જે વ્યક્તિઓ તમારી ...ભૂલોને નિર્દેશ કરે તેમની સામે ગુસ્સો અગર વેરભાવ રાખશો નહીં; તેમની પોતાની ભૂલોનો સામો નિર્દેશ કરીને તેમને પ્રત્યુત્તર આપશો નહીં, પરંતુ તેમને તમારા તરફથી આભારની લાગણી બતાવજો. તેમની ભૂલો શોધવાનો પ્રયત્ન કરવો એ તમારી મોટી ભૂલ છે. તમારી ભૂલ જાણવી એ તમારે માટે સારું છે, પરંતુ બીજાની ભૂલો જાણવી એ સારું નથી.

(૪૧) જ્યારે તમને થોડીક પણ ફુરસદ મળે ત્યારે તેને ભિન્ન ભિન્ન પરચુરણ વાતોમાં ગાળશો નહીં, પરંતુ તેનો ઉપયોગ પરમાત્મા વિષે ચિંતન કરવામાં અથવા બીજાની સેવા કરવામાં કરો.

(૪૨) માત્ર ભક્ત જ પરમાત્માને ઓળખે છે અને માત્ર પરમાત્મા જ ભક્તને ઓળખે છે. બીજા તેમને ઓળખી શકતા નથી, તેથી જેમનામાં ભક્તિ નથી તેમની સાથે પરમાત્મા સંબંધી બાબતોની ચર્ચા કરશો નહીં. આવી ચર્ચાને કારણે તમારો ભક્તિભાવ ઓછો થશે.

(૪૩) જો કોઇ માણસ કોઇ પણ વિષયને ખોટી રીતે સમજીને તે વિષે તમને કહે તો તેની દ્રષ્ટિને ટેકો આપે એવા બીજા ખોટા ખ્યાલોનો વિચાર કરશો નહીં, પરંતુ તે જે કહે તેમાં જે કંઈ સારું અને મધુર હોય તે જ માત્ર ગ્રહણ કરો. સાચા અર્થની કદર કરીને તેને જ ઇચ્છનીય ગણવાનો છે, ખોટા અર્થને કે ઘણા અર્થોને નહીં કે જે જરા પણ અર્થ આપતા નથી અને માત્ર આનંદમાં રુકાવટ ઉત્પન્ન કરે છે.

(૪૪) જો તમે એકનિષ્ઠા કેળવવાની ઇચ્છા રાખતા હો, મનુષ્યોના ટોળામાં કે બજારમાં હો ત્યારે તમારી દ્રષ્ટિને ચારે ખૂણે અને દરેક વસ્તુ પર નાખશો નહીં, પરંતુ તમને પોતાને સંભવિત અકસ્માતોને ટાળવા પૂરતું તમારી સામેના રસ્તા માત્રને જુઓ. જો મનુષ્ય હરકતો (ખતરાઓ) ને ટાળતાં અને બીજાનાં સ્વરૂપ પર નજર નાખ્યા વિના અને પોતાનું ધ્યાન રસ્તાથી દૂર રાખ્યા વિના આમતેમ ફરે તો તેની એકલક્ષિતા વધારે દ્રઢ બનશે.

(૪૫) ગુરુ અને પરમાત્મા સંબંધીના તમામ સંદેહો ત્યજી દો. જો તમારી દુન્યવી ઇચ્છા ન સંતોષાય તો તેનો દોષ તમારી ભકિતને માથે ન મૂકો. આવી ઇચ્છા અને પરમાત્મા પ્રત્યેની ભક્તિ વચ્ચે કોઇ સંબંધ નથી. આ દુન્યવી ઇચ્છાને કોઇ ને કોઇ દિવસે ત્યજી જ દેવાની છે અને ભક્તિભાવનાઓને કોઇને કોઇ દિવસે પ્રાપ્ત કરવાની જ છે. આવી દ્રઢપણે ખાત્રી રાખો.

(૪૬) જો તમારું ધ્યાન અને જપ યોગ્ય પ્રગતિ ન કરે અથવા જે ઇચ્છા તમે સેવી હોય તે ફળે નહીં તો પરમાત્મા પર ખિન્ન થશો નહીં. એમ કરવું એ તમને વધારે ખિન્ન કરશે અને તમે ગમે તેટલી નાની કે મોટી શાંતિ મેળવી હશે તે ખોઈ બેસશો. ધ્યાન અને જપ દરમિયાન તમારે ખિન્ન થવું આશા મૂકી દેવી કે નાહિંમત થવું જોઈએ નહીં. જો આવી ભાવના જાગે તો એમ સમજજો કે તમારી સાધનામાં ભૂલ છે અને તેમને ખરી રીતે કરવાનો પ્રયત્ન કરો. જયારે તમારા દરરોજના વર્તાવમાં અને તમામ કાર્યોમાં તમે આપમેળે આ રીતે અને આ ધોરણે વર્તો અને કાર્ય કરો ત્યારે જ તમે દૈવી સિદ્ધાંતને ઘણી સહેલાઇથી પ્રાપ્ત કરી શકશો, તેથી આ નીતિવચનોને દ્રઢતાથી પકડી રાખો. તમારા સ્વામીના જન્મદિનના ઉત્સવ પ્રસંગે વહેંચાયેલી વાણી રૂપી મીઠાઇ ચાવો, પચાવો અને સુખી થાઓ સમજયા?

ભકત : સ્વામી, તમારા શબ્દો અમૃત જેવા છે. હા અમૃત! જીવનના સઘળા સામાન્ય વ્યવહારોમાં માણસ માર્ગ જાણતો નથી; તે ખોટા માર્ગને અનુસરે છે. સુખી મુસાફરીનાં સાધનો વિષે તેને કહેવા માટેનાં પુસ્તકો પણ નથી; મારા જેવા અતિશય મહેનત કરનાર માટે તમે જે કહ્યું તે પ્રાણરૂપ છે. અમે ખરેખર આશીર્વાદ પામ્યા છીએ. મને એવો આશીર્વાદ આપો કે આ શબ્દો મારા હૃદયમાં છૂપાઇ (ઠસી) જાય અને દરરોજ વર્તનમાં અનુભવાય. તેમને સાંભળવા કે વાંચવા માત્રથી કંઇ ભલું થતું નથી. જયારે તેમની સાથે તમારો આશીર્વાદ હોય ત્યારે જ અમને બળ મળે છે સ્વામી, હું રજા લઇશ.

સ્વામી : બહું સારું, જાઓ અને જન્મદિનના ઉત્સવ માટે આવજો. હજી બરાબર સાત દિવસ છે ખરું ને? આજે સોળમી થઇ છે, જન્મદિન ત્રેવીસમીએ છે; તેથી સાત દિવસ બાકી રહ્યા છે. તે સમયે આ મધુરતાથી તમારું હૃદય ઊભરાવા દો અને ભરાવા દો!

# પ્રકરણ : ૮

સ્વામી : અરે ! આમ કેમ ? તમે આ વખતે આટલા વહેલા કેમ આવ્યા છો ?

ભક્ત : તમે મને આવવાની ફરજ પાડી, તેથી હું આવ્યો છું મારું કંઇક છે ?

સ્વામી : તે સત્ય છે, પરંતુ કાગળનો એક ટુકડો પણ કોઇ કારણ વિના ખસશે કે ? વળી આટલા બધા વહેલા આવવા માટેનું પણ તમારે કોઇ કારણ તો હોવું જ જોઇએ.

ભક્ત : બીજું કંઇ નહીં, સ્વામી ! તમે કેરાળાના ગવર્નર શ્રી રામકૃષ્ણરાવના આમંત્રણથી સોળમી તારીખે જ ત્રિવેન્દ્રમ જાઓ છો તે સાંભળીને મને લાગ્યું કે જો હું તે જ દિવસે આવું તો તમારી સાથે વાત કરવાની તક મને ન મળે, તેથી જ હું આવ્યો. મને માફ કરો.

સ્વામી : તે સારું કર્યું છે ? પરંતુ મારે તમને માફી આપવી એવું તમે શા માટે કહો છો ? ખરું કહેતાં મનુષ્ય કંઇ ખોટું કરે ત્યારે પણ તેણે માફી માગવી ન જોઇએ ? તો પછી જ્યારે તમે ખરી વસ્તુ કરી છે ત્યારે તે માટે માફી માગવામાં શી રમૂજ છે ?

ભક્ત : કેમ સ્વામી ? જ્યારે અમે ખોટું કરીએ ત્યારે અમારે માફી કેમ ન માગવી જોઇએ ?

સ્વામી : ના જ્યારે તમે ખોટું કરો ત્યારે માફી માગવી ન જોઇએ અને ખરું કરો ત્યારે બદલો માગવો ન જોઇએ ! ખરું કરવું એ મનુષ્યની માત્ર ફરજ છે; તે તેનો પોતાનો બદલો છે ! ખોટું કરવું એ મનુષ્યની ફરજથી વિરુદ્ધ છે; તેથી એક વાર થઇ ચૂકેલા ખોટું ફરીથી નહીં કરવા માટેથી જરૂરી બુદ્ધિ અને પરીક્ષાશક્તિને માટે મનુષ્ય પશ્ચાત્તાપયુક્ત પ્રાર્થના કરવી જોઇએ. આ ઉપરાંત તો પ્રભુશિક્ષા કરે, રક્ષણ કરે કે માફી આપે અને ભૂલ સુધારે, એનો આધાર તો પ્રભુની મહેરબાની પર છે.

ભક્ત : તે ઘણું સરસ છે. સ્વામી, હવે પછી હું એમ કરીશ.

સ્વામી : તેમ થવા દો. જન્મદિને આપવામાં આવેલ જવાહિરોનો સંગ્રહ કરી રહ્યા છો ? અને તેમનો સદ્દુપયોગ કરી રહ્યા છો ?

ભક્ત : એ બાબતમાં શકય તેટલું કરી રહ્યો છું ! વધુમાં વધુ મહેનતથી. અને તમે આપેલી બુદ્ધિના ગુણનો ઉપયોગ કરીને હું તેમને આચરણમાં મૂકી રહ્યો છું.

સ્વામી : "શકય તેટલું" એ શબ્દોથી તમે શું કહેવા માગો છો ? તમારા જેવા ભક્તને માટે આના કરતાં મોટું બીજું કયું કામ છે ? એ શા માટે શક્ય નથી ? તમને માત્ર શ્રદ્ધા અને ઇચ્છાની જરૂર છે. શ્રદ્ધા અને ઇચ્છા હોય તો પછી ફરજ બજાવવી બિલકુલ કઠિન ન હોવી જોઇએ.

ભક્ત : સ્વામી, તમે પોતેજ કહ્યું છે કે "મનુષ્યને શ્રદ્ધા હોય અને ઇચ્છા પણ હોય છતાં અનુકૂળ સંજોગોને અભાવે અને વસ્તુઓનો અર્થ સ્પષ્ટપણે ન સમજાય તેને કારણે પણ તે વસ્તુઓને અમલમાં મૂકવી મુશ્કેલ હોય છે."

સ્વામી : અરે ! એનો અર્થ એ થાય કે અનુકૂળ સંજોગોનો અભાવ અને સમજનો અભાવ બંને તમને ગભરાવી, અકળાવી રહ્યાં છે. ઠીક, જો તમે સમજયા ન હો તો પૂછો અને જો તમને અનુકૂળ વાતાવરણ ન હોય તો શું હરકત છે, તે મને કહો.

ભક્ત : સંદેહ એ મોટામાં મોટી અડચણ છે; એના કરતાં મોટું શું હોઇ શકે ? આટલું બધું સાંભળ્યા પછી પણ તે રાક્ષસ ઘડી ઘડી મારા પર પકડ જમાવે છે.

સ્વામી : તેનું પહેલું કારણ એ છે કે તમે ખરેખર આત્મ સ્વરૂપ છો એ પૂર્ણ ખાતરીમાંથી જન્મેલી શ્રદ્ધા તમારામાં નથી. બીજું કારણ એ છે કે મનુષ્યત્વમાં રહેલા ઐશ્વર્ય (ઇશ્વરપણા)ને તમે માત્ર મનુષ્યત્વ જ માનો છો અને ઇન્દ્રિયોના ઉપભોગ માટેના પ્રયત્ન કરવામાં તમે રચ્યાપચ્યા રહો છો. આ રાક્ષસો માત્ર બે કારણસર જ તમારા પર ઝડપ મારે છે. તેને બદલે જો તમે મનુષ્યમાંનું ઐશ્વર્ય એ પોતે જ ઇશ્વર છે. એમ સમજીને તમારી જાતને પરમાત્મામાં સ્થાપિત કરો તો આ સંદેહરૂપી રાક્ષસ તમારા પર હુમલો કરશે નહીં. તમારે માત્ર આ અધ્યાસ જે વસ્તુઓને ભેળસેળ કરી દે છે તેનો ત્યાગ કરવો જ જોઇએ.

ભક્ત : સ્વામી, તમે વારંવાર ન સમજાય તેવા શબ્દો વાપરો છો, એથી હું વધારે ગૂંચવાડામાં પડી જાઉં છું .

સ્વામી : હું તમને નહીં સમજાય એવા શબ્દો કદી કહીશ નહીં. તમારામાં સમજવાની શક્તિ નથી, તેથી તમને ચિંતા થાય છે. હું તેમનો ઉપયોગ તમને તેમનો અર્થ સમજાવવા માટે કરુ છું. હાલમાં મેં તમને જે કહ્યું તેમાં ક્યો મુશ્કેલ શબ્દ છે.

ભક્ત : તમે "અધ્યાસ" શબ્દ વાપર્યો તેનો અર્થ શો થાય છે, સ્વામી ?

સ્વામી : શું તમે તેનો અર્થ જાણતા નથી ? "એક સ્વરૂપ જોવું અને તેને બીજું સમજવું, એક વસ્તુ પર બીજી વસ્તુનું આરોપણ કરવું".

ભક્ત : તે કેવી રીતે ? અમે કઇ વસ્તુ પર બીજી વસ્તુનું આરોપણ કરીએ છીએ ? તે અમને કહો.

સ્વામી : દોરડું જોવું અને તે સાપ હોવાની કલ્પના કરવી; તાપમાં ગરમ હવાનાં આંદોલન (મોજાં) જોવાં અને તેઓ ઘોડા હોવાની ક્લ્પના કરવી; તડકામાં ચળકતા આયનાને જોવો અને તેને દીવો માનવો.

ભક્ત : પરંતુ હું શું જોઉં છું અને તેને શું હોવાનું સમજું છું ?

સ્વામી : તમે આ પ્રકૃતિના સ્વરૂપમાં પરમાત્માને જુઓ છો અને તેને માત્ર પ્રપંચ અથવા જગત હોવાનું સમજો છો અને તમે ડરો છો ! આ ભ્રાંતિને કારણે જ તમે આ તરેહ તરેહની નબળાઇના ભોગ બન્યા છે, તેથી મોહ સંદેહ દ્વારા નબળા પડતા જાઓ છો. જો તમે ખરી રીતે જુઓ તો ભ્રાંતિ નાશ પામશે; ભય અદ્રશ્ય થશે અને તે પરમાત્મા છે એવો વિશ્વાસ (શ્રદ્ધા) તમારામાં દ્રઢપણે સ્થાપિત થશે. તે દ્રઢતા પ્રાપ્ત કરવા માટે વિવેકરૂપી દીવાની જરૂર છે. જયાં સુધી મનુષ્ય દોરડાને સાપ રૂપે જુએ છે ત્યાં સુધી તે કેટલું બધું સહન કરે છે ! તેને ભય કેટલો હોય છે ! ભ્રાંતિ કેટલી હોય છે ! તેને પ્રકાશમાંથી જોવામાં આવતાંની સાથે જ તે બધું કેવી રીતે નાશ પામ્યું તે સમજી શકાય છે? તેવી રીતે પ્રકૃતિ એ પરમાત્મા છે એ તમે સમજો કે તરત જ આ સંદેહ અને ભ્રાંતિ પણ અચાનક નાશ પામશે. પ્રિય શિષ્ય, ભ્રાંતિ ઉપર ભ્રાંતિનું આરોપણ કરવું, એક વસ્તુને બીજા હોવાની કલ્પના કરવી તે "અધ્યાસ" કહેવાય છે.

ભક્ત : પરંતુ સ્વામી, પ્રકૃતિને પરમાત્મા શી રીતે કહી શકાય ? જયારે આંખને પ્રપંચરૂપ દેખાતા આ જગતને પરમાત્મા રૂપે જોવાનું તમે મને કહો ત્યારે સંદેહ અવશ્ય ઊભો થાય જ.

સ્વામી : તે સાચું છે, છતાં વાસ્તવિકતાને તર્કબદ્ધ રીતે વિચારવામાં આવે તો તમે હાલમાં જે જુઓ છો તે પણ તમને પરમાત્મારૂપ દેખાશે. કાપડ સૂતર વિના બનાવાતું નથી, ખરું ને? કાપડ માટે સૂતર આવશ્યક છે. સાચી રીતે તો એ બધું જ સૂતર છે, છતાં સૂતરને કાપડ કહેવાતું નથી તેમ જ કાપડને સૂતર કહેવાતું નથી. આ જ સંબંધ પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચે છે. પરમાત્મા એ સૂતર છે જેનું બનેલું કાપડ એ પ્રકૃતિ છે. શું સૂતર અને કાપડ જુદાં થયાં છે? ના, સૂતર એક રીતે વપરાય છે, કાપડ બીજી રીતે વપરાય છે માત્ર આ જ કારણે સૂતર અને કાપડ જુદાં છે એમ વિચારવું એ ખોટું હશે.

ભક્ત : હા સ્વામી, પ્રકૃતિ પરમાત્માની બનેલી છે તેથી એ સ્પષ્ટ છે કે તે બંને જુદાં નથી. હવે જો આ બંને એક જ છે તો એમાં " જીવ" કઈ વસ્તુ છે?

સ્વામી : પ્રિય શિષ્ય, બરાબર એ જ સંદેહ તમને પકડી રહ્યો છે. " હું " પણાનું (અહમ્) ભાન એ જીવ છે! જીવને શરીર અને ઇન્દ્રિયોના બંધન (મર્યાદા) સાથે સંબંધ હોય છે; પરંતુ પરમાત્મા તો આત્મા, જીવાત્મા, પ્રત્યગાત્મા, ચિદાત્મા, કર્તા, ભોક્તા એ દરેક છે.

ભક્ત : બીજો "જડ" શબ્દ વપરાય છે. તેનો અર્થ જડ બાબત વગેરે થાય છે. આ "જડ" શું છે? તે કેવી રીતે કાર્ય કરે છે? તે મને કહો.

સ્વામી : બુદ્ધિથી શરીર સુધીનાં પ્રકૃતિનાં સઘળાં રૂપાંતર સ્વરૂપ "જડ" છે. એ સ્વરૂપો અવાસ્તવિક, અભાન, અસત્ય અને અચેતન દરેક વસ્તુ જે "સત્" અને ચિત્ત " નથી તેને તમારે "જડ" સમજવી જોઇએ. તત્વતઃ જગત ખરેખર "જડ" છે, બીજું કંઇ નહીં, પરંતુ જેમ હવા હવામાનથી જુદી પાડી શકાય નહીં એવી છે, તેમ જ "જડ" ચૈતન્ય અથવા "ચિત્ત" અને "સત" થી જુદું પાડી ન શકાય એવું છે, ગીતાજીમાં કહેવામાં આવ્યું છે કે સઘળી અચળ (સ્થાવર) અને ચળ (જંગમ) સૃષ્ટિની ઉત્પત્તિ પુરુષ અને પ્રકૃતિના સંયોગથી થાય છે, તે તમે જાણતા નથી?

ભક્ત : ત્યારે એક બાજુએ બુદ્ધિ અને મન અને બીજી બાજુએ આત્માની વચ્ચે શો સંબંધ છે?

સ્વામી : જો કે તેમની (બુદ્ધિ અને મનની) અને આત્માની વચ્ચે કોઇ ખાસ સંબંધ નથી, તો પણ આત્મ આત્મા પવિત્ર અને લાંછન વિનાનો છે, બુદ્ધિ પણ પવિત્ર અને લાંછન વિનાની છે. જેવી રીતે આયના પરથી સૂર્યનાં કિરણોનું પરાવર્તન થાય છે તેવી રીતે આત્માના ચળકાટનું પરાવર્તન મનમાં થાય છે. મનનો પ્રકાશ ઇન્દ્રિયો પર પડે છે અને ઇન્દ્રિયોનો પ્રકાશ શરીર પર પડે છે. હવે આ બધા વચ્ચે શો સંબંધ છે? એ બધાનો સંબંધ આત્માના પ્રકાશ સાથે જ છે, શું એમ નથી? બીજા દરેક વસ્તુની પ્રવૃત્તિ એ સત્ય હકીકતને લીધે થાય છે કે તે ચળકાટનું પરાવર્તન કરનાર બુદ્ધિનું અસ્તિત્વ છે, શું એમ નથી? તેથી બુદ્ધિનો સંબંધ કેવી રીતે છે તેની નોંધ કરો. બુદ્ધિનો સંબંધ આ બાજુએ આત્મા સાથે અને પેલી બાજુએ મન અને ઇન્દ્રિયો સાથે છે.

ભક્ત : તો પછી, "હું" બોલનાર જીવ, ઈન્દ્રિયો અને શરીર વચ્ચે શો સંબંધ છે?

સ્વામી : તેમની વચ્ચે બિલકુલ સંબંધ નથી! "હું" (અહંકારી જીવ) શરીર, મન વગેરેથી જુદો છે. "હું" (અહંકારી જીવ) માત્ર પોતાના ગુણધર્મો જેવા કે દેહભાન, ઇન્દ્રિયભાન અને મનની આંતરિક વર્તણૂક

વગેરેને પોતાને માથે લગાડે છે. જેની સાથે પોતાને કંઈ સંબંધ નથી એવી કોઈ વસ્તુ ગુણધર્મને પોતાને માથે મઢીને (લગાડીને) જીવ કહે છે, " હું સુંદર છું" ઇન્દ્રિયોને વિષે પણ એવી જ ભૂલ કરીને જીવ કહે છે, " હું મૂંગો છું." જીવ કહે છે કે તેને આ ઇચ્છા છે અને તે ઇચ્છા છે અને મન (મનસ) વગેરેની પ્રવૃત્તિઓને પોતાના માથે મઢે છે. આ બધું બીજાનાં ગુણધર્મો પોતાના માથે મઢવા (લગાડવા) એ જ છે. પાયાનું સત્ય માત્ર એક જ છે અને તે પરમાત્મા, પરમજયોતિ છે. અનંત સત્ય માત્ર એક જ છે! આ સારી રીતે સમજો.

ભક્ત : અરે! કેવું ઉત્તમ શિક્ષણ! સ્વામી, માત્ર આ આત્માના સિદ્ધાંતનું શિક્ષણ જે બાળકો પણ સમજી શકે છે તે આખી દુનિયામાં પ્રસરે તો દુનિયા અંધકારમાંથી પ્રકાશમાં આવે.

સ્વામી : તે જ કારણે હું તમારી સાથે દરેક મુદ્દા વિષે વાતચીત કરું છું અને તેમાં સૌને ભાગ લેવા દઉં છું. સૂર્યનો પ્રકાશ આયના પર પડે છે, આયના પરનો પ્રકાશ બંગલા પર પડે છે અને બંગલા પરનો પ્રકાશ આંખ પર પડે છે. તે જ પ્રમાણે આ "સંદેહ નિવારિણી" માટેનો નિર્ણય એવા હેતુથી લેવામાં આવ્યો છે કે મારા શિક્ષણનો પ્રકાશ ભક્તરૂપી આયના પર પડે ત્યાંથી "સનાતન સારથિ" રૂપી બંગલા પર પડે અને ત્યાંથી તેનું જ દુનિયાની શાંતિ અને એકરાગિતા પર પ્રકાશ ફેંકે (પ્રસારે).

## પ્રકરણ: ૯

સ્વામી : અરે! તમે આવ્યા છો! ઠીક, શા સમાચાર છે?

ભક્ત : તમારા સમાચાર સિવાય બીજા કયા સમાચાર અમારી પાસે હોય? મેં સાંભળ્યું કે તમારી કેરાળાની મુસાફરી સૌથી આનંદ દાયક અને અજાયબીભરી હતી. હું દિલગીર છું કે મારે તેમાં જોડાવાનું નિર્માયું ન હતું.

સ્વામી : તે માટે તમે શા કેમ દિલગીર થાઓ છો? તેનું બ્યાન સાંભળો અને સુખી થાઓ એટલે થયું જયારે ફરી આવી તક મળે ત્યારે તમે જોડાવાને શક્તિમાન થાઓ એવો વિશ્વાસ અને આશા રાખો. ભૂતકાળની વાત પર ચિંતન ન કર્યા કરો.

ભક્ત : જયારે મનુષ્યને માટે નિર્માણ ન હોય ત્યારે વિશ્વાસ અને આશાનો શો ઉપયોગ? આશા માત્ર વધારે મોટી નિરાશા ઉત્પન કરશે. નિર્માણને આકાર અને વ્યક્તિત્વ છે? કે જેથી કરીને તે દેખાય તે પહેલાં પણ તમે તેને પિછાની શકો? આખો વખત નિર્માણની વાત કરતાં તમારે તેની મહેરબાનીના આધારે વળગી રહેવું ન જોઇએ. તમારું મન અને જિજ્ઞાસા કાર્યનું વ્યવહારિક સ્વરૂપ ધારણ ન કરે ત્યાં સુધી નિર્માણ પોતે ફલિત શી રીતે થાય? નિર્માણ ગમે તે હોય પરંતુ કાર્યશીલતાને ચાલુ રાખવું ઘણું અગત્યનું છે. પોતાનું નિર્માણ પ્રાપ્ત કરવા માટે પણ કર્મ (કાર્ય) થવું જ જોઇએ.

જો નિર્માણ હોય તો મનુષ્યને દરેક વસ્તુ આપોઆપ આવી મળશે, શું એમ નથી?

સ્વામી : તે મોટી ભૂલ છે. જો તમે ફળનો રસ આપોઆપ મોંમાં પહોંચશે એ આશાથી હાથમાં ફળ લઇને નિષ્ક્રિય બેસી રહો તો તમે તેને કેવી રીતે ખાઇ શકશો? ફળને નિચોવીને રસ ગાળ્યા વિના તમારા નિર્માણે તમને રસનો આસ્વાદ લેવા માટે ઇન્કાર કર્યો છે એવી ફરિયાદ કરવી એ નરી મૂર્ખતા છે. નિર્માણે તમને ફળ હાથમાં આપ્યું; તેનો ઉપયોગ તમે માત્ર કાર્ય (કર્મ) થીજ કરી શકો. કર્મ એ ફરજ નિર્માણ છે; પરિણામ છે. પરિણામ કર્મ (કાર્ય) વિના આવી શકતું નથી.

ભક્ત : તેથી સ્વામી, અમારે બધો જ બોજ (ભાર) નિર્માણ પર મૂકીને હાથ જોડીને બેસી રહેવું ન જોઇએ, ખરું ને?

સ્વામી : ધ્યાનથી સાંભળો. તમારે તમારી શક્તિની કિંમત કદી પણ ઓછી આંકવી જોઇએ નહીં. તે શક્તિની બરોબરના પ્રમાણમાં તમારી જાતને કાર્યરત રાખો. બાકીનાં બીજાંને માટે તમારા હૃદયના સંતોષપૂર્વક નિર્માણની વાત કરો. નિર્માણ પર આધાર રાખીને કર્મ (કાર્ય) થી વેગળા રહેવું એ ખોટું છે. જો તમે તેમ કરો તો નિર્માણ પણ તમારા હૃદયમાંથી સરી જશે. ગમે તે વ્યક્તિ હોય તેણે પોતે કાર્યરત્ન (કર્મમાં મંડેલા) રહેવું જ જોઇએ.

ભક્ત : હા, હા, સ્વામી. ગીતામાં પણ શ્રીકૃષ્ણ અર્જુનને કહ્યું છે કે " હું પણ કર્મ કરું છું, જો હું કર્મથી દૂર રહું તો વિશ્વ ચાલી શકે નહીં," અને તેથી જો તમે કર્મ કરવામાંથી ખસી જાઓ તો પરિણામ કેવી રીતે મેળવી શકો? હવે હું માનું છું કે કર્મ એ પુરુષલક્ષણ-મનુષ્યનું વિશિષ્ટ લક્ષણ છે.

સ્વામી : અને સ્ત્રીઓનું પણ. તે પ્રકૃતિ લક્ષણ છે. સઘળાં પ્રાણીઓ, પુરુષો કે સ્ત્રીઓ, ઝાડો કે પ્રાણીઓ, કીડા કે જીવજંતુ સર્વને કર્મ કરવાનું જ છે. વિશ્વમાંની દરેક વસ્તુ આ નિયમથી બંધાયેલી છે. આ ફરજમાંથી કોઇને પણ છટકબારી કે છૂટકારો નથી. કર્મ પ્રકૃતિનું વિશેષ લક્ષણ છે. એને પુરુષ લક્ષણમાં ગણશો નહીં. માત્ર પરમાત્મા એકલો જ પુરુષ છે. પ્રકૃતિ એ આખી નારીશકિત છે. યાદ રાખો કે તમે પુરુષ નથી.

ભક્ત : પરંતુ સ્વામી, કુદરતમાં તે તફાવત છે. સઘળા નારી સ્વરૂપ છે એમ કહેવું કેવી રીતે સાચું છે?

સ્વામી : તમારા કુદરતી કારણથી દોરવાઇને તમે એવો તફાવત હોવાની કલ્પના ભલે કરો, પરંતુ તે વાસ્તવિકતા નથી. આ સઘળો માત્ર થોડા સમય માટેનો ઐહિક અનુભવ છે તે (મૂળ પાયાનું) સત્ય નથી.તે માત્ર નાટકીય અભિનય, માત્ર વેષ ધારણ કરવા જેવું છે. કેટલાંક નાટકમાં પુરુષ સ્ત્રીનું પાત્ર ભજવે છે, તો કેટલાંક નાટકમાં સ્ત્રી પુરુષનું પાત્ર ભજવે છે, તેથી શું તેઓ પુરુષ છે? " પ્રકૃતિ" નાટકમાં સઘળા અભિનેતા સ્ત્રી જાતિના છે. જો કે તેમાં પુરુષના અભિનય પણ ભજવવાના હોય છે. મૂળ (આદિ) પુરુષ માત્ર એક જ છે. તે "શિવ" આત્મા છે. દરેક વ્યક્તિમાં આત્મા સ્વાભાવિક રહેલો છે, પરંતુ એકલા આ જ કારણે સઘળાને નરજાતિના નહીં માની શકાય. પ્રકૃતિની રંગભૂમિ છોકરીઓની શાળા જેવી છે, જ્યાં નાટકના સઘળા અભિનય છોકરીઓએ લીધેલા હોય છે. શક્તિ જે નારીજાતિ છે તે આ બધા પાઠ ધારણ કરે છે; પરંતુ પ્રિય શિષ્ય, આ નાટકને વાસ્તવિક માનશો નહીં.

ભક્ત : સ્વામી, આ બધું સાંભળ્યા પછી પણ દુનિયાનો સ્વભાવ તો મારે મન એક કોયડો જ રહે છે. જ્યારે એક બાજુ જોવામાં આવે છે ત્યારે તે મને વાસ્તવિક જેવી લાગે છે; જ્યારે બીજી બાજુ રજૂ થાય છે. ત્યારે તે મને અવાસ્તવિક જેવી લાગે છે. કંઇ ચોક્કસ (નક્કી) નથી.

સ્વામી : તે બરોબર “ મિથ્યા” નો સ્વભાવ છે. મિથ્યાનો અર્થ એ થાય છે કે દુનિયા સત્ય પણ નથી અને અસત્ય પણ નથી; તે વાસ્તવિક તેમ જ અવાસ્તવિક છે. તમે “ મિથ્યા” માં જન્મ્યા છો, તમે મિથ્યા જાળમાં ગૂંચવાયેલા છો અને તેથી તમે આને પેલાથી, સત્યને અસત્યથી જુદું પાડી શકતા નથી.

ભક્ત : સ્વામી, ત્યારે “ મિથ્યા” ની ચર્ચા બાજુએ મૂકીને મને તે સત્ય, તે પુરુષ, તે જે કોઇ હોય તે વિષે કંઇક કહો.

સ્વામી : પુરુષને જન્મ કે મૃત્યું હોતાં નથી, તેમાં કંઇ જ ફેરફાર થતો નથી. તે ચિત્તસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે. ધર્મ અથવા સામાજિક આચરણ (વર્તણૂક) ના નિયમો તેના સ્વભાવના નથી; તેથી તે ધર્મસ્વરૂપ નથી. જ્ઞાન જે તેનો સ્વભાવ છે તેમાં પરિવર્તન થતું નથી, તેમાં ભૂલ સુધારવાની હોતી નથી. તેમાં વખતોવખત કંઇ વધારો (ઉમેરો) કરવાનો હોતો નથી, તે અનંત જ્ઞાનરૂપ (ડહાપણરૂપ) છે. પ્રકાશ એ એ તેનો સ્વભાવ છે અને તેથી તે અંધકારના એક બિંદુને પણ દાખલ થવા દેતો નથી. સૂર્ય જે દુનિયાને પ્રકાશિત કરે છે તેમાંથી તેના પોતાના તેજમાં કંઇ વધારો પ્રાપ્ત કરતો નથી; તે તો તેજ આપે જે જશે, દુનિયા હોય કે ન હોય, પુરુષ સ્વપ્રકાશિત છે. તે હમેશાં જ્ઞાનની વસ્તુ છે; તે ચિત્ત અથવા ચેતનાની તમામ વૃત્તિઓ અથવા ફેરફારોનું અવલોકન કરે છે. તે રૂપાન્તર વિનાનો, અપરિણામી, પ્રગટીકરણ વિનાનો છે. ચિત્ત પરિણામી છે, તેમાં પરિવર્તન અને પ્રગટીકરણ થાય છે. પુરુષ પોતે જ બુદ્ધિ (સમજ) રૂપ છે; તેને (સંદેહ નિઃસંદેહ) સમજ નાસમજની અસર થતી નથી. કોઇ પણ વ્યાપાર કે પ્રવૃત્તિ તેને અસર કરી શકતાં નથી. જયારે સ્પષ્ટ દેખાતો ન હોય ત્યારે પણ તેજસ્વીતાનો તેનો સ્વભાવ છે. જમીનમાંનું બીજ ઊગીને ઝાડ થાય છે. ઝાડ એ બીજનું સ્પષ્ટ દેખાતું સ્વરૂપ છે. બીજમાંથી “શક્તિ” ને વ્યાપાર હોય છે. આ પરિણામ છે, પરંતુ પુરુષ પરિવર્તન વિનાનો અને અસર પામ્યા વિનાનો “દ્રષ્ટા” છે. તે પ્રકૃતિથી સંપૂર્ણપણે જુદો છે. કોઇ પણ કાર્ય તેની પ્રતિષ્ઠાને ઓછી કરી શકતું નથી તેમ જ તેના વ્યક્તિત્વને હણી શકતું નથી.

ભક્ત : તો પછી પ્રકૃતિ કઇ? પુરુષ કોણ?

સ્વામી : “દ્રશ્યની” પાછળનો સિદ્ધાંત એ પ્રકૃતિ છે અને “દ્રષ્ટા” ની પાછળનો સિદ્ધાંત પુરુષ છે. તે “અમૂલમ્” “મૂલમ્” કહેવાય છે; મૂળ કારણને મૂળ હોય છે! કારણ વિનાનાં પ્રકૃતિ અને પુરુષ બંનેને પ્રારંભ (શરૂઆત) હોતો નથી.

ભક્ત : તો પછી આ સંસાર પણ પ્રારંભ વિનાનો હોવો જોઇએ, નહીં સ્વામી ? એ બંનેના સંયોગથી ઉત્પન્ન થયેલો છે.

સ્વામી : તે સંયોગ ભ્રાંતિનું પરિણામ છે. ભ્રાંતિથી ઉત્તેજિત થઇને તે ફરીથી ભ્રાંતિ ઉત્પન્ન કરે છે. તે બીજ અને ઝાડનો નિયમ છે.

ભક્ત : સ્વામી, સંયોગનો અર્થ શો? તે કઇ સ્થિતિ છે?

સ્વામી : પ્રકૃતિમાંથી પ્રગટ થતા ગુણોમાં પુરુષનું પરાવર્તન ન થવું તે સંયોગ છે. એક ઉદાહરણ લક્ષપૂર્વક સાંભળો. સૂર્ય પાણી નથી તેમ જ પાણી સૂર્ય નથી, છતાં તેમની સમીપતાથી પરાવર્તન ઉત્પન્ન થાય છે. જે પ્રતિબિંબ ઉત્પન્ન થાય છે તેમાં સૂર્ય કે પાણી બેમાંથી એકેયનું ખાસ લક્ષણ હોતું નથી; વળી એમ પણ કહી શકાતું નથી કે તે એ બંને વિનાનું છે. જ્યારે પાણી હાલે છે ત્યારે પ્રતિબિંબ પણ હાલે છે. પ્રતિબિંબ થોડુ ચળકે પણ છે. વળી લોહચુંબક લોખંડથી જુદું છે; પરંતુ જયારે બંનેને પાસે લાવવામાં આવે છે ત્યારે લોહ ચુંબક લોખંડ પર અસર કરે છે અને તેને પોતાના જેવું બનાવે છે આ સંબંધને “સંયોગ” કહેવાય છે.

ભક્ત : તેમાંથી કયો વાસ્તવિક પુરુષ ? અને કયો સક્રિય પુરુષ ? તે મને કહો.

સ્વામી : મેં સૂર્ય અને પ્રતિબિંબ વિષે વાત ન કરી? પ્રતિબિંબ પુરુષકર્તા, ભોક્તા અને અનૂભવકર્તા છે. મૂળ પુરુષ, બિંબને કંઇ અસર થતી નથી. તે કર્તા નથી, તે અનુભવકર્તા નથી, તેથી પ્રતિબિંબ – પુરુષ વ્યવહારિક પુરુષ અથવા ગ્રહિત (ગ્રહણ-સ્વીકારનાર) તરીકે ઓળખાય છે. બિંબ સાચું અનંત યા સાર્વકાળિક, વાસ્તવિક, આત્મસ્વરૂપ છે, “ગ્રહિત” જાણનાર છે અને જાણવાના કાર્યથી તેના સ્વરૂપમાં ફેરફાર થયો છે.

ભક્ત : સ્વામી, અદ્દભૂત. આ બધું જાણવા માટે મનુષ્યે કેટલાં પુસ્તકો ઉથલાવવાં પડત! અને તે પછી પણ અર્થ સમજવો ઘણો કઠિન છે. મેં હવે જાણ્યું છે કે પરમાત્મા જ એક માત્ર પુરુષ હોવાથી દુનિયામાં પુરુષ નથી અને આ બધું એક નાટક માત્ર છે. પુરુષને પ્રાપ્ત કરવા માટે પ્રકૃતિમાંની દરેક ચીજ ભારે મહેનત કરી રહી છે; આને ઘણું કરીને શિવ- શકિત કહેવાય છે. સુંદર ઘણું સુંદર.

સ્વામી : તમે ખરું કહો છો. તેને જીવ બ્રહ્મ સંયોગ પણ ગણવામાં આવે છે. જીવ એકલો રહી શકતો નથી. દરેક જીવિત પ્રાણીએ ખુશીથી કે નાખુશીથી મોક્ષ સાધના કરવી જ પડે છે. તે વિના શાંતિ થઇ શકે નહીં.

ભક્ત : બંનેનો અર્થ એક જ થાય છે. જેના પર મનનો ભાર હોય તે જીવ છે. જીવ તેનાં દ્રવ્યમાંથી જે મન અને નામરૂપને ઊપજાવી કાઢે છે તે મન અને નામરૂપનો જયારે નાશ થાય છે ત્યારે જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે, ત્યારે તે બ્રહ્મની સાથે એકાકાર થઇ જાય છે, તે મુકિત અથવા મોક્ષ છે; જયારે ગંગા અથવા ગોદાવરી સમુદ્રમાં પહોંચે છે ત્યારે તેમનાં જુદાં જુદાં નામ, રૂપ સ્વાદ (રુચિ), મર્યાદા વગેરે અદ્રશ્ય થઇ જાય છે અને તેઓ સમુદ્રનું નામ, રૂપ, સ્વાદ (રુચિ) અને મર્યાદા સંપાદન કરે છે.

જ્યાં સુધી જીવ મનને મારતો નથી (મન પર સંપૂર્ણ કાબૂ ધરાવતો નથી) ત્યાં સુધી તેઓ નામરૂપ અને ભ્રાંતિની રુચિ, “મારાપણું” અને “હુંપણું” સહન કરે છે. જયારે જીવ સમુદ્ર (પરમાત્મા)ની નજીક જાય છે ત્યારે આ લક્ષણો ધીમે ધીમે અદ્રશ્ય થવા માંડે છે; જ્યારે ગુણો તેમ જ મનના ફેરફારો નાશ પામે ત્યારે મનુષ્ય કહી શકે છે કે બ્રહ્મની સાથે સંયોગ સધાયો છે. સાગર સાથે મળી ગયેલી ગંગા મીઠી શી રીતે હોઇ શકે ? જો એમ કહેવામાં આવે કે મનુષ્ય બ્રહ્મ સાથે તદાકાર (તદ્રુપ) થઇ ગયો છે તો તેને ત્રણ ગુણો તેમ જ મનની કોઇ પણ રુચિ ન હોવાં જોઇએ. આવો પૂર્ણ સંયોગ “સાયુજ્ય મુક્તિ” કહેવાય છે.

ભક્ત : અરે! સ્વામી, કેવું મહાન! દરેકને તે સંયોગ પ્રાપ્ત કરવાનો આશીર્વાદ આપો; ત્યારે દુનિયા ખરેખર સુખી થશે.

સ્વામી : શું મારું આમ આશીર્વાદ આપવું તમને મળેલી સ્વતંત્રતાની વિરુદ્ધ ગયા સમાન થશે? તે આશીર્વાદ જીતવા માટે બતાવેલી સાધના કરો; પ્રયત્નથી આશીર્વાદ મેળવો એ રીત છે. કંઇ આપી દેવાય તેવી નથી. કિરણોને તમારા પર પાડવા માટે તમે સૂર્યની પ્રાર્થના કરતા નથી. શું તમે પ્રાર્થના કરો છો ? પ્રકાશવું એ તેનો (સૂર્યનો) સ્વભાવ છે; તે હંમેશાં પ્રકાશે છે. તમારી અને સૂર્ય વચ્ચેનાં નડતર દૂર કરો અને તેનાં કિરણ સીધાં તમારા પર આવશે. તે જ પ્રમાણે તમારી અને કૃપારૂપી સૂર્યનાં કિરણોની વચ્ચે ભ્રાંતિ, “મારાપણું” અને “હુંપણું” (અહંકાર)રૂપી નડતર” કાયમ રાખીને તે કિરણો તમારા પર પડતાં નથી એવી ફરિયાદ કરવાનો અર્થ શો ? કિરણો શું કરી શકે ?

ભક્ત : તે એમ કહ્યા બરોબર છે કે અમારે અમારા મનમાંથી “હુંપણું” અને “મારાપણા”ની તમામ નિશાની દૂર કરવી જોઇએ.

સ્વામી : તમે “એમ કહ્યા બરોબર” એવું શા માટે કહો છો ? હું તે ફરીફરીને ભારપૂર્વક કહી રહ્યો છું. જો તમે કૃપાનાં કિરણોને શોધતા હો તો પ્રયત્ન કરીને નડતરો દૂર કરો. યાદ રાખો કે જો તમે તેને માટે ભારે મહેનત નહીં કરો તો થોડા વખત પછીથી તમારા મનમાં તે વિષેની ઊર્મિ થશે, તે ઊર્મિમાંથી તમે છટકી શકતા નથી. આ ભ્રાંતિનાં ગૂંચળાંને ઉડાડી દેવાનું કોઇ દિવસ બનવાનું જ છે. આનંદના દિવસને, મુક્તિના દિવસને મુલતવી શા માટે રાખવો ? આ માટે આજથી જ નહીં, પરંતુ આ પળથી જ ભારે મહેનત કરો પ્રિય શિષ્ય, હવે તમે જઇ શકો છો; પરંતુ આવજો, મારે તમને એક વધુ ચીજ કહેવી જ જોઇએ, છેવટની હદે જશો નહીં, સ્થિર થાઓ, અને ધૈર્યવાન બનો.

## પ્રકરણ: ૧૦

સ્વામી : ઠીક, આજે તમે ખૂબ આનંદમાં દેખાવ છો.

ભક્ત : તમે પોતે કહ્યું છે કે મનુષ્ય એ આનંદનું દેહધારી સ્વરૂપ છે, શું એમ નથી?

સ્વામી : તો પછી તમારે હમેશાં આ મિજાજમાં હોવું જોઇએ, તમે એવી રીતે રહો છો?

ભક્ત : શક્ય હોય ત્યાં સુધી હું એવી રીતે રહેવા પ્રયત્ન કરી રહ્યો છું.

સ્વામી : તમે " પ્રયત્ન કરી રહ્યો છું" એમ શા માટે કહો છો? શું વાસ્તવિકતા (સત્ય) ની જાણ થતાં જ દિલગીરી ભાગી નહીં જાય?

ભક્ત : પરંતુ સ્વામી, વાસ્તવિકતા (સત્ય) શું છે?

સ્વામી : તે બધું જ અવાસ્તવિકતા છે! તમે જે પ્રયત્ન કરો છો તે, તમે જે શબ્દો ઉચ્ચારો છો, તે બધાં અવાસ્તવિક છે; જયારે તમે આ સમજો. ત્યારે વાસ્તવિકતા તમને સ્પષ્ટ રૂપે દેખાશે. અવાસ્તવિકતા વિચારો, અભિપ્રાયો અને કાર્યો એ સૌને દૂર કરો એટલે તમારાથી છુપાયેલું સત્ય જોઇ શકાશે. જો તમે એ બધાંને માથા પર ખડકીને પૂછો કે વાસ્તવિકતા (સત્ય) શું છે? તો તેને કેવી રીતે જોઇ શકાય?

ભક્ત : જે માનવામાં આવે છે. બોલવામાં આવે છે, જોવામાં આવે છે., અનુભવાય છે અને ધ્યાનથી સાંભળવામાં આવે છે તે બધું જ અસ્વાસ્તવિક છે એમ માનવું એ કેવી રીતે શકય છે?

સ્વામી : પ્રથમ આ બધાંનો અનુભવ કોણ કરી રહ્યું છે તે સમજો. તમે શરીરનાં સંદર્ભમાં "હું", "હું" કહો છે, શું એમ નથી કહેતા? તે અવાસ્તવિક છે, જયારે અનુભવ કરનાર "હું" પોતે અવાસ્તવિક (અસત્ય) છે, તો પછી તેના અનુભવ શી રીતે સાચા હોઇ શકે? સર્વનો આત્મા એક જ છે. જેણે અનુભવ કર્યો તે વ્યક્તિ " તમે" નથી; જેણે લક્ષપૂર્વક સાંભળ્યું તે વ્યક્તિ "તમે નથી. "તમે " માત્ર આ બધું નજરે નિહાળ્યું એટલે તમે માત્ર સાક્ષીભૂત છો.

ભકત : સ્વામી, તમે કહ્યું કે દરેક વસ્તુમાં" આત્મા " છે શું મૃત મનુષ્યમાં પણ આત્મા છે?

સ્વામી : ખરેખર આ એક ઉત્તમ સવાલ છે. આ સંદેહ તમારો છે કે મૃત વ્યક્તિનો છે?

ભક્ત : મારો છે.

સ્વામી : જયારે તમે ગાઢ નિદ્રામાંથી જાગ્યા હો છો ત્યારે જ તમને ખબર પડે છે કે“ હું ” (હુંપણું) નું અસ્તિત્વ છે. એ જ રીતે મૃત દેહમાં પણ આત્મા છે.

ભક્ત : તો પછી તેને મૃત શી રીતે કહેવાય? જયારે આત્મા હોય ત્યારે મૃત્યુ કેવી રીતે થાય?

સ્વામી : જો તમે બારીક નજરથી ફરક સમજો તો મૃત્યુ અને જીવન છે જ નહીં. હલનચલન કરતું શરીર જીવિત કહેવાય છે હલનચલન વિનાનું સ્થિર શરીર મૃત કહેવાય છે. સ્વપ્નમાં ગમે તેટલી સંખ્યામાં જીવતાં શરીર અને મુડદાં દેખાય છે. જાગૃત થતાં તેમનું અસ્તિત્વ હોતું નથી, તે જ પ્રમાણે આ ગતિમાન અને સ્થિર જગત અસ્તિત્વ રહિત છે. હું” (અહમ્) ની સભાનતા ફરીથી સજીવન થાય ત્યારે પુનર્જન્મ થાય છે. પ્રિય શિષ્ય, જે જન્મ અને મૃત્યુ કહેવાય છે તે આ છે! અહંકાર જન્મે છે અને અહંકાર મરે છે એટલું જ.

ભક્ત : તો “ મારું” અસ્તિત્વ હંમેશા છે, એમ જ ને?

સ્વામી : અલબત્ત, તમારું અસ્તિત્વ છે જયારે “હું” (અહમ્) ની સભાનતા છે ત્યારે તમારું અસ્તિત્વ છે. જયારે એ નથી હોતી ત્યારે પણ તમારું અસ્તિત્વ હોય છે. તમે ચેતનના પાયારૂપ છો; તમે ચેતન નથી.

ભક્ત : પરંતુ લોકો “ મોક્ષ મેળવ્યો”, “ મુક્તિ મેળવી” વગેરે કહે છે, તે શું છે?

સ્વામી : મૃત્યુ અને જન્મનું મૂળ સમજીને મનુષ્ય જુદા “હું” (અહમ્) ની ચેતના યા ભાનનો સંપૂર્ણપણે નાશ કરવો જોઇએ; એવી સ્થિતિ તે“ મુક્તિ ” છે.

ભક્ત : તેથી જયારે હું મૃત્યુ પામું ત્યારે હું અને તમે એક જ છીએ, શું એમ નહીં?

સ્વામી : કોણે કહ્યું કે નહીં”? એ એકરૂપતાની લાગણી સ્થિર ન થાય ત્યાં સુધી અવાસ્તવિક “હું” માં વાસ્તવિક “હું” ની ઓળખાણ આપવા માટે ગુરુની મદદની જરૂર છે; સ્વામી, તે કેટલે અંશે સત્ય છે?

સ્વામી : એ તો તમને ઘણા બધા “હું” (અહમ્) હોય ત્યારે જ માત્ર કોઇની મદદની જરૂર પડે, શું એમ નહીં? જયારે બધું એક જ છે ત્યારે બીજાને શા માટે શોધવું જોઇએ? તેમ છતાં તે અહમ્ અથવા તે “હું” નો નાશ થાય નહીં ત્યાં સુધી આ બોલનાર “હું” અને આ સાંભળનાર “તમે” બંને હોવા જોઇએ. જયારે તે “હું” નાશ પામે ત્યારે કોની સાથે વાત કરવાની રહે? અને કોણ સાંભળે?

બધા એક જ છે. ચિત્તથી મર્યાદિત (પરિમિત) થયેલું આત્માનું પ્રતિબિંબ “ઇશ્વર” છે; અંતઃકરણથી મર્યાદિત (પરિમિત) થયેલો ઇશ્વર “ જીવ” છે, શું તે નથી?

ભક્ત : પરંતુ આ “ચિદાભાસ”; ચોક્કસપણે શું છે?

સ્વામી : “ચિદાભાસઃ એટલે ચિત્તથી મર્યાદિત થયેલી “હું” ની સભાનતા. તે એકની ત્રણ થઇ, તે ત્રણની પાંચ થઇ અને પાંચની ઘણી થઇ. “હું” ની સભાનતા “સત્વ”, “રજસ” અને “તમસ” ના સંયોગને લીધે ત્રણ થઇ; તે ત્રણમાં પાંચ મહાભૂતો અથવા તત્વો ઉત્પન્ન થયાં અને પાંચ દ્વારા ઘણાં બધાં થયાં. એ જ એવો ભ્રમ ઉત્પન્ન કરે છે કે શરીર તે “હું” છું. આકાશની પરિભાષામાં બોલતાં તે ત્રણ છે “ચિદાકાશ”, “ચિત્તાકાશ” અને “ભૂતાકાશ ”.

ભક્ત : ત્યારે “ચિદાકાશ ” શું છે?

સ્વામી : તે આત્મા છે.

ભક્ત : “ચિત્તાકાશ ” શું છે?

સ્વામી : તેનું આડે માર્ગે જવું એટલે કે “ચિત્તમ્”. જયારે ચિત્તનું મન, બુદ્ધિ અને અહંકારમાં રૂપાન્તર થાય છે ત્યારે તે અંતઃકરણ કહેવાય છે. અંતઃકરણનો અર્થ આંતરિક ઇન્દ્રિયો થાય છે. અંતઃકરણ સાથેનો ચિદાભાસ એ “જીવ” છે.

ભક્ત : અને “ભૂતાકાશ” શું છે?

સ્વામી : તે ચિત્તાકાશથી મર્યાદિત (સિમિત) થયેલું “ચિદાકાશ” છે જ્યારે તે તત્વોસંબંધી આકાશને એટલે ભૂતાકાશને જુએ છે ત્યારે તે મનો-આકાશ” છે; જયારે તે વસ્તુ (ચીજ) ને જુએ છે ત્યારે તે “ચિન્મય” છે. હે પ્યારા શિષ્ય, તેથી જ એમ કહેવાય છે કે, “મનુષ્યને માટે એકલું “મન” જ બંધન અને મોક્ષનું કારણ છે.” મન કોઇ પણ પ્રમાણ (માત્રા) માં ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.

ભક્ત : તો પછી સ્વામી, તે ભ્રાંતિ અદ્રશ્ય કેવી રીતે થઇ શકે?

સ્વામી : જો તમે તપાસ દ્વારા તેના ગુપ્ત ભેદને સમજો તો ઘણા (અનેક) પાંચમાં વિલીન થઇ જાય, ત્રણ એકમાં વિલીન થઇ જાય અને “હું” (અહમ્) “હું” તરીકે જ રહે. તમને માથું દુખે છે; તમે મલમ (લેપ) લગાડો છો; માથાનો દુખાવો મટી જાય છે અને તમે હતા તેવા સાજા થઇ જાઓ છો.

“હું” શરીર છું અથવા શરીર એ “હું” છું એ ભ્રાંતિ આને મળતી અથવા આના જેવી છે. જો તમે વિચાર અથવા તપાસરૂપી મલમ લગાડો તો તે અદ્રશ્ય થઇ જશે.

ભક્ત : પરંતુ દરેક વ્યકિત આ તપાસ (વિચાર) નો રસ્તો ગ્રહણ કરી શકે છે?

સ્વામી : ના, પ્રિય શિષ્ય. તે ફકત જેમનું ચિત્ત પરિપકવ થયું છે. તેમને જ માટે છે.

ભક્ત : ત્યારે અમારે તે પરિપકવ ભૂમિકાએ પહોંચવા માટે શું કરવું જોઇએ?

સ્વામી : હવે આપણે જ્યાંથી શરૂઆત કરી હતી તે જ જગાએ આવ્યા છીએ. આને માટે જપ, ધ્યાન, પૂજા, પ્રાણાયામ વગેરે વસ્તુઓ નથી? સ્થિરતાથી આ વસ્તુઓ દ્વારા તમે પરિપકવ થાઓ છો અને વાસ્તવિકતા (સત્ય) માં શોધ યા તપાસ કરવાથી તમે માત્ર એક જ જે અસ્તિત્વ ધરાવે છે તેને સમજવાને શકિતવાન થઇ શકો છો. આવા મનુષ્યોને માટે “આત્મા” એ તેમનાથી કે તમારાથી કોઇ જુદી વસ્તુ નથી. બધું જ આત્મા (જીવનતત્વ) છે!

ભકત : પરંતુ સ્વામી, તમે તો માત્ર જપ, ધ્યાન, ભજન વગેરેનો ઉલ્લેખ કર્યો. કેટલાક આગળ વધેલા પુરુષો મૌન લે છે, મૌન (ચૂપકીનું) વ્રત આદરે છે. તે શા ઉપયોગનું છે? મૌન ચોક્કસ શું છે?

સ્વામી : મૌન એ આત્માનો પ્રકાશ છે! આત્મા પ્રકાશિત થયા વિના મૌન શી રીતે થઇ શકે? આત્માના પ્રકાશ વિના માત્ર મોઢું બંધ રાખવું તે મૌન નથી. કેટલાક લોકો મૌનવ્રત આદરે છે, પરંતુ કાગળ પર કે સ્લેટ પર લખીને વાતચીત કરે છે અથવા નકશા (પત્તાં) પર એક પછી એક બારાક્ષરીના અક્ષરો બતાવે છે! આ બધું કૃત્રિમ મૌન છે! એ ફકત હરકત યા ખલેલ વિના વાત કરવાની બીજી રીત છે. મૌન પ્રાપ્ત કરવાની કંઇ જરૂર નથી. મૌન તમારી સાથે જ છે. તમારે જે કરવાનું છે તેમ માત્ર તેમાં વિક્ષેપ નાખનારી તમામ વસ્તુઓને દૂર કરવાનું છે.

ભક્ત : પરંતુ ઘણા પુરુષો બોલવા માટે મોઢું ખોલતા નથી. તમે એમ કહેવા માગો છો કે એ નકામું છે?

સ્વામી : એમ કોણે કહ્યું? જો તમે જીભનો ઉપયોગ ન કરો, જો તમે સાધનાની આડે આવતી બાહ્ય હરકતોને દૂર રાખવા મૌન રહો તો તમે ખરેખર તમારા વિચારોને ખીલવી શકો, બીજાને હરકત પહોંચાડવાથી રહી શકો, બીજા તરફની ટીકા અને ચિંતામાંથી બચી શકો, મનની એકાગ્રતા મેળવી

શકો, તમારું મગજ બિન જરૂરી (ભાર) બોજાથી બચી જાય અને તે ઘણું સુધરે. આવા સુધરેલા મગજથી તમે પરમાત્માનું સ્મરણ વધારે સારી રીતે ચાલુ રાખી શકો. આ બધા ફાયદા જયારે તમે સાધના કરશો ત્યારે તમને મળશે.

ભક્ત : દુનિયામાં કોઇ પૂર્ણ જ્ઞાની નથી! પૂર્ણ જ્ઞાનીને દુનિયાની કંઇ જરૂર નથી; ત્યારે તેને આ બધાંની શા માટે જરૂર હોય?

ભક્ત : જો એમ હોય તો જ્ઞાની કહેવાતા આ લોકો કોણ છે?

સ્વામી : જે મૌન અથવા શાન્ત મનુષ્યો વિષે હું હમણાં જ બોલ્યો તે જ્ઞાની લોકો છે. જ્ઞાની શબ્દ (વિવેક) સભ્યતાથી લગાડવામાં આવે છે; પૂર્ણ જ્ઞાનીનું દુનિયામાં અસ્તિત્વ જ નથી. જ્ઞાનીએ સઘળાને એક જ સમજવા જોઇએ. તમારા બધા જ્ઞાનીઓ કયાં તો તર્કશાસ્ત્રના નિષ્ણાત છે. અથવા દુનિયાના જ્ઞાનમાં નિષ્ણાત છે. તેઓ વાસ્તવિકતા (સત્ય) ને જાણતા નથી.

ભક્ત : તો સાચા જ્ઞાની કોણ છે?

સ્વામી : જેઓ આત્માને આત્મા તરીકે પિછાને છે તેઓ પોતાને દૂધમાં ઉમેરાયેલ દૂધ, તેલમાં ઉમેરાયેલ તેલ અથવા પાણીમાં ઉમેરાયેલ પાણી તરીકે પિછાનશે. જ્યારે ભૌતિક શરીર મૃત્યુ પામે છે ત્યારે તે જ પ્રમાણે તેઓ આત્મામાં વિલીન થઇ જશે, પરંતુ કેટલાકને કેટલાક રંગ આગ્રહપૂર્વક વળગી રહેલા હોવાનો સંભવ છે. તેઓ કેટલાક સંકલ્પ અને ઇચ્છા રાખવાનું ચાલુ રાખે છે. જયાં સુધી આ સંલ્પો અને આ ઇચ્છાઓ ખાલી થઇ જાય (મટી જાય) નહીં ત્યાં સુધી તેઓ શરીર સાથે દુનિયામાં ભટકશે. આવા મનુષ્યો મનુષ્ય તરીકે જન્મેલા ઇશ્વરના અંશો, દેવાંશ સંભૂતો પણ કહેવાય છે. આ પણ પરમાત્માની ઇચ્છા મુજબ છે.

ભક્ત : સ્વામી, આ તફાવત શા માટે ઉત્પન્ન થવો જોઇએ?

સ્વામી : દરેક વ્યક્તિની સાધના અને સંકલ્પમાંથી તે તફાવત ઉત્પન્ન થાય છે, તમે એક કેરી ખાઓ અને તેની સુગંધ (વાસ) ના ઓડકાર તમને આવે. તમે તેને કેવી રીતે અટકાવી શકો? ઓડકાર ખવાયેલી વસ્તુની સુગંધ બહાર લાવે છે.

ભક્ત : આવા મનુષ્યોને પણ મર્યાદાઓ, ઉપાધિઓ હોય છે?

સ્વામી : ઉપાધિ વિના કામ આગળ કેવી રીતે ચાલે? તેમને પણ ઉપાધિઓ હોય છે; પરંતુ જયાં સુધી તેઓ મરણ પછીની મુક્તિ અથવા વિદેહમુક્તિ પ્રાપ્ત કરે નહીં ત્યાં સુધી તે માત્ર (પ્રપંચ) યુક્તિરૂપે હોય છે.

ભક્ત : સ્વામી તે શું છે?

સ્વામી : તેમનાં કાર્ય પાણી પર દોરેલી રેખા જેવાં છે. તેઓ જ્યારે રેખા દોરાતી હોય ત્યારે જ દેખાય છે અને રેખા પૂરી થતાંની સાથે જ ગેરહાજર હોય છે. કાર્ય થતું હોય ત્યારે તમે તેને જોઇ શકો છો અને પળમાં તે દેખાતું બંધ થઇ જાય છે.

ભક્ત : સ્વામી, તમે કહ્યું કે જ્ઞાનીનો ત્યાગ તેના વિશેષ લક્ષણ તરીકે હોય છે. આનો તેની સાથે કેવી રીતે મેળ ખાય છે?

સ્વામી : તે સાચું છે. ત્યાગ એ જ્ઞાનીનું વિશેષ લક્ષણ છે. પૂર્વ જન્મનાં વિશેષ લક્ષણોને લીધે તેને વળગણ (આકર્ષણ) થાય તો તેણે જાણવું જ જોઇએ કે તે માત્ર શરીર માટે છે અને તેને માટે નથી. આ વળગણ (પ્રીતિ) જીવનમુક્તિના પરમસુખને અથવા અત્યાનંદને નુકસાન પહોંચાડે છે; વિદેહમુક્તિ માટે જ્ઞાન સૌથી અગત્યનું છે.

ભક્ત : જો મનુષ્યને જ્ઞાન ન હોય તો પણ તે માત્ર વૈરાગ્યથી મુક્તિ પ્રાપ્ત કરી શકે છે?

સ્વામી : કેવો મુર્ખતાભર્યો પ્રશ્ન! ફળ પાક્યા વિના શી રીતે મીઠું થાય? જ્ઞાન સિવાય બીજા કશામાંથી વૈરાગ્ય ઉત્પન થઈ શકતો નથી. વૈરાગ્ય સિવાય મોક્ષ નથી. તેની ખાતરી રાખો.

ભક્ત : આપણે ફરીથી પાછા મૂળ શરૂઆત આગળ જ આવ્યા છીએ. જ્ઞાન કરતાં પહેલા તે (વૈરાગ્ય) ભક્તિરૂપે હોય છે. ભક્તિ કરતાં પહેલા તે અનુરકિત લાગણી રૂપે હોય છે. આ બધાં એક જ છે. અનુરકિત ફૂલ છે. ભક્તિ ફળ છે, તે જ્ઞાન તરીકે પકવ થાય છે, વૈરાગ્ય એ મીઠી, રસભરી છેવટની ભૂમિકા છે. એક વિના તમે પાસેનાં બીજાંને મેળવી શકતા નથી. જ્યાં સુધી રસ અને સ્વાદ ખિલે નહીં ત્યાં સુધી તે દિશા તરફનું ફળનું વલણ રાખવા માટે તમારે ઉપર જણાવ્યા પ્રમાણે રોજિંદી પ્રાર્થના વગેરેનો મહાવરો રાખવો જ જોઈએ; પરંતુ પ્રથમથી જ એ બધાનું એકત્વ નજરમાં (ઈષ્ટમાં) રાખો. સમજો કે "બીજું" કંઈ છે જ નહીં.

ભક્ત : ઓછામાં ઓછું દુનિયામાં દેખાવ જાળવી રાખવા માટે પણ મનુષ્ય કેટલીક વાર કહેવાની ફરજ પડે છે કે “આ મારું છે.” ત્યારે મનુષ્ય શું કરે ?

સ્વામી : અલબત્ત, તમારે ભલે એમ કહેવું પડે, પરંતુ તમે માત્ર એમ કહો યા બોલો તે કારણે તમને “હું” અને “તમે” વચે જુદાપણું લાગવાની શી જરૂર છે ? જ્યારે તમે ગાડીમાં મુસાફરી કરો છો ત્યારે તમે ગાડીને “હું” તરીકે માનો છો ? સૂર્ય તરફ જુઓ, પાણીથી ભરેલા એક નાના ઘડામાં, વિશાળ નદીમાં, અયનામાં અથવા પૉલિશ કરેલા ઘડા પર તેનું પ્રતિબિંબ પડે છે. આ કારણે સૂર્યને એવી લાગણી થાય છે કે આ બધી વસ્તુઓ “તે” (સૂર્ય) પોતે છે ? જ્યારે ઘડો ભાગી જાય અથવા નદી સુકાઇ જાય ત્યારે તે (સૂર્ય) દિલગીર થઇ જાય છે ? આ બરોબર તેવું જ છે. “હું” એ શરીર છે એમ તમે માનો તો એ બધી મુસીબત છે, જો તમે એમ નહીં માનો તો બીજી કોઇ પણ વસ્તુથી સ્વતંત્રપણે તમે સૂર્યની માફક પ્રકાશિત થશો. તે ઉપરાંત તમે હરેક જગાએ રહો એવા (સ્વભાવિક) થશો.

ભક્ત : તે એમ કહ્યા જેવું છે કે દરેક વ્યક્તિએ પોતે કોણ છે તે પ્રથમ પોતાની જાતે જ શોધી કાઢવું જોઇએ.

સ્વામી : બરોબર, પ્રથમ તેની તપાસ કરો. અલબત્ત જેઓ કાબેલ નથી તેઓને માટે આ અતિશય મુશ્કેલ હશે. તેથી આ પદ્ધતિ (ધોરણ)માં અનુભવ પામેલા કહે છે કે 'કાબેલ નહીં હોય એવા મનુષ્યોને આ વસ્તુઓ કહેવાવી ન જોઇએ. જો તમે કાબેલિયત વિનાના મનુષ્યોને કહો કે “તમે પોતે બ્રહ્મ છો”, “તમે મોક્ષ પ્રાપ્ત કર્યો છે“ “તમે તે ભૂમિકા (અવસ્થા)માં  છો”, તો તેઓ કોઇ સાધના કરશે નહીં, તેઓ કોઇ પણ નિયમ કે ક્રમ  વિના કાર્ય કરશે અને ખરા અને ખોટાની દરકાર રાખશે નહીં. આ ફક્ત ગુરુદ્વારા અથવા ઇશ્વરની આજ્ઞા દ્વારા જાહેર કરાવું જોઇએ ! જે લોકોને શિસ્તમાંથી પસાર થવાની પિપાસા (તરસ) હોય, તેઓ અલબત્ત એ વિષે પૂછી શકે છે; પરંતુ તે આચરણમાં મુકાવું જોઇએ; માત્ર સાંભળવું અને મોઢેથી બોલ્યા કરવું કે “ બધુ એક જ છે” એ વ્યર્થ છે. એ અર્થ વિનાનું છે.

ભક્ત : સ્વામી, શંકર કહી ચૂક્યા છે: “ વિશ્વમ્ દર્પણ દષ્યમાન નગરીતુલ્યમ્ નિતમતરગમ્” વગેરે, (જો તમે ખરેખર તેના આંતરિક અર્થનો મર્મ પકડો તો દુનિયા આયના દ્વારા દેખાતી એક નગરી જેવી છે.) આ જગત અવાસ્તવિક (મિથ્યા) છે, એ તમામ માયા છે. એ દષ્ટિ સામાન્ય લોકોને માટે છે કે જ્ઞાનીઓને માટે પણ છે?

સ્વામી : જ્ઞાનીની આંખ તમામ વસ્તુઓને બ્રહ્મ તરીકે જુએ છે અજ્ઞાની અથવા જ્ઞાન વિનાનો મનુષ્ય કે કંઇ કહેવામાં આવે તે સમજી શકતો નથી, તેથી તમામ શસ્ત્રોનો હેતુ મધ્યમ (વચલા વાંધાના) લોકોને ફાયદો કરવાનો છે.

ભક્ત : એનો અર્થ એમ થાય કે તમામ સાધનાઓ વિચારણા માર્ગ, એટલે કે તપાસના માર્ગમાં સમાયેલી છે.

સ્વામી : હા, વેદાંતનું શિક્ષણ " હું કોણ છું એ વિષે છે? અને આ તપાસ કરવા માટે ચાર સાધનોથી સજ્જ થયા હોય તેઓ જ માત્ર લાયક છે તે ચાર સાધનોનો હેતુ એવું સમજવાનો છે કે આત્મા વાસ્તવિક (સત્ય) છે અને બીજું બધું જ અવાસ્તવિક (મિથ્યા) છે; વળી તેમનો બીજો હેતુ આત્મા અને બીજાં બધાં વચ્ચેનો ભેદ જોવાનો છે.

ભક્ત : તે કેવી રીતે સમજાય, સ્વામી?

સ્વામી : આત્માના સ્વાભાવમાં તપાસ કરીને. પ્રથમ તેઓ તમામ જુદા જુદા પ્રકારની સાધનાઓ કરે છે અને એ છેવટે આ તપાસમાં પ્રવેશ કરે છે. જ્યારે તમે બાળક હો ત્યારે તમને એ બી સી ડી શીખવવામાં આવે છે, શું એમ નથી ? એમ. એ. અને બી. એ નો અભ્યાસક્રમ પણ એ બી સી ડી અને તેમના ફેરફારો અને એકીકરણોનો બનેલો છે ! શાસ્ત્રો અક્ષર પર રચાયેલાં છે. અક્ષરનો અર્થ વર્ણ (અક્ષર) અને અવિનાશી એ બંને પ્રકારનો થાય છે. તમામ માર્ગોનો પાયો વિચારમાર્ગ છે.

ભક્ત : પરંતુ કેટલાક લોકો એવા છે, જે સમાધિ પ્રાપ્ત કરે છે. તેઓ સમાધિમાં આ બધી તપાસ વગેરે કરશે ?

સ્વામી : તમે અદ્દભૂત વ્યકિત છો. સમાધિમાં તપાસ શી રીતે થઇ શકે ? જયારે તમે ઘોર નિદ્રામાં હો ત્યારે તમને તમારી આસપાસની દુનિયાના કંઇ વિચાર આવે છે ? આ સમાધિનું પણ તેના જેવું જ છે.

ભક્ત : સમાધિમાં મન હોતું નથી ખરું ને ?

સ્વામી : જે કંઇ મન ઊંઘમાં ચાલુ હશે તે મન ત્યાં પણ હશે.

ભક્ત : લોકો સમાધિમાં તુર્યાવસ્થા, વધારે ચઢિયાતી અવસ્થાની વાત કરે છે, તે શું છે સ્વામી ?

સ્વામી : તે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ (ગાઢ નિદ્રા) એ ત્રણેય અવસ્થાની ઉપરની અવસ્થા છે.

ભક્ત : તુર્યાવસ્થામાં આ ત્રણે ય અવસ્થા શા કારણે ગેરહાજર હોય છે ? તે અવસ્થાનાં ખાસ લક્ષણ શું છે ?

સ્વામી : જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ (ગાઢ નિદ્રા) એ ત્રણેય અવસ્થા "હુંપણું", અહંકાર અને મનવાળી વ્યકિત જે આ બધા કાર્યો કરે છે તેનાં વિશેષ લક્ષણો છે. તુર્યાવસ્થામાં તે હાજર નહીં હોય. તે લાંબા સમય પહેલા અદ્રશ્ય થયાં હશે. તુર્યાવસ્થાવાળાઓ માટે ખુલ્લી આંખો સાથે એ બધું સરખું જ છે, એ બધું એક જ છે.

ભક્ત : સ્વામી, તે અહમ્ વિના તેઓ વાત કેવી રીતે કરી શકે ?

સ્વામી : જે પ્રથમ "અહમ્" હતો તેનું, જયારે વાસ્તવિકતા (સત્ય) સમજાય ત્યારે "સ્વરૂપ", સાચી વસ્તુમાં રૂપાન્તર થાય છે; તે મનોનાશમ્", મનના નાશ તરીકે ગણાય છે.

ભક્ત : તો આ નિર્વિકલ્પ સમાધિ વગેરે બધાં "નાશમમ્", મનના નાશ છે ?

સ્વામી : પ્રિય શિષ્ય, તમામ સમાધિઓ વિલીન થઇ જવું તે અથવા લય છે, નાશ બિલકુલ નહીં, જયારે તમને રચના અને વિનાશ બંને હોય ત્યારે તમારી અવસ્થા (ભૂમિકા) સાધકની છે.

ભક્ત : સ્વામી, આ વિષય ઘણો રસદાયક છે.

સ્વામી : એની કદર કરતાં નિષ્ક્રિય બેસી ન રહો. રોજબરોજના જીવનમાં તેનું આચરણ કરો. ઠીક, હવે તમે રજા લઇ શકો છો.

ભક્ત : બહુ સારું, સ્વામી, મને તે આચરણમાં આશીર્વાદ આપો. હું તરત પાછો આવીશ.

## પ્રકરણ :૧ ૧

ભક્ત : સ્વામી, મને એક સંદેહ છે, તે હું તમને પૂછી શકું ?

સ્વામી : “હું તમને પૂછી શકું ? એમ શા માટે બોલો છો ?

ભક્ત : કેટલાક લોકો બ્રહ્મને અસ્તિ, ભાતિ, પ્રિયમ્ તરીકે વર્ણવે છે; એનો અર્થ શો થાય છે ? આનો (અસ્તિ, ભાતિ, પ્રિયનો) બ્રહ્મની સાથે કેવો સંબંધ છે ?

સ્વામી : તમને સંદેહ છે ? અસ્તિ એટલે “જેનું અસ્તિત્વ છે” ભાતિ એટલે “જે પ્રકાશે છે”, પ્રિય એટલે અલબત્ત તમે જાણો છો, શું તમે નથી જાણતા ?... આનંદ આપનાર, ઇચ્છવાયોગ્ય, સંતોષ આપવાને શક્તિમાન. તમને જે સઘળુ પ્રિય હોય તે બ્રહ્મ છે ! જો તમે પ્યારથી એક કૂતરાને ચાહો તો તે કૂતરો પણ બ્રહ્મ છે ! કૂતરાને નામ અને રૂપ છે. જો તમે તમારા નામ અને રૂપને અને તેનાં નામ અને રૂપને દૂર કરો તો પછી બ્રહ્મ એકલો જ બાકી રહે. નામ અને રૂપ એ “ભૂતકાળની અડચણો", ‘ભૂત પ્રતિબંધ” છે. નામ અને રૂપની ગેરહાજરી એ બ્રહ્મ છે. અનેક નામ અને રૂપમાં સ્વાભાવિક માત્ર એક જ બ્રહ્મ છે. તમારે સૌથી પહેલા તેનું અસ્તિત્વ (હોવાપણું) પિછાનવાનું છે. તે અસ્તિત્વ (હોવાપણું) એ અસ્તિ” છે, જાણનારનું જ્ઞાન “ભાતિ” છે, અતિશય તેજ, ચકચકિત શોભા પણ બ્રહ્મ છે. તેને જોવાની, તેનો અનુભવ કરવાની અને તેની ખોજ કરવાની આતુરતા હોય છે. શું આતુરતા નથી હોતી ? તે “પ્રિયમ્", આકર્ષણ, મોહને લીધે છે. પ્રિય શિષ્ય, આ ત્રણ (અસ્તિ, ભાતિ, પ્રિયમ્) બ્રહ્મના મૂળનાં (પાયાનાં) વિશેષ લક્ષણો છે !

ભક્ત : તો પછી લોકો “સચ્ચિદાનંદ”ની વાત કરે છે તે શું છે !

સ્વામી : તે પોતે “સત-ચિત્ત-આનંદ” તરીકે ઓળખાય છે, કારણ કે તેનો સ્વભાવ “અસ્તિ-ભાતિ-પ્રિયમ્” છે.

ભક્ત : સ્વામી, “પ્રિયતા”, પ્રિયમ પણ તેનો સ્વાભાવ છે તે કારણે દરેક વસ્તુ પ્રિય હોવી ન જોઇએ? પરંતુ વીંછી, સર્પ અને જંગલી પ્રાણીઓ પ્રેમ આકર્ષી (પામી) શકતાં નથી!

સ્વામી : તમે ભલે તેમને ન ચાહો, પરંતુ તેઓ એકબીજાને ચાહે છે, શું તે નથી ચાહતાં? એક ચોરને બીજો ચોર ગમે છે; એક ભક્તને બીજો ભક્ત ગમે છે; દરેક પોતાની જાતને ચાહે છે.

ભક્ત : સ્વામી, હું આ બધું સ્પષ્ટપણે સમજતો નથી. આધુનિક દુનિયામાંથી અસ્તિ-ભાતિ-પ્રિયમ્ વિષે જો કોઇ ઉદાહરણ હોય તો તે મને કહો.

સ્વામી : પ્રિય શિષ્ય, "જો કોઇ હોય તો" એમ શા માટે કહો છો. જ્યારે બધું જ બ્રહ્મ છે ત્યારે તેનું ઉદાહરણ ન હોય એવી વસ્તુ કઇ જગ્યાએ છે ? તમે ચિત્ર જોવા જાઓ છો. ચિત્રનું અસ્તિત્વ પડદા પર છે, તે પડદાને વળગી રહે છે તે છે તે "અસ્તિ" છે. તેને (ચિત્રને) કોણ જુએ છે અને સમજે છે? તમે. તેથી તે "ભાતિ" છે. પ્રિય અને ચાહવા યોગ્ય નામો અને રૂપો આવે છે અને જાય છે. જો તમે તેમનાથી ભ્રમિત થયા સિવાય તેમને બાજુએ મૂકો તો પણ પડદાનું અસ્તિત્વ હંમેશા છે જ. અહીં એક મુદ્દાની નોંધ લેવાની જરૂર છે. યંત્રના ઓરડાની દિવાલમાંના એક નાના કાપ (ચીરા) માં થઇને બહાર નીકળતાં પ્રકાશનાં કિરણ વડે ચિત્રો પડદા પર પડે છે, પરંતુ જો પ્રકાશનું તે કિરણ તે કાપની મર્યાદામાંથી છટકી જઇને તે કાપડમાંથી આવવાને બદલે આખા ઓરડામાંથી આવે તો ચિત્રો દેખાશે નહીં ! પડદો સંપૂર્ણપણે પ્રકાશથી છવાઇ જશે. તે જ પ્રમાણે દુનિયાને પણ મનુષ્યના મગજરૂપી કાપડમાંથી જોવામાં આવે તો અનેકગણી રંગબેરંગી સુષ્ટિ જણાશે. જો આત્મજ્ઞાનના પ્રકાશનો પ્રવાહ વહેવડાવીને તમે તેને આત્મા દ્વારા જોશો તો તે એક અમર્યાદ પ્રકાશ હશે અને કોઇ પણ વ્યક્તિગત ચિત્ર જણાશે. કહેવાનો મતલબ એ છે કે બધું જ એક અવિભાજ્ય બ્રહ્મ તરીકે જણાશે. તમને સમજ પડે છે ?

ભક્ત : સ્વામી, હું તે સ્પષ્ટપણે સમજ્યો છું. "ભૂતકાળની હરકતો", ભૂતપ્રતિબંધોનો અર્થ શો થાય છે તે હવે હું સમજું છું. "વર્તમાનકાળ"ની અડચણો (પ્રતિબંધો) શું છે ?

સ્વામી : બહુ સારું, તે હું તમને કહીશ. વર્તમાનકાળની અડચણો (પ્રતિબંધો) ચાર પ્રકારની છે : (૧) ઇન્દ્રિય-વસ્તુઓ પર પ્રીતિ, (૨) તિરસ્કારયુકત ટીકા, (૩) મંદબુદ્ધિ અને (૪) બેવફૂફી ભરેલા અહંકારી ખ્યાલ. પહેલો પ્રકાર ઇન્દ્રિયોને આકર્ષિત કરનાર વસ્તુઓ પરની હલકા પ્રકારની પ્રીતિનું કારણ છે. બીજો પ્રકાર મનુષ્યોને ગુરુના શિક્ષણ (બોધ) માંથી ખોટા અર્થો તારવતા બનાવે છે. ત્રીજો પ્રકાર ગૂંચવાડો ઉત્પન્ન કરે છે, કારણકે ગુરુએ સમજાવેલી વસ્તુ બિલકુલ સમજાયેલી હોતી નથી. છેલ્લો એટલે ચોથો પ્રકાર મનુષ્યને ભૂલથી શરીર અને ઇન્દ્રિયોને આત્મા માની લઇને પોતે મહાન વિદ્વાન, પંડિત અથવા તપસ્વી છે એવી લાગણી સેવતો કરે છે.

ભક્ત : અને "ભવિષ્યકાળ"ની અડચણો (પ્રતિબંધો) ?

સ્વામી : અરે ! તેઓ હંમેશા પાપી કૃત્યો દ્વારા આવે છે. તેઓ અચાનક આવીને અડચણ કરે છે !

ભક્ત : તો સ્વામી, અમારે તેમનો સામનો શી રીતે કરવો ?

સ્વામી : તે બધાને માટે શક્ય નથી. ઇચ્છા રાખનાર માણસ કેટલેક અંશે પાસે આવતું અનિષ્ટ અને તેનાં મૂળ (ઉગમ)થી મોહિત થઇ શકે છે. તે (અનિષ્ટ) દયારૂપી જામો પહેરનારી યા દયાનો સ્વાંગ સજનારી ઇચ્છા ઉત્પન્ન કરે છે. ત્યારે તમારે તેને “ભવિષ્યની અડચણ” તરીકે ઓળખવું જોઇએ. એક જિંદગીના પ્રયત્નને પરિણામે આગાઉથી આના જેવી ચેતવણી પામવી મુશ્કેલ છે. આ કેળવણી પ્રાપ્ત કરવા માટે ઘણા જન્મ લેવા પડે.

ભક્ત : પરંતુ આ પ્રમાણે શીખ્યા હોય એવા કોઇ મનુષ્ય છે ?

સ્વામી : એવા લોકો છે. ધર્મશાસ્ત્રો ભરત અને વસુદેવને માટે કહે છે : ભરતે બે અથવા ત્રણ જન્મ લીધા હતા; વસુદેવે એક વખત જન્મ લેવો પડયો હતો.

ભક્ત : તેનો અર્થ એવો થાય છે કે આ ત્રણ અડચણોને ઘણા અવતાર લીધા સિવાય જીતી શકાતી નતી. આ બધી માથાકુટ વિના આપણે સફળ નહીં થઇ શકીએ ?

સ્વામી : કેમ ? ઇચ્છા રાખનાર (જિજ્ઞાસુ) આ ત્રણેયના ઉપર અક્કલ દોડાવીને તેમનાથી ચિંતા પામવામાંથી બચી શકે છે. નહીં તો તે માટે ઘણા અવતાર લેવા પડે.

ભક્ત : સ્વામી, “વર્તમાનકાળ”ની અડચણો પર શી રીતે વિજય મેળવવો ?

સ્વામી : આ માટેની પણ એક રીત છે. કર્મ, યોગ્ય (ઉચિત) કર્મ દ્વારા જીતી ન શકાય એવી કોઇ પણ અડચણ નથી. ઇન્દ્રિય વસ્તુઓની પ્રીતિ (મોહ) સમ, દમ, ઉપરતી અને તિતિક્ષાથી પવિત્રતા, પોતાની જાત પરનો કાબૂ, ઇચ્છા રહિતપણું અને સહનશકિત કેળવીને તે દૂર કરી શકાય. સાંભળેલી વસ્તુ પર સતત ચિંતન; તિરસ્કારયુકત ટીકા કરવાની ટેવનો નાશ કરશે. અને બેવકુફી ભરેલો અહંકારી ખ્યાલ (વિચાર) નો મનુષ્ય જે શિક્ષણ મેળવે છે તે દ્વારા નાશ થશે.

ભક્ત : આ બધામાં નિપુણતા મેળવવી એ દરેક મનુષ્ય માટે અશક્ય લાગે છે. સૌને ખાતર તેને સહેલું બનાવવા માટે કયું અગત્યનું છે?

સ્વામી : પ્રિય શિષ્ય, એક વસ્તુને જાણવા માટે “ વિજ્ઞાન” જરૂરી છે. અજ્ઞાન મનુષ્યને અણસમજુ બનાવે છે, શું તમે તે જાણતા નથી?

ભક્ત : આ “વિજ્ઞાન” અને આ “અજ્ઞાન” વિષે ઘણા લોકો ઘણી વસ્તુ કહે છે. તે બંનેની પાછળ પાયાની વસ્તુ શી છે તે મને કહો.

સ્વામી : હવે તમે સૌથી પ્રથમ પગથિયે આવ્યા છે. અજ્ઞાન એ બાહ્ય વસ્તુ સાથે સંબંધ ધરાવનાર માનસિક વલણ છે અને વિજ્ઞાન એ આંતરિક વિષય સાથે સંબંધ ધરાવનાર માનસિક વલણ છે. અજ્ઞાન એ મન અને ચિત્ત તરીકે પણ ઓળખાય છે. જયારે પ્રવૃત્તિ અને માનસિક વલણ અંદરની બાજુએ વળાંક લે છે ત્યારે તેઓ બુદ્ધિ અને અંતઃકરણ કહેવાય છે.

ભક્ત : કેટલાક કહે છે કે જ્ઞાનીને ફક્ત બે વસ્તુ હશે. એક બીજી દુનિયા પ્રાપ્ત કરવાની ઇચ્છા અને બીજી ભૂતકાળના કર્મોનો બોજો. શું તે ખરું છે?

સ્વામી : જ્ઞાની અને અજ્ઞાની બંનેને ઇચ્છા, અનિચ્છા, બીજી દુનિયા માટેની ઇચ્છા અને ભૂતકાળનાં કર્મોના બોજ એ સઘળાં એક સરખા પ્રમાણમાં હશે. તેમના અનુભવ પણ સરખા પ્રમાણમાં હશે. ફક્ત જ્ઞાનીને તે પોતે કર્તા છે એવું ભાન હશે નહીં. અજ્ઞાનીને તે પોતે કર્તા છે એવું ભાન હોય છે અને તેથી તે બંધનમાં પડે છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આ તફાવત છે. હું તમને કહી ચૂકયો છું, શું હું નથી કહી ચૂક્યો કે “મનુષ્યને માટે મન જ બંધન અને મોક્ષનું કારણ છે.” મન એવ મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયોઃ ”

ભક્ત : લોકો મન મન કહ્યા કરે છે તે શું છે? તેનું સ્વરૂપ શું છે?

સ્વામી : “જ્ઞાન”, “સમજ(બુદ્ધિ)” તેનું સ્વરૂપ છે. જો તમે તે જ્ઞાનનો પાયો(મૂળ) જાણો તો તમને બિલકુલ બંધન થશે નહીં.

ભકત : ત્યારે તે પાયો (મૂળ) શું છે?

સ્વામી : જેને તમે “હું” તરીકે ગણો છો તે એનો પાયો (મૂળ) છે. “હું”ની શોધ કરતાં જો તમે તે “હું” ની સ્થિતિમાં હો, ગમે તેટલા ગણી “સમજો” આવે અથવા ન આવે તે છતાં તમે અસર પામ્યા વિનાના રહેશો.

ભક્ત : ખરું તે ઘણું સારું છે, સ્વામી, કૃપા કરી આ બધાંને અમારા મગજમાં દાખલ કરો કે જેથી કરીને અમે અમારી જિંદગીનો હેતુ સમજીએ, સ્વામી, હું રજા લઈશ.

સ્વામી : આનંદથી જાઓ અને મોડેથી આવજો. મારા આશીર્વાદ સાથે લેતા જાઓ.

## પ્રકરણ: ૧૨

ભક્ત : સ્વામી, વેંકટગીરીમાં “આધ્યાત્મિક સભા” દરમિયાન તમે કેટલીક વસ્તુઓ કહી હતી, જે હું સ્પષ્ટપણે સમજી શકયો નથી. હાલ હું તમને તેમના વિષે પૂછી શકું?

સ્વામી : જયારે કોઇ પણ મનુષ્ય જે વસ્તુઓ તે ન સમજ્યો હોય તે વિષે પૂછે તો મને આનંદ થાય છે. અલબત્ત, તમને પૂછવાનો હક્ક છે.

ભક્ત : તમે કહ્યું હતું “ સ્થૂલરૂપ” અને “ સૂક્ષ્મરૂપ” જાડું રૂપ અને ઝીણું રૂપ, શું તમે નહોતું કહ્યું? આ બંને ફક્ત મનનાં જ વિશેષ લક્ષણો છે? અથવા તેઓ દરેક વસ્તુ સાથે સંબંધ ધરાવે છે?

સ્વામી : તેઓ દરેક વસ્તુનાં ખાસ લક્ષણો છે. ખરી વાતે, સ્કૂલમાં જોવામાં આવતાં સઘળાં નામ અને રૂપનું અસ્તિત્વ સૂક્ષ્મ અવસ્થામાં પણ હોય છે! સ્થૂલનું અસ્તિત્વ ફક્ત તમને સૂક્ષ્મની સમજ આપવા માટે છે.

ભક્ત : ઠીક ત્યારે સ્વામી, અમે જાડું આસમાન, સ્થૂલાકાશ જોઇએ છીએ, તેને સૂક્ષ્મ આકાશ પણ છે?

સ્વામી : પ્રિય શિષ્ય, આ બધું તે સૂક્ષ્મ આકાશમાં હસ્તિ ધરાવે છે. સૂક્ષ્મ આકાશ સ્થૂલાકાશના જેવું જ અદ્રશ્ય (અગોચર) અને સર્વવ્યાપક છે.

ભક્ત : સ્વામી તેનું નામ શું છે?

સ્વામી : તે સૂક્ષ્મ હૃદયાકાશ, હૃદયનું સૂક્ષ્મ આકાશને નામે ઓળખાય છે.

ભક્ત : તે સર્વવ્યાપક શી રીતે હોઇ શકે?

સ્વામી : આ હૃદયકાશને જેટલો વિસ્તાર, ક્ષેત્રફળ, પહોળાઇ વગેરે હોય છે તેટલાં બીજા કોઈ વસ્તુને હોતાં નથી. જુઓ તેમાં કેટલાં દ્રશ્યો, કેટલી લાગણીઓ, કેટલી કલ્પનાઓ વગેરે પડેલાં અને દટાયેલાં હોય છે!

ભક્ત : ત્યારે આપણી પાસે સૂક્ષ્મ આકાશમાં સૂર્ય પણ હોય છે?

સ્વામી : અલબત્ત, કોણે કહ્યું કે નથી? તે સિવાય આ બધી શોભા, આ બધો પ્રકાશ, ડહાપણ અને ચળકાટ શી રીત હોઈ શકે?

ભક્ત : સ્વામી, તેનું નામ શું છે?

સ્વામી : જયારે હૃદય આકાશ છે ત્યારે કુદરતી રીતે બુદ્ધિ અથવા અક્કલ એ સૂર્ય છે, જે આકાશને પ્રકાશિત કરે છે. બુદ્ધિનું તેજ સૂર્યના કિરણ જેટલું જ પ્રકાશિત છે. તેથી બુદ્ધિ સૂક્ષ્મ સૂર્ય છે.

ભક્ત : ત્યારે એ શક્ય છે કે હૃદયના આકાશમાં સૂક્ષ્મ રૂપે ચંદ્ર પણ હોય છે.

સ્વામી : તમે આ બધાં વિષે એક પછી એક શા માટે પૂછો છો? મેં શરૂઆતમાં જ તમને નહોતું કહ્યું? દરેક સ્થૂલ નામ અને રૂપને તેને અનુરૂપ સૂક્ષ્મ રૂપ અને નામ હોય છે. ઠંડાં કિરણોવાળો અને હૃદયને ખુશ કરનાર ચંદ્ર તેના સૂક્ષ્મ રૂપમાં " પ્રેમ" છે. પ્રેમ એ ચંદ્રનું સૂક્ષ્મ રૂપ છે.

ભક્ત : સ્વામી, મને ક્ષમા કરજો. પાંડવો અને કૌરવોએ યુદ્ધ કર્યું હતું, શું નહોતું કર્યું? આ સૂક્ષ્મ પાંડવો અને તેમના વિરોધી સૂક્ષ્મ કૌરવોએ સૂક્ષ્મ યુદ્ધ કર્યાનું શી રીતે મનાય?

સ્વામી : તમે એમ શા માટે કહો છો કે " યુદ્ધ કર્યું હોવાનું મનાય?" તેઓ આજે પણ સૂક્ષ્મ રૂપે યુદ્ધ કરી રહ્યા છે! આ યુદ્ધમાં દુષ્ટ ગુણો તે કૌરવો છે અને સારા ગુણો જેવા કે સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા એ પાંચ પાંડવ બંધુઓ છે. દુષ્ટ ગુણ ઘણા છે અને તેથી કૌરવો પણ ટોળાબંધ છે. દરેક મનુષ્ય તેના પોતાના હૃદયાકાશ નીચે, તેની પોતાની ચિદભૂમિ પર દરેક ક્ષણે આ યુદ્ધ કરી રહ્યો છે.

ભક્ત : સ્વામી, લોકો કહે છે કે પાંડવો પાંડુ રાજાનાં બાળકો છે અને કૌરવો રાજા ધૃતરાષ્ટ્રનાં બાળકો છે. " સૂક્ષ્મ" રૂપમાં અમારે તેમને કેવી રીતે ઓળખવાં?

સ્વામી : બંને એના જ (એક) હૃદયના રાજપદ માટે તકરાર (ઝઘડો) કરનારા છે. તેઓ દરેકમાં અજ્ઞાની અને સુજ્ઞાની ડહાપણ વિનાની વ્યક્તિ તરીકે છે. મૂર્ખ (અવિચારી) આંધળો રાજા ધૃતરાષ્ટ્ર છે અને ડાહ્યો પાંડુ સઘળા સદ્દગુણોનો પિતા છે, તમે સમજયા?

ભક્ત : સ્વામી, મને ક્ષમા કરો, પરંતુ ત્યારે લાખો યોદ્ધા, રથો અને રૈયતના લોકો હતા. આ " સૂક્ષ્મ" યુદ્ધમાં તેઓ કોણ છે?

સ્વામી : અલબત્ત, મનુષ્યમાં તે બધા છે. લાખો લાગણીઓ, વિચારો અને મન પરની છાપો તે યોદ્ધાઓ અને રૈયતના માણસો છે. દશ ઇંદ્રિયો તે પલટણો (ટુકડીઓ) છે; પાંચ જ્ઞાનેન્દ્રિઓ તે રથો

છે. પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સારા અને બૂરા વચ્ચે (સદ્દગુણો અને દૂર્ગુણો વચ્ચે) પાંડવો અને કૌરવો વચ્ચે સતત યુદ્ધ થયા જ કરતું હોય છે. હવે તમને આ સ્પષ્ટ થયું?

ભક્ત : ઠીક, “સૂક્ષ્મ” યુદ્ધમાં ભગવાન કૃષ્ણ કોણ છે, જે તે વખતે સત્તા માટેના યુદ્ધમાં તેઓ તટસ્થ હતા?

સ્વામી : તમે જાણતા નથી? તે આત્મા તરીકે ઓળખાતો સાક્ષી છે. તે “ જીવ” ના રથનો સારથિ છે.

ભક્ત : સ્વામી, બીજો એક પ્રશ્ન છે. આ બધા લોકોને ત્યારે હસ્તિનાપુર તેમની રાજધાની તરીકે હતું. મનુષ્યમાં હસ્તિનાપુર કયું છે?

સ્વામી : આ બધા “સૂક્ષ્મ” નિર્દેશો (દેખાવો જેવો કે આ મનુષ્યો, રથો, પાંડવો અને કૌરવોનો પાયો (મૂળ) તમે જાણો છો તેમ, આ હસ્તિનાપુર, હાડકાઓનું શહેર એ આ શરીર છે. આ હાડપિંજર તે હસ્તિનાપુર છે! બંનેને નવ દરવાજા છે. ત્યાં કૌરવો અને પાંડવો બંને જન્મ્યા હતા, વળી આ જ હસ્તિનાપુરમાં તમામ સારા -નબળા ગુણો જન્મે છે, ઉછરે છે, ખીલે છે અને સમી જાય છે. તેઓ એકબીજા પર નજર રાખે છે અને એકબીજાને ધિક્કારે છે. આ બધું એક જ શરીરમાં બને છે. આ શરીરમાં ઝઘડતા રાજાઓ પણ “અજ્ઞાની” અને “સુજ્ઞાની” અથવા મૂર્ખ વ્યક્તિઓ અને ડાહી વ્યક્તિઓ નથી?

ભક્ત : હા સ્વામી, મહાભારતનું યુદ્ધ અને મનુષ્યના ગુણો અને વર્તણૂંક વચ્ચે નજીકનો સંબંધ છે. ખરેખર, આ સંબંધ છે એમાં કોઇ શક નથી. કેવી સુંદર તુલના (સરખામણી)! તમે કહ્યું તેમ આ પ્રકારનું યુદ્ધ દરેક વ્યકિતમાં અત્યારે પણ થઇ રહ્યું છે. ઠીક, સ્વામી, આ યુદ્ધનો અંત કયારે આવશે?

સ્વામી : તમે પુછો છો, “આ યુદ્ધનો અંત કયારે આવશે? જયારે દુર્ગુણો અને સદ્દગુણો બંને એક થઇ જાય અને મનુષ્ય ગુણરહિત બને ત્યારે જ મનુષ્ય શાંતિ પામી શકે.

ભક્ત : તે વખતે આ રણક્ષેત્ર, આ હસ્તિનાપુર, હાડકાંના શહેરનું અસ્તિત્વ નહીં હોય, ખરું ને?

સ્વામી : જયારે યુદ્ધ હોય ત્યારે યુદ્ધક્ષેત્ર હોવું જ જોઇએ. જયારે તમારે યુદ્ધ જ ન હોય ત્યારે ક્ષેત્ર વિષેની માથાકૂટ શા માટે?

ભક્ત : આપણે યુદ્ધથી બિલકુલ દૂર રહી શકીએ?

સ્વામી શા માટે નહીં? રાજાઓ યુદ્ધના મિજાજને ખીલવે છે, કારણ કે તેમને તેમની પ્રજામાં વિશ્વાસ હોય છે. પ્રજા રાજાઓને યુદ્ધના શિકારી કૂતરાઓને છૂટા કરી દેવા ઉત્તેજન આપે છે. ભ્રાંતિ એ રૈયત છે, જે વ્યકિતને યુદ્ધમાં ધકેલે છે. જયારે આવી રૈયતની પ્રજાની) અલ્પતા હોય ત્યારે યુદ્ધ પણ લડાશે નહીં. તેથી પ્રિય શિષ્ય, તમારી જાતને ભ્રાંતિ, મોહ “હું અને મારાપણાંરૂપી પ્રજારહિત કરી દો તો પછી તમે શાંતિ પામી શકો છો, થોભો, મને એક વસ્તુ તમને કહેવા દો. તમામ જાતના વહેમ મનમાં રાખવા એ પણ એક ભ્રાંતિ, “વ્યામોહ” છે. આ લક્ષણમાંથી પણ મુકત થવાનો સખત પ્રયત્ન કરો. ઠીક, જાઓ અને થોડા વખત પછીથી આવજો.

## પ્રકરણ: ૧૩

ભક્ત : સ્વામી, ગયે વખતે તમે મહાભારતના યુદ્ધની વાત કરી હતી, તેવી જ રીતે રામાયણ પણ દરેક મનુષ્યના હૃદયમાં બને છે?

સ્વામી : બેશક, તે પદ્ધતિસર જ બને છે.

ભક્ત : ત્યારે આમાં રામાયણ કયા રૂપમાં આવે છે?

સ્વામી : આત્મા એ રામ છે. તે શરીરરૂપી પોશાક ધારણ કરીને "જીવી" ના પાત્રમાં આવ્યો છે.

ભક્ત : ત્યારે જેની ઇચ્છા પ્રબળ છે એવો "સંકલ્પસિદ્ધ" થઇને અને જેનામાં સર્વ શકિત છે એવો સર્વશકિતમાન થઇને, તે આટલું બધું સહન શા માટે કરે છે?

સ્વામી : એ બધું નાટક છે. તેની લીલા યા રમત છે. તેને આનંદ શું અને દુઃખ શું? તે પોતે આનંદ: સ્વરૂપ છે, જે આનંદ અને દુઃખ એ બેમાંથી એકેયને જાણતો નથી. તેની ઇચ્છાથી તે માયા ઉત્પન્ન કરે છે, તે દરેક વસ્તુ ઉત્પન્ન કરી શકે છે. તેણે પોતે ભૂમિકા ભજવી ને અને પ્રત્યેક ગુણને જુદા સ્વરૂપ તરીકે બતાવીને દુનિયાની રંગભૂમિ પર રામાયણ ભજવ્યું છે. આવું રામાયણ આજે પણ દરેકના હૃદયમાં બની રહ્યું છે. હૃદયમાંનો રામ "આત્મા" સાક્ષી તરીકે દરેક વસ્તુને નિહાળી રહ્યો છે.

ભક્ત : પરંતુ અચેતન યા જડ પદાર્થ, " જીવી" આ રામાયણમાં કેવી રીતે પ્રવેશ કરે છે?

સ્વામી : આ "જડ" સક્રિય ચૈતન્યને એટલે કે બ્રહ્મના જ્ઞાનને સ્વીકારે છે. ચૈતન્ય સીતાના નામ સાથે જન્મે છે. જડ ચૈતન્ય એક થાય છે. આ સીતા રામને લાગુ પડે છે. જયાં સુધી જડ અને ચૈતન્ય એક હોય ત્યાં સુધી કોઇ મુસીબત હોતી નથી, કોઇ દુઃખ હોતું નથી. આ બેમાંથી એકનું જુદું પડી જવું માથાકુટ ઉત્પન્ન કરે છે.

ભક્ત : તે કેવી રીતે, સ્વામી ?

સ્વામી : સીતા, જે બ્રહ્મજ્ઞાન છે તે આત્મા, જે જીવ સ્વરૂપે તેમાંથી જતી રહે છે. જો સીતા અથવા બ્રહ્મજ્ઞાનને ખોવાઇ જવા દેવામાં આવે તો મનુષ્ય અંધકારના જંગલમાં ભટકવામાંથી બચી શકતો નથી.

ભક્ત :  સ્વામી, જો એમ છે તો લક્ષ્મણે હંમેશા તેની સાથે રહેવાનું કારણ શું છે ? અમારા જીવનમાં લક્ષ્મણ શાને માટે છે ?

સ્વામી : જીવનના અંધકારમય જંગલમાં મનુષ્ય એકલો ન હોવો જોઇએ. તેણે હમેશાં મનને તેના પક્ષે રાખવું જોઇએ. આટલા માટે લક્ષ્મણને હંમેશા સાથે રાખવામાં આવે છે.

ભક્ત : રામાયણમાં વાલી અને સુગ્રીવનું વર્ણન કરવામાં આવેલું છે. તેઓ કોણ છે ?

સ્વામી : અંધકારમય જંગલમાં ભટકતા મનુષ્યને નિરાશા સાંપડે છે. તેણે વિવેકશક્તિ (પરીક્ષા શક્તિ) મેળવવી જોઇએ; પરંતુ તેઓને એકબીજા પ્રત્યે વેરભર્યો તિરસ્કાર હોય છે. નિરાશા એ "વાલી" છે, તેનો નાશ કરવો જ જોઇએ; માત્ર ત્યારે જ સફળતા આવી શકે છે, નિરાશા એ "વાલી" છે અને વિવેકશક્તિ (પરિક્ષા શક્તિ) એ "સુગ્રીવ" છે.

ભક્ત : હનુમાન, જે આ બેની વચ્ચે દેખાય છે તે કોણ છે ?

સ્વામી : નિરાશાનો નાશ કરવામાં મોટી મદદ કરનાર તે હનુમાન એટલે કે હિંમત તે હનુમાન છે. હનુમાન હિંમત સ્વરૂપે છે, મનુષ્યે હિંમત સાથે જે સંબંધ ખીલવ્યો છે તેને કારણે મહિસાગર (મોહરૂપી સાગર) ને ઓળંગવાનું શકય છે; તે કારણે જ રામે બતાવ્યું છે કે તેણે હનુમાનની મદદથી સેતુ અથવા પુલ બાંધ્યો હતો.

ભક્ત : મોહસાગરને પાર કર્યા પછી કયા કામની યોજના કરવાની છે?

સ્વામી : રામે પુલ ઓળંગ્યા પછી શું કર્યું તે તમે જાણતા નથી? મોહ અથવા માયાને જીતીને તેણે રાવણ અને કુંભકરણના રૂપમાં  "રજોગુણ" અને " તમોગુણ" ને હણ્યા. બાકી રહેલા છેલ્લા ભાઇ વિભિષણ એટલે સત્વગુણનો રાજયાભિષેક કર્યો. રાવણ, કુંભકર્ણ અને વિભિષણ એ ત્રણેય ભાઇઓનાં પાત્રો અને કારકિર્દીમાં ત્રણ ગુણો (સત્વગુણ, રજોગુણ, તમોગુણ) ને ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યા છે.

ભક્ત :  આ પછી પ્રાપ્ત થયું કહેવાય છે તે શું છે?

સ્વામી : "પ્રાપ્ત થયું કહેવાય છે" એમ તમે કહો છો? પછી અનુભવજન્ય જ્ઞાન, વાસ્તવિક જીવનમાં પ્રાપ્ત થતું જ્ઞાન, અનુભવ જ્ઞાન અથવા સીતાની પ્રાપ્તિ. જયારે જડ અને ચૈતન્યનો ફરીથી સંયોગ થાય છે ત્યારે તે પટ્ટાભિષેક અથવા રાજયાભિષેક, એટલે કે " જીવનમુક્તિ" માટે

મુક્તિ છે, તેથી રામાયણની મૂળ (પાયાની) શિક્ષા આ છે: જીવ, મન, જ્ઞાન, નિરાશા, વિવેક(પરીક્ષા શક્તિ) હિંમત, ભ્રાન્તિ, રજસ, તમસ, સત્વ આ બધામાં દરેક પોતાની જાતનું જુદાં જુદાં સ્વરૂપે પ્રતિપાદન કરે છે. આમાંનું દરેક કઈ રીતે પ્રાપ્ત થઈ શકે અથવા તાબે થઈ શકે તે  શીખવાનું છે આ બધું જે આત્મા રામના નામ સાથે રામસ્વરૂપે આવ્યો છે, તેના દ્વારા તેના કાર્ય, વર્તણૂક, આજ્ઞા અને માર્ગદર્શનથી થાય છે, તેનું રામાયણ તે દિવસે પૂરું થતું નથી. જ્યાં સુધી દરેક મનુષ્યના જીવનમાં આ માર્ગો દ્વારા સિદ્ધિ માટે તરફડાટ હોય છે. મનુષ્ય અંતે અનુભવજ્ઞાન પ્રાપ્ત કરતો હોય અને આખરે સત્વગુણનો રાજ્યાભિષેક થાય ત્યાં સુધી મનુષ્યના હૃદયમાં રામાયણ બનતું રહેશે. એક બાજુએ મહાભારતનું યુદ્ધ, બીજી બાજુએ રામાયણ અને બીજી એક બાજુએ ભાગવત; આમ કાયમને માટે જીવન જીવાય છે. આ રામાયણ, મહાભારત અને ભાગવતનાં સૂક્ષ્મ સ્વરૂપો છે. તમને સમજ પડે છે ?

ભક્ત : તેનો અર્થ એ થાય છે કે વાસ્તવિક રામાયણમાં આત્મા એ રામ છે, મન એ લક્ષ્મણ છે, બ્રહ્મજ્ઞાન એ સીતા છે અને જયારે તે સીતા ખોવાય છે ત્યારે રામ અસ્તિત્વના જંગલમાં પડે છે. તે જંગલમાં નિરાશા અને પરિક્ષાશક્તિ હોય છે. જો આપણે હનુમાન અથવા હિંમતની સોબત કરીએ તો આપણે જાબુંવાન, અંગત અને બીજા વાનરોએ દર્શાવેલ રુચિ, બળ અને સ્થિરતાના સૈન્ય વડે મોહ (માયા) રૂપી સાગરને પાર કરી શકીએ તે પાર કરતાંની સાથે જ આપણે રાવણ અને કુંભકર્ણના ગુણોને મળતા રાજ઼સિક અને તામસિક ગુણોનો નાશ કરી શકીએ ત્યાર પછી વિભિષણના જેવા સાત્વિક ગુણોનો રાજયાભિષેક થઇ શકે; પછી અનુભવજ્ઞાન અને સીતાને પ્રાપ્ત કરી શકાય. આ જડ અને ચેતન્યનો સંયોગ એટલે કે સીતા અને રામનો સંયોગ તે આનંદ, જીવનમુક્તિ આત્માની મુક્તિ છે. અરે ! કેવું સુંદર રામાયણ ! જો એમ કહીએ તો દશરથના પુત્ર તરીકે રામે પૂર્ણ કરેલું રામાયણ હાલમાં દરેક મનુષ્યમાં ગુણો અને ઈન્દ્રિયોના સ્વરૂપ દ્વારા સુક્ષ્મ રામાયણ તરીકે ભજવાઇ રહ્યું છે.

સ્વામી : આમાં “એમ કહીએ તો” જેવું કઈ જ નથી. તે અત્યારે સૂક્ષ્મ રામાયણ તરીકે બની જ રહ્યું છે.

ભક્ત : સ્વામી, તમે કહ્યું કે રામાયણમાં દરેક ગુણ અને દરેક ઈન્દ્રિય જુદું રૂપ ધારણ કરે છે. તે એવો તર્ક કરવામાં કેટલુંક આશ્ચર્ય ઉત્પન કરે છે કે ઈન્દ્રિયો પણ કોઈ રૂપ ધારણ કરી શકે ? આ સ્થૂલ અને સૂક્ષ્મ રામાયણોમાં ઇન્દ્રિયો કયાં રૂપમાં દેખાય છે? એ કૃપા કરીને મને કહો.

સ્વામી : જે કોઈ ગુણ હોય તે ઇન્દ્રિયોની મદદ વિના પોતાને કેવી રીતે દર્શાવી શકે? ગુણો ઇન્દ્રિયોમાં ઉછરે છે. કર્મેન્દ્રિયો પાંચ છે; જ્ઞાનેન્દ્રિયો પાંચ છે. આ દશ ઇન્દ્રિયો “ મન” ની મદદથી આત્મામાં પ્રીતિ ઉત્પન્ન કરે છે, શું એમ નથી? નહીં તો વિલીનીકરણ બિલકુલ ન હોઇ શકે. એમ કહેવાય છે કે “માયામાં જન્મેલા, માયામાં ઉછરેલા મનુષ્યના જીવનનો હેતુ“ માયા ” ને વશ કરવાનો છે”. વળી તે જ પ્રમાણે ઇન્દ્રિયોમાં જન્મેલા અને ઇન્દ્રિયોમાં ઉછરેલા જડ ચૈતન્ય ઇન્દ્રિયોને વશ કરવાની છે. તે તેનું મૂળ (પાયાનું) લક્ષણ છે. શું તમે તે જાણતા નથી? તે કારણે તમને ખબર છે કે રામ, “જીવી” કયાં જમ્યો હતો? તે કોનો પુત્ર છે? દશરથનો. એ (દશરથ) નામ છે, કારણ કે તે દશ ઇન્દ્રિયોની સાથે સંબંધ વિનાનું ન હોઈ શકે, પરંતુ હમણાં તેઓ જ્ઞાનની ઇન્દ્રિયો અને કર્મની ઇન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના રૂપમાં છે, ત્યારે તે સઘળાં આ દશરથ સ્વરૂપે (દશરથના રૂપમાં) હતાં.

ભક્ત : દશરથને ચાર પુત્ર હતા. તે શાનાં સ્વરૂપ હતાં સ્વામી?

સ્વામી : દશ ઇન્દ્રિયોમાંથી ફકત ચાર જ નહીં, પરંતુ ગમે તે સંખ્યામાં ગુણો અને રૂપો ઉત્પન્ન થઇ શકે; પરંતુ પરમાત્માનાં ચાર મુખાર્વિંદોનાં ચિહ્નો તરીકે મુખ્યમાં મુખ્ય ફકત ચાર સ્વરૂપે પરમાત્માની ઇચ્છાશકિતથી ઉત્પન્ન થયાં. તેઓ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન તરીકે જન્મ્યાં છે. સૂમ રૂપમાં તેઓ સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ છે. આ પરમાત્માનાં ચાર મુખાવિંદો (ચહેરા) છે.

ભકત : સ્વામી, આ ચારમાં “ સત્ય” કોણ છે? ધર્મ, શાંતિ અને પ્રેમનું પ્રતિનિધિત્વ કોણ કરે છે?

સ્વામી : તમે નથી શોધી કાઢી શકતા ? રામ “સત્ય” સ્વરૂપ છે, "હોદ્દો અને માન તેમને (રામને) જેનો હક્ક છે તેને જવું જોઇએ, મને નહીં, ” એમ ભરતે કહ્યું અને તેથી તે ધર્મસ્વરૂપ છે. આત્મામાં એટલેકે રામસ્વરૂપમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને અને તેની અભંગ (અખંડ) સોબત કરતાં વધારે મીઠો આનંદ કોઇ નથી એવું માનીને લક્ષમણ રામની પાછળ ગયો અને તેથી તે પ્રેમસ્વરૂપ છે પોતાની વ્યકિતગત જુદી મહત્વકાંક્ષા નહીં રાખીને, આ ત્રણેએ લીધેલા રાહોને અનુસરીને, શત્રુઘ્ન શાન્ત અને વ્યગ્રતારહિત હતો, તેથી તે શાન્ત સ્વરૂપ છે. હવે તમને એ સ્પષ્ટ થાય છે ?

ભક્ત : હા સ્વામી, પરંતુ ચાર પુત્રો તો ત્રણ માતાઓથી જમ્યા હતા; તે માતાઓ કોણ છે?

સ્વામી : મેં હમણા જ કહ્યું તેમ માયામાં જન્મેલા અને માયામાં ઉછરેલા મનુષ્ય માયા કરતાં ચઢિયાતા થવાનું હોય છે; તે જ પ્રમાણે મનુષ્ય ગુણોમાંથી જન્મે છે, ગુણો સાથે ઉછેર છે; છેવટે

તેણે ગુણોથી ચઢિયાતા થવાનું છે. આ સત્ય હકીકત બતાવવા માટે ત્રણ માતા ત્રણ ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓમાં કૌશલ્યા સત્વગુણ છે, કૈકેયી રજોગુણ છે અને સુમિત્રા તમોગુણ છે. તેઓ તે ભૂમિકાઓ ભજવે છે, સંબંધ ધરાવે છે અને તેથી તે ઇન્દ્રિયગુણ સ્વરૂપ છે. મનુષ્ય ઇન્દ્રિયો અને ગુણો દ્વારા સત્યને સહેલાઇથી સમજી શકતો નથી. તે કારણે પરમાત્માએ રામાયણ દ્વારા ભિન્ન ભિન્ન સ્વરૂપોનાં સાધન વડે તેને શિખવાડ્યું. પરમાત્મા આજે પણ શીખવી રહ્યો છે પરમાત્માએ તે દિવસોમાં સ્થૂલ રામાયણ ભજવ્યું હતું અને આજે (હાલમાં) પણ તે મનુષ્યના હૃદયરૂપી રંગભૂમિ પર સૂક્ષ્મ રામાયણ ભજવી રહ્યો છે.

ભક્ત : સ્વામી, મહાભારત અને રામાયણનો આંતરિક અર્થ જે તમે સમજાવ્યો તે ખરેખર ઘણો રસપ્રદ છે. જો મનુષ્ય ઊંડાણથી બારીક તપાસ કરે તો બીજું તેઓમાં શું છે? તે જાતનાં મહાભારત અને રામાયણ મન, ચિત્ત અને બુદ્ધિની ક્રિયાઓ અને આંતરક્રિયાઓ દ્વારા દરેક હૃદયમાં બની રહ્યાં છે. તમે કહ્યું કે ભાગવત પણ એ જ બની રહ્યું છે. જો તમે  કૃપા કરીને તે કેવી રીતે બની રહ્યું છે તે સમજાવો તો તેનો પણ આંતરિક અર્થ જાણ્યા પછી અમે સૂક્ષ્મ રામાયણ, સૂક્ષ્મ મહાભારત અને સૂક્ષ્મ ભાગવત એ ત્રણેયને અનુસરવાનું શરૂ કરી શકીએ, તેથી કૃપા કરીને મને ભાગવત વિષે કહો.

સ્વામી : ઠીક, ભાગવત બીજાં બે જેવું નથી; તેને કંઇ ગુણ કે રૂપ નથી! તે આત્મા સાથે કામ લે છે. જે ગુણો ઇન્દ્રિયો, મન, ચિત્તથી પર અને પાછળ છે, તે આત્માની શક્તિઓ, પરાક્રમો અને તેની દેખીતી પ્રવૃત્તિઓ અને લીલાઓ સાથે કામ લે છે ભાગવતમાં જે દરેક વસ્તુનો સાક્ષી છે તેના અવતારોની વાર્તાઓ સમાયેલી છે.

ભક્ત : તે સાક્ષીએ જે રૂપ ધારણ કર્યા હતાં તે શું છે? તેણે તે રૂપો શા માટે ધારણ કર્યા હતાં?

સ્વામી : ખરું કહીએ તો પરમાત્મા સર્વ રૂપોવાળો, સર્વસ્વરૂપી છે. તેનાં સ્વરૂપોની સંખ્યા અથવા સ્વભાવની કોઇ મર્યાદા (હદ) નથી; છતાં જે બન્યું છે તેને અનુસરીને કંઇક કહેવું જ હોય તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, નરસિંહ, રામ અને કૃષ્ણ આ તેના (પરમાત્માના) અવતારો છે. દુનિયાનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કાર્ય ચલાવવા માટે, દુષ્ટોને દંડ દેવા માટે અને સારાનું રક્ષણ કરવા માટે, પોતે ઠરાવેલ સમયે અને પોતે ઠરાવેલ હેતુ માટે તે જે સ્વરૂપને ઉત્તમ માને (ધારે) તે સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે તે હેતુ સિદ્ધ થાય છે ત્યારે તે (પરમાત્મા) અગાઉના જેવો સાક્ષી, આત્મારૂપ બની જાય છે.

ભક્ત : રામ અને કૃષ્ણ પણ દુષ્ટોને સજા કરી હતી અને સારાનું રક્ષણ કર્યું હતું, શું એમ નહીં સ્વામી? તો પછી તમે કેવી રીતે કહો છો કે રામાયણ અને મહાભારતમાં "ગુણસ્વરૂપ" છે. જયારે ભાગવતમાં ગુણસ્વરૂપ નથી?

સ્વામી : જુઓ, ગુણોને શરૂઆત અને અંત હોય છે, આત્માને એ બેમાંથી એકેય નથી. રામ અને કૃષ્ણને પણ અવશ્ય કરીને કોઇ ગુણો નથી. તેઓએ બતાવી આપ્યું છે કે ગુણોથી પર રહીને (હોઇને) પણ તમામ ગુણોને કાબૂમાં રાખવાનું શકય છે. રામાયણ અને મહાભારતની વાર્તાઓને અંત છે, શું તેમને અંત નથી ? તે અર્થમાં ભાગવતને અંત નથી, "ભાગવત" એવા પરમાત્મા વિષે કહે છે કે જેને શરૂઆત કે અંત નથી. તે એવાં રૂપો વિષે કહે છે જે પરમાત્માએ યુગ, સમય અને હેતુના સંદર્ભમાં (સંબંધમાં) ધારણ કર્યા હતાં. બીજી બાજુએ બીજાં બે રૂપો આ જૂઠી અને ક્ષણભંગુર દુનિયામાં અનુસરવાની ખરી નીતિ શીખવે છે અને માનવ જાતને બતાવવાનો અને મનુષ્યોને સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમ વગેરેને અનુસરતા કરવાનો પ્રયત્ન કરે છે, તેમને સમજ પડે છે ?

ભક્ત : તો કહેવાનું એમ છે કે ભાગવત અમને કોઈપણ વ્યવહારુ ઉપયોગનું નથી ?

સ્વામી : શું ? સાધકોને જે સૌથી વધારે ઉપયોગી છે તે ભાગવત જ છે, તે એકલામાં જ પરમાત્માનો સાચો મર્મ, તેનો સાચો મહિમા અને તેનો સાચો માર્ગ સમાયેલાં છે ! રામાયણ અને મહાભારત નૈતિક શિક્ષણ અને ઉદાહરણથી સંસારી મનુષ્યને, સામાન્ય મનુષ્યને કેટલેક અંશે ઊંચે લાવવાનો પ્રયત્ન કરે છે, તેઓ મનુષ્ય જેઓ આત્માનો અને પરમાત્માનો સ્વભાવ જાણવાની શોધમાં છે તેઓએ ભાગવતનો બીજા કોઈ પણ ચીજ કરતાં વધારે અભ્યાસ કરવો જોઇએ.

ભક્ત : સ્વામી, ભગવંત, ભાગવત અને ભક્ત વચ્ચે શો સંબંધ છે?

સ્વામી : મહારાજા, યુવરાજ અને કુમારરાજ વચ્ચેના સંબંધ જેવો. ભગવંત અથવા પરમાત્મા મહારાજા છે, અલબત્ત, ભગવંત બીજો દરજ્જો છે, કારણકે તે પરમાત્મામાંથી આવેલો યુવરાજના દરજજાવાળો સાધિક શબ્દ છે; કુમારરાજ એ બંનેના પર આધાર રાખનાર છે અને તેથી તે ભક્ત છે. કુમારરાજનો દરજ્જો સામાન્ય દરજ્જો નથી, તે મહારાજના સ્થાનની પાત્રતા ધરાવે છે. બાકીના બધા આ ત્રણ કરતાં હલકી કોટીના છે. જેઓ કુમારરાજ અથવા ભક્તના દરજ્જા સુધી ઊંચે ચઢતા નથી તેમને મહારાજાના (ઇશ્વરના) દરબારમાં જવાનો કોઇ અધિકાર નથી.

ભક્ત : ત્યારે સ્વામી, યોગીઓ, જ્ઞાનીઓ, સંન્યાસીઓ આ બધા તે સ્થાનને યોગ્ય નથી?

સ્વામી : તે જે કોઇ હોય, ભક્તિ અને ઉચ્ચત્તર સત્ય પર પ્રીતિ વિના કોઇ પણ વ્યકિત, યોગી, જ્ઞાની અથવા સંન્યાસી શી રીતે થઇ શકે? તેમણે પણ સરખા પ્રમાણમાં ભક્તિ કરવી પડશે. તમે લાડુ, જલેબી, મૈસૂરપાક અને સંખ્યાબંધ બીજી મીઠાઇઓ લો. તેઓમાંની દરેકમાં મીઠાશના સામાન્ય કારણ તરીકે ખાંડ હોવી જ જોઇએ. શું ત્રણેય માર્ગમાં પરમાત્માના નામની મીઠાશ અથવા ભક્તિ હોવી જ જોઇએ. તેના સિવાય વસ્તુઓનાં ખુદ નામ અસંગત (અનુચિત્ત) થઇ જાય.

ભક્ત : બીજો એક મુદ્દો સ્વામી! મનુષ્યને ફકત જો પરમાત્મામાં વિશ્વાસ (શ્રદ્ધા) હોય અને ફકત જો તે વિશ્વાસથી તે જપ, ધ્યાન, ભજન અને પૂજા કરે તો તે મનુષ્ય પરમાત્માના સાનિધ્યમાં પહોંચી શકે છે? કહેવાનો મતલબ કે સત્ય, ધર્મ, પ્રેમ અને બીજાઓની સેવાને માર્ગે તે સ્થાન પ્રાપ્ત કરવું શકય નથી?

સ્વામી : ઠીક, પાપના ભય અને પરમાત્માના ભય સિવાય તમે કહો છો તે ગુણો કેવી રીતે ઉત્પન્ન થાય? શું તેમને માટે જરૂરી આ માર્ગો અને લાયકાતો સાધારણ અને સામાન્ય છે? ના, તેઓ પરમાત્માના અંદરના ખંડના બારણાં છે. જેઓ તે માર્ગને અનુસરે છે, તેઓ ખરેખર પરમાત્માની હદ પર સહેલાઈથી પહોંચી શકે છે; છતાં સગાંસંબંધીઓ અને મિત્રો વચ્ચે તફાવત છે! જેઓ ફકત આ ગુણો ખીલવે છે તેઓ મિત્ર છે, પરંતુ જેઓ નામ અને રૂપની ભકિતની સાથે સાથે તેમનું આચરણ કરે છે તે સગાંસબંધીઓ થાય છે, આ તફાવત છે. નામ અને રૂપનું ચિંતન ગુણોને પણ મજબૂત કરવામાં મદદ કરે છે. તે પાયા વિના ગુણો મજબૂત, દઢ અને પવિત્ર થઇ શકતા નથી. પરમાત્માનું નામ અને પરમાત્માનું રૂપ મનુષ્યના ગુણોમાંથી મેલ (કચરો) દૂર કરે છે.

ભક્ત : પરંતુ ભક્ત અને સારા ગુણોવાળો મનુષ્ય એકસરખું સ્થાન પ્રાપ્ત કરે છે, શું એમ નથી, સ્વામી?

સ્વામી : અલબત્ત, માત્ર સારો મનુષ્ય તે સ્થાનને યોગ્ય (પાત્ર) ઉમેદવાર થાય છે; ભક્તિવાળા સારા મનુષ્યોને તે સ્થાન માટેનો હક્ક છે, તેમને પડતા મૂકી શકાય નહીં.

ભક્ત : સ્વામી, હું પૂછવા માગું છું. ઘણા લોકો એવા છે કે જેઓ " પરમાત્માની સેવા" એ સૂત્ર નીચે ભિન્ન ભિન્ન વસ્તુ (કાર્ય) કરવામાં પ્રવૃત્ત હોય છે, તેમનાં કૃત્યો તેમને તે સ્થાનના અધિકારી બનાવે છે?

સ્વામી : તમે એમ શા માટે પૂછો છો? જેઓ સેવાની વૃત્તિ (લાગણી) થી સેવા કરે છે, તેમને તેમનાં કૃત્ય જરૂર તે સ્થાનના અધિકારી બનાવે છે; પરંતુ તેની સાચી લાગણી પ્રાપ્ત કરવી ઘણી કઠિન છે. બીજાઓને મનુષ્યો માનીને (ગણીને) ફકત કહેવું કે " તેમની સેવા કરવી એ પરમાત્માની સેવા કરવા બરાબર છે", એ શુધ્ધ ભાવ (નિખાલસતા) નથી. ત્યારે મન બે માર્ગે દોડશે. માધવનો મહિમા પૂર્ણપણે ગ્રહણ કરો. એમ સમજો કે દરેક માનવમાં માધવ છે; એમ માનો કે માનવ અથવા મનુષ્યની સેવા કરવી તે ફકત માધવની જ સેવા કર્યા બરાબર છે. તમારાં કાર્યો તમને ખરેખર તે સ્થાનને માટે હકદાર બનાવશે. એથી વધારે મોટી કઇ યોગ્યતાની જરૂર છે ? એને બદલે જો "સેવા"; નામ, માન અને કીર્તિને ખાતર કરવામાં આવે અને જો પોતાનાં કાર્યોનાં ફળ માટે મનમાં વલખાં હોય તો "મનુષ્ય સેવા તે પ્રભુસેવા છે" એ વિધાનનો કોઇ અર્થ નથી તેમ જ મનુષ્યને ઇચ્છિત પરિણામ પણ મળશે નહીં.

ભક્ત : સ્વામી, તે ઘણું રસપ્રદ છે ! આજે ભાગવત વિષે બોલતાં ઘણા પવિત્ર વિચારો અને સાર બહાર આવ્યા. તેથી જો માત્ર એક જ (આત્મા) તેના રૂપોનું વર્ણન કરે તો કેવાં અમૂલ્ય સત્યો નીકળે? હું આજે ખરેખર આશીર્વાદ પામ્યો છું.

સ્વામી : તો તમે આ બધું સમજયા છો ? ભાગવત એ શરૂઆત રહિત અને અંત રહિત આત્માની વાર્તા છે. તે સૂક્ષ્મ અને સ્થૂલ બંને સ્વરૂપમાં એક જ છે. તે સૌથી સૂક્ષ્મ કરતાં વધારે સૂક્ષ્મ છે અને સ્થૂલ કરતાં વધારે સ્થૂલ છે. તેને કોઇ મર્યાદા કે માપ નથી. રામાયણ અને મહાભારત, ઇતિહાસો, ઐતિહાસિક વીરચરિત્રો છે. ભાગવત જુદું છે. તે આત્માના સ્વભાવ વિષેનું છે; તે ભક્તિના માર્ગમાં કેળવણી આપે છે. તેનો કદી અંત આવી ન શકે, તેમ જ તેને કદી સમાપ્તિ નથી. આ ભાગવતનો મર્મ અથવા ભાવાર્થ છે.

## પ્રકરણ :૧૪

ભક્ત : સ્વામી, તમારે મારા મગજમાંથી મોટો ભાર દૂર કરવો જોઇએ. હું તેને ભૂલવાનો ગમે તેટલો પ્રયત્ન કરું; જે કોઇ દિશામાં હું વળું, હું તેનાથી દુ:ખી થાઉ છું; હું માત્ર તે જ સાંભળુ છું ! ત્યારે હું મારા મનમાંથી તેને કેવી રીતે વિદાય કરું ! તે અશક્ય લાગ્યાથી હું તમને પ્રાર્થના કરી રહ્યો છું. મહેરબાની કરીને મારા ઇરાદા વિષે ગેરસમજ કરશો નહીં. કૃપા કરીને સીધો ઉત્તર આપો, કારણકે જો તમે એમ કરો તો મારા જેવા તમામ લોકોના મગજમાંથી વજન ઊંચકાઇ જશે અને સાધનાને માટે ઉત્સાહ વધશે. નહીં તો મને ચિંતા છે કે અમને પરમાત્મામાં જે થોડો વિશ્વાસ છે તે પણ અમે ગુમાવી બેસીશું. મને ભય લાગે છે કે અમે નાસ્તિક બની જઇએ. તમારો જવાબ ફકત મને જ નહીં પરંતુ દરેક જગાએ તમામ ભકતોને પુષ્કળ મદદકર્તા થશે, તેથી મારા સંદેહોને આનાકાની વિના દૂર કરવાની અને મને ઘણા સ્પષ્ટ શબ્દોમાં વાસ્તવિક સત્ય કહેવાની હું તમને આજીજીપૂર્વક વિનંતી કરું છું.

સ્વામી : તે શું છે ? તે મને કહે. એટલા બધા માથાદુખવણાનું કારણ શું છે ?

ભક્ત : સ્વામી, તમે અમને કહ્યું છે કે મનુષ્યને ચાર આશ્રમો છેઃ (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ, (૪) સન્યાસ્થાશ્રમ અને એમ પણ કહ્યું છે કે જેઓ છેલ્લી ભૂમિકા (અવસ્થા)ને પહોંચે છે તેઓ આશીર્વાદ પામેલા છે, કારણકે તેઓ પ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકે છે. હવે કૃપા કરીને મને કહો કે સંન્યાસ એ ચોક્કસપણે શું છે?

સ્વામી : આ વસ્તુએ તમને બધી ચિંતા ઊભી કરી ! એમ છે ? પ્રિય શિષ્ય, ભગવાં (ગેરુઆં) વસ્ત્રો પરિધાન કરવાં, માથું મૂંડાવવું આ બધાંથી સંન્યાસી થવાતું નથી. સન્યાસી એવો મનુષ્ય છે કે જેણે તમામ ઇચ્છાઓનો ત્યાગ કરેલો હોય છે. તે એક જ ઇશ્વરત્વ અને પરમાત્માને પામવાની શિસ્તની ઇચ્છા, તજવીજ અને કાર્યમાં નિમગ્ન (લીન) હોવો જોઇએ. જે આવી રીતે નિમગ્ન હોય તે સંન્યાસી છે. તેને બદલે જો તેઓ સઘળા પ્રકારની ઇચ્છા રાખે, જો તેઓ તેમની ઇચ્છાને સંતોષવા માટે દરેક પ્રવૃત્તિમાં પોતાની જાતને રોકે તો તેઓ કહેવત પ્રમાણેના સંન્યાસીઓ છે, એટલે કે બનાવટી સંન્યાસીઓ છે. તે તમને સમજાય છે ?

ભક્ત : પરંતુ સ્વામી, હાલમાં અમને એક રૂપિયામાં, એક પૈસામાં અથવા એક સિગારેટમાં ઘણા સસ્તા સંન્યાસી મળે છે ! આ બધામાં અમારે કોની પાસે જવું ? કોને સ્વીકારવા ?

સ્વામી : આ બધાની તમે શા માટે ચિંતા કરો છો? તમારે આગળ વધવાની અને તમારી પ્રગતિની ચિંતા કરવાની છે. તમારે તમારી સાધના માટે સાચો માર્ગ ચીંધે તેવા પુરુષની ખેવના (તીવ્ર ઉત્કંઠા) રાખવી જોઇએ અથવા જો શક્ય ન હોય તો તમારા પોતાના અંતર તરફ વળો અને તેને સ્વીકારો. તમારી જરૂરિયાત માટે તે પૂરતું છે. તમારી પોતાની જાત પર જ આધાર રાખો અને તમારા સંદેહો નાશ પામશે.

ભકત : સ્વામી, તે સંજોગોમાં "ગુરુ વિનાનું જ્ઞાન એ દષ્ટિવિનાનું જ્ઞાન છે." એ વિધાનનું શું ? હું એમ કહેવા માગું છું કે માર્ગ બતાવવા માટે કોઇ મહાન પુરુષ પર આધાર રાખવો જરૂરી છે, શું એમ નથી ?

સ્વામી : મહાન માણસો પૃથ્વીના પટ પરથી નાશ પામ્યા નથી. પ્રિય શિષ્ય ! તમે કહો છો તે પ્રકારના બધા છે એમ માનશો નહીં. અત્યારે પણ ઘણા મહાન માણસો છે; નહીં. તો કહેવત છે તેમ દુનિયાને દિવસનો પ્રકાશ શી રીતે મળી શકત ?

ભક્ત : સ્વામી, ગૃહસ્થો, વાનપ્રસ્થો અથવા બ્રહ્મચારીઓમાં મહાન માણસો હોવાનો સંભવ છે ! મને આવા સાથે ઘણો અનુભવ નથી; છતાં તેઓમાં મહાન નામ અને કીર્તિવાળા લોકો મેં જોયા છે, છતાં હું આ કહું છું કે સન્યાસીઓમાં ખરેખર પવિત્ર માણસો શોધી કાઢવા ઘણા મુશ્કેલ છે. કોઇ નહીં. ને કોઇ ઇચ્છા વિનાનો એક પણ સંન્યાસી શોધી કાઢવો અશકય છે. જયારે સંન્યાસી આટલી બધી ઇચ્છા રાખે તો ગૃહસ્થ ઇચ્છા રાખે તેમાં ખોટું ય શું છે ? જે કોઇ જગાએ અમે જઇએ ત્યાં એક માગણી હોય "પૈસા, પૈસા અને પૈસા !"

સ્વામી : ખરું કહેતાં, સંન્યાસીઓએ તમે કહી તેવી ઇચ્છા રાખવી ન જોઇએ. વાસના અને લોભ તેમના ભયંકર દુશમનો છે. તે દુશ્મનોની સાથે તેમને સંસર્ગ હોવો ન જોઇએ, જયારે અંગિકાર કરવાને વિનંતિ થાય ત્યારે ફકત જે કંઇ થોડો ખોરાક આપવામાં આવે તેનો સ્વીકાર તેઓ કરી શકે છે, તેથી વધારેને માટે તેઓ કોઇ ઇચ્છા રાખી ન શકે, એ પ્રતિજ્ઞા, નિયમ છે. પૈસા સાથે તેમને કોઇ લેવાદેવા નથી.

ભક્ત : ઠીક સ્વામી,મને ક્ષમા કરો. સંન્યાસીઓને કાયમ પૈસાની જરૂર હોય છે ! પૈસાને માટે તેમના જેટલી ચિંતા કોઇ ગૃહસ્થ પણ કરતો નથી! તેઓ પોતાના અનુયાયીઓ પાસેથી તેમણે સખત મહેનતથી પ્રાપ્ત કરેલા પૈસા કઢાવે છે અને તેનો પોતાના હેતુ માટે ઉપયોગ કરે છે. જેઓ

પૈસા આપતા નથી તેમને દોષિત ગણે છે. સ્વામી, આ બધું ખરું ને? આ ન્યાયી છે? આવા લોકો ગુરુ છે?

સ્વામી : કોઇ પણ ડાહ્યો મનુષ્ય એમ નહીં કહે કે આ વસ્તુ ન્યાયી છે, તો પછી તે ખરું છે એમ હું કેવી રીતે કહી શકું? તમે આવા સંન્યાસીઓને એકાદ વખત પૂછતા કેમ નથી કે "સાહેબો, તમને રોકડ પૈસાની જરૂર શા માટે છે? પૈસા દ્વારા આવતી કીર્તિ માટેની આવી લાલસા (તીવ્ર ઉત્કંઠા) રાખવી એ તમારે માટે ખોટું નથી?

ભક્ત : અરે સ્વામી, મેં દરેક વસ્તુ પૂછી છે.

સ્વામી : તેમણે શું કહ્યું?

ભક્ત : કેટલાકે કહ્યું કે તેમને તેમના આશ્રમ માટેના ખર્ચ માટે પૈસા જોઇતા હતા. બીજાઓએ કહ્યું કે તેઓ તેમના આશ્રમને વધારે વિકસાવવા માગતા હતા. એવાં ઘણાં કારણો આપવામાં આવ્યાં હતા.જેઓ દલીલ કરતાં શીખ્યા છે તેમને કારણ આપવાનું મુશ્કેલ નથી. ફકત જયારે તે માનવાની વાત આવે ત્યારે અમારે પસંદગી અને તફાવતની, પરખ કરવાની જરૂર પડે છે, શું એમ નથી ?

સ્વામી : જે અનુયાયીઓ માર્ગદર્શન માટે ગુરુ પાસે આવે તેમની પ્રગતિના કાર્યમાં તેમણે રોકાયેલા રહેવું જોઇએ અને નહિ કે આશ્રમમાં. આશ્રમમાં આશ્રમ કરતાં આશ્રિત વધારે અગત્યનો છે. આશ્રમ માટેનો ઉદ્વેગ, ચિંતા એ જબરજસ્ત શ્રમ અથવા બોજો થઇ પડે છે. આના કારણે લોકોને તેમના પ્રતિ જે કંઇ થોડી શ્રદ્ધા અને ભકિત હોય છે તે પણ ગુમાવી દે છે અને નાસ્તિક (નિરીશ્વરવાદી) બની જાય છે. આવા ગુરુઓએ તેમને સઘળાં બંધનોનો ત્યાગ કરવાને બદલે, ખરું કહીએ તો તેમની સાથે વધારે મજબૂતપણે જોતર્યા છે પ્રિય શિષ્ય, મને લક્ષપૂર્વક સાંભળો. જે પૈસા કઢાવવા માટે અનુયાયી પર દબાણ કરે છે એવા ગુરુ ઉપર તમારી નજર પણ નાખશો નહીં. એવા મનુષ્યોથી શક્ય તેટલા દૂર રહેશો; તેમની સાથેના સંસર્ગથી શ્રદ્ધા ગુમાવશો નહીં; શ્રધ્ધા જાળવી રાખશો અને તમે પોતે જ તેને ખીલવજો.

ભક્ત : અમે જિંદગીની વધારે ઉચ્ચ વસ્તુઓ શીખવાની અને પરમાત્માને પ્રાપ્ત કરવાનો માર્ગ જાણવાની આતુરતાથી એવા લોકો પાસે જઇએ છીએ; અમે તેમની શોધ કરીએ છીએ, કારણકે કયો સર્પ કયા દરમાં રહે છે તે અમે જાણતા નથી, પરંતુ અમને આ નાગ જેવા સંન્યાસીઓ મળે છે અને અમે આઘાત પામીએ છીએ ! તેઓ આશ્રમ માટે જે આતુરતાભરી ઇચ્છા પ્રગટ કરે છે તે પણ

ખોટી છે, સ્વામી ? જો તેઓ એ પ્રમાણે જાહેર જનતાની સેવા કરવા માગતા હોય તો તેઓ તેટલા સમાન્ય લોકો બની શકે છે અને તેમનાં મૂળ (અસલ) નામ રાખીને ફાળા ઊઘરાવતા અને તે ખર્ચતા આમતેમ જઇ શકે છે, શું એમ નથી ? પોતાને સંન્યાસી કહીને, તેવો પોશાક પહેરીને, ઉપદેશ લઇને, સાધુપણાનો ઉપદેશ લેતી વેળા સંખ્યાબંધ સોગંદ લઇને તેમણે તમામ ઇચ્છાનો નાશ કર્યો છે, એવું જાહેર કરીને જો પાછળથી તેઓ ધન એકઠું કરવાનો માર્ગ અનુસરે તો તે અસલ પવિત્રતાને બગાડવા જેવું નથી ?

સ્વામી : પ્રિય શિષ્ય, વ્યક્તિ બગડી જાય એટલું જ, સંન્યાસીની પવિત્રતા કદી પણ ઓછી થઇ શકતી નથી ! એ વિચારથી દોરવાઇ ન જાઓ. અલબત્ત, આજે દુનિયામાં એવા મનુષ્યો છે, પરંતુ તેમનો સંન્યાસી અથવા સ્વામીની નામાવલીમાં સમાવેશ કરશો નહીં. તેમને આ બે કોટિ યા જાતો સાથે કોઈ સંબંધ નથી તેઓ તે નામો (સંજ્ઞાઓ) રાખીને તેમના અનુયાયીઓને ફકત નુકસાન જ કરે છે. તેમના પર એક પણ વિચાર કરશો નહીં.

ભકત :  બહુ સારું સ્વામી, પરંતુ કેટલાક એવા છે કે જેમણે આશ્રમો બાંધ્યા છે અને પોતે ગુરુ તરીકે સ્થપાઇ ગયા છે તેમને માટે આ પૈસાની ઇચ્છા વગેરે ખોટાં છે, શું એમ નથી ?

સ્વામી : તમે શા માટે પૂછો છો ? આ લોકોના માથા પર શિંગડાં જેવો કોઇ ખાસ શણગાર છે? ખરું કહેતાં, આ લોકોએ પણ વધારે સાવધાન રહેવાનું છે. કારણ કે તેઓ ઘણા અનુયાયીઓને તાલીમ આપે છે અને તેથી તેમના તાલીમાર્થીઓ મનનું ખરું વલણ પ્રાપ્ત કરે અને પરમાત્માના ચિંતનમાં સંપૂર્ણપણે લીન થાય એ જોવા માટે તેઓએ ખાસ પ્રયત્ન કરવો જ જોઇએ, નહીં તો ઘણું નુકસાન થશે. ગુરુ અનુયાયીઓના આત્માની પ્રગતિ અને આંતરિક આનંદ પર ધ્યાન આપે તો અનુયાયીઓ પોતે જ આશ્રમની ખીલવણી માટે મથામણ કરશે. કોઇએ કંઇ દબાણ કરવાની જરૂર રહેશે નહીં. તેને બદલે જો અનુયાયીઓની પ્રગતિ ભૂલીને ગુરુ “તેના” આશ્રમની ખીલવણી માટે પૈસા આ અનુયાયી પાસેથી અને આટલા પૈસા આ ભક્ત પાસેથી એવી બૂમો પાડે તો તે આશ્રમને જ ગુમાવી દેશે ! અનુયાયી તેની ભકિત ગુમાવશે અને ગુરુ તેની સંસ્થા ગુમાવશે. આ બધાંનું પરિણામ આ છે.

ભક્ત : સ્વામી, આ બધા ઉપરાંત જો કોઇ પણ તેમને અંગુલિનિર્દેશ કરીને બતાવે કે તે ખોટું છે તો તેઓ જંગલી બની જાય છે અને સખત શિક્ષાની ધમકી આપે છે. આ બરોબર છે, સ્વામી ?

સ્વામી : આ વધારાનું ખોટું છે. તે ખરું શી રીતે હોઇ શકે ? કોઇ પણ અનુયાયીના હૃદયને નબળું પાડવું તે કોઇ પણ ગુરુને માટે બરોબર નથી. તેણે તેને ખુશ કરવું જ જોઇએ અને સંતોષ આપવો જ જોઇએ. જેઓ અનુયાયીને ડરાવે છે અને બળજબરીથી કંઇ કઢાવે છે તેઓ ગુરુ નથી પણ ઢગ (દગાબાજ) છે. તેઓ ભરવાડ નથી પણ ઘેટાં છે.

ભક્ત : ત્યારે તમે અમને શું કરવાની સલાહ આપો છો? અમારે આ લોકો સાથે કેવી રીતે કામ લેવું, તે કૃપા કરીને અમને કહો.

સ્વામી : પ્રિય શિષ્ય, જે લોકોએ પોતાનો માર્ગ ગુમાવ્યો છે તેમની તમામ વાત છોડી દો. સાચા માર્ગે પહોંચવાની તમારી વાત કરો. એવા મનુષ્ય સાથેના તમામ સંસર્ગનો ત્યાગ કરો અને જ્યાં લાલસા, લોભ, કે બીજી ઇચ્છા ન હોય તે સ્થાન સાથેનો સંસર્ગ કેળવો. તમામ પર સમાન પ્રેમદષ્ટિ રાખે એવા ગુરુની શોધ કરો, સાચા ગુરુ પાસે ચોક્કસ ગુણ હોવા જ જોઇએ એની નોંધ લો. જો તે ગુણો હાજર હોય તો ત્યાં જાઓ અને સુખી થાઓ. જો તમને એવું સ્થાન ન મળે તો તમારા અંતરમાં પરમાત્માનું ચિંતન કરો. ધ્યાન અને ભજન કરો. તે પૂરતું છે; તમારે બીજા કોઇ સ્થાનની બિલકુલ જરૂર નથી. જયારે તમને અવકાશ (ફૂરસદ) હોય ત્યારે ત્યારે પ્રભુભક્તિનાં સારાં પુસ્તકો વાંચો. તે પુસ્તકોમાંથી પણ તમને જેની જરૂર હોય તે ગ્રહણ કરો અને બાકીનાંને કાઢી નાખો. સાવધાન બનો; તમામ જાતની જાળોમાં કે પાંજરામાં ગૂંચવાઇ જશો નહિ.

ભક્ત : સ્વામી, પેલા મહાન માણસોના શું ગુણો હોય છે?

સ્વામી : તેઓ દોલતની ઉત્કંઠા રાખશે નહીં કે તેમના આશ્રમને ખીલવવાની મહત્વકાંક્ષા રાખશે નહીં. જે લોકો તેમનાં વખાણ કરે છે તેમને તેઓ ચાહશે નહીં. તેમને દોષ દેશે, તેમને ધિક્કારશે નહીં. તેઓ  તેમના અનુયાયીઓને બીજાની પાસે જતાં અટકાવશે નહીં.તેઓ કોઈને પણ તેમની પાસે જવાની મના કરશે નહીં. તેઓ સઘળાંને સમાન પ્રેમની કોઇને નજરે જોશે; તેઓ બીજા પરના અપવાદ (દોષ) માં રસ ધરાવશે નહીં. જે લોકો તેમને તેમની પોતાની ભૂલો અને અન્યાયોનો નિર્દેશ કરે (બતાવી આપે) તેમની સામે તેઓ વેરભાવ રાખશે નહીં. તેઓ હમેશાં સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમનો ફેલાવો કરશે. તેઓ હમેશાં તેમના ભક્તોનાં આનંદ, કલ્યાણ અને પ્રગતિ માટેની ઉત્કંઠા રાખશે. એવા મનુષ્યોને શોધી કાઢો. તેઓ સાચા ગુરુ છે.

જેઓ ગુસ્સો, ચિંતા, ધિક્કાર (તિરસ્કાર), ઇર્ષ્યા વગેરેથી પીડાતો હોય અથવા જેઓ નામ, કીર્તિ, માન અને દરજ્જા વિષે ચિંતા કરતા હોય તેઓ ગમે તેટલા ભપકાદાર વ્યક્તિત્ત્વાળા અને ગમે તેટલી ઊભરાતી કીર્તિવાળા હોય તો પણ તેમના તરફ નજર પણ નાખશો નહીં.

ભક્ત : બહું સારું સ્વામી, તે ઘણું બધું સારું છે, પરંતુ માત્ર એક નાનો સંદેહ છે. ઉચ્ચ જ્ઞાનવાળા અને કલાકો સુધી એકધારાં લાંબા ભાષણ આપનારા મહાન ગુરુઓ આ બધું સમજતા નથી, એમ કેમ? આ મહાન પુરુષો પોતે ભૂલો જોઇ શકતા નથી? પોતાની જાતને સુધારી શકતા નથી?

સ્વામી : ઠીક, એક ઔંસ જેટલી અનુભવ ઉપયોગી છે, પરંતુ એક ટન જેટલી વિદ્વતા બિન ઉપયોગી (નકામી) નીવડવાનો સંભવ છે. ઘણાં લોકો કૉલેજોમાં ભાષણ કરે છે અને કલા કે જે ચીજો તેઓ ગોખીને શીખ્યા હોય છે તે રેડે છે. મનુષ્ય માત્ર તેમનાં ભાષણોની લંબાઇ અને પ્રોઢતાથી મહાન બની શકે છે? તે ગળેલા ખોરાકને ઓકવા જેવું છે. જે બોલાય છે તેમાંનું કેટલું આચરણમાં મુકાય છે તે તમારે જોવું જ જોઇએ; જેઓ સલાહ આપે છે તેમણે પોતે તેનું અનુસરણ કરવું જ જોઇએ. જો “તમે” એક વસ્તુ કરવાનું ટાળી (તજી) શકતા ન હો તો બીજાને તે ટાળવાનું કહેશો નહીં. તેથી મનુષ્ય ગમે તેટલો વિદ્વાન હોય, પરંતુ જો તેને અનુભવ કે આચરણ નહોય તો તે માત્ર નવ દિવસની અજાયબી જેવું થશે. તે પછી તે અહીંનો તહીનો રહેશે નહીં. અલબત્ત, જે ગુણ મેં કહ્યા તેની નોંધ માત્ર ગુરુઓમાં જ નહીં. પરંતુ સર્વમાં લેવાવી જોઇએ, તેથી બીજા ખરાબ અથવા ખોટા હોવાની વાત છોડી દો અને તમારી શિસ્તને મજબૂત બનાવો; તમે પોતે હિતકારક કાર્યોમાં રોકાઇ જાઓ; ફકત જેનાથી ભલું (સારું) થાય તે જ બોલો; પરમાત્માની ભક્તિ કરો; તેને હંમેશાં યાદ કરો. જપ અને ધ્યાન કરો. જો તમે આ બધામાં લીન રહો અને તે તમારામાં ભરેલા હોય તો તમે બીજાના ખરા કે ખોટા વિષે જરાયે ચિંતા કરશો નહીં.

ભકત : સ્વામી, તમે ગુરુ અને શિષ્યનો સંબંધ સુંદર રીતે સમજાવ્યો. હાલની સ્થિતિ જોતાં, જે વાસ્તવિકતા જાહેર કરે છે તે કોઇને બિલકુલ ગમતો નથી. ગુરુઓ, સ્વામીઓ અને સાધુઓમાંના ઘણા, તમે કહ્યું તેમ, ખોટી રીતે વર્તી રહ્યા છે અને ઘણી રીતે ખુદ સાધુ નામનો જ નાશ કરી રહ્યા છે. તે ઉપરાંત તેઓ સંન્યાસીના સોગંદો (નિયમો) અને પરમાત્મા સંબંધી ધર્મની વિરુદ્ધ કાર્ય કરી રહ્યા છે. આવા લોકો તમારાં વિધાનોની કદર કરશે નહીં. તેમની ખામીઓને ખુલ્લી પાડયા બદલ તેઓ દુશ્મનાવટ પણ ખીલવશે અથવા વધારે ખરાબ તો એ છે કે તેઓ તેમની વર્તણૂક વ્યાજબી ઠેરાવવાનો પ્રયત્ન પણ કરે અને તેમનાં કાર્યોને સાચા દેખાડવા માટે નવી વાર્તા અને દલીલો

શોધી કાઢશે. તમારી ટીકા ફકત ખોટું કરનારાઓને જ લાગુ પડે છે, તે જેઓ સારી પ્રવૃત્તિમાં રોકાયેલા છે તેમને માટે નથી, તેથી ખરેખર સાચો સાધુઓ અને આદર્શોને ટેકો આપવામાં રસ ધરાવનારા તમે આમ બોલ્યા છો તેથી ખુશ થશે; પરંતુ લોકો ગમે તે કહે તેની પરવા રાખ્યા વિના સ્વામી, કૃપા કરીને તમે સાધકોને પ્રગતિ કરવામાં અને અમારી સમક્ષ પરમાત્માનો મહિમા જાહેર કરવામાં મદદ કરો.

સ્વામી : ઠીક, લોકો કેવી વાતો કરે છે તેની મને શી ચિંતા? ટીકાના ભયથી, જૂઠાણાને શી રીતે ટેકો આપી શકાય? કહેવત છે કે " જેવો બોજ તેવા વહેનારા." ફકત ખોટા લોકો મનમાં માઠું લાગડશે અને વિરોધી ટીકા કરશે. સાચા ગુરુ આનંદ પામશે. એક કહેવત છે તે મુજબ " કોઇક વ્યકિત તૂમડાની ચોરીની જાહેરાત કરે ત્યારે ફકત ચોર જ ખભાને હાથ અડાડી જોશે" કારણ કે તેને ડર છે કે તે વખતે ચોરેલું તૂમડું ખરેખર તેના ખભા પર છે તો નહીં.! જેઓ તૂમડાં ચોરતા નથી તેઓ તેમના ખભાને હાથ અડાડી જોશે નહીં. જેઓ સાચા છે તેમને કોઇ ભય કે ગુસ્સો હશે નહીં. ઓછામાં ઓછું હવે પછીથી બીજા જો શરમની લાગણી કેળવે અને તેમની કુટેવો સુધારવાનો નિશ્ચય કરે તો પાઢ શીખી શકે છે. અજ્ઞાનથી (અજાણતામાં) કરેલાં તમામ કૃત્ય સુધારવાનો અને તે માટે ક્ષમા મેળવવાનો એક રસ્તો પશ્ચાત્તાપ છે. તેનું તે જ (એકનું જ એક જ) કૃત્ય ફરીથી ન કરવું એ નૈતિક રીતે મજબૂત માણસનું લક્ષણ છે.

## પ્રકરણ: ૧૫

ભકત : સ્વામી, ધ્યાનનો વિષય, જે વિષે તમે લખી રહ્યા છો તે સંબંધી મને થોડાક સંદેહો છે તે હું તમને પૂછી શકું?

સ્વામી : અલબત્ત, તમે પૂછી શકો છો અને તમારા સંદેહનું નિવારણ કરી શકો છો. તે તમારે માટે ઉત્તમ છે અને મને આનંદ આપે છે.

ભક્ત : ધ્યાનમાં પ્રગતિનો અર્થ એકાગ્રહતાની પ્રાપ્તિ એવો થાય છે. દરેક મનુષ્ય બેશક પોતે સમજી શકે છે કે તે એકાગ્રતામાં કેટલે અંશે સફળ થવાને શક્તિમાન થયો છે. શું તે સમજી શકતો નથી?

ભક્ત : કેટલાક કહે છે કે તેઓ ધ્યાન દરમિયાન તમામ પ્રકારની ચીજ જુએ છે, કેટલાક તમામ પ્રકારના અવાજ સાંભળે છે. શું આ બધાં પ્રગતિ બતાવે છે?

સ્વામી : તે ભ્રાંતિ છે. તે પ્રગતિને રૂંધે છે. તેઓ તરેહવાર ખ્યાલને દઢ કરે છે અને એકાગ્રતાને વેરવિખેર કરે છે. દેખાવો અને અવાજોની અકળામણ એ ધ્યાનની નિશાની નથી.

ભક્ત : તો પછી આવી વસ્તુ જોવામાં આવે ત્યારે શું કરવું?

સ્વામી : તમારા મનને તેમના પર ભટકવા ન દો. જે દૈવી રૂપ (સ્વરૂપ) તમે તમારા મનમાં લીધું હોય તેને નજરમાંથી ખસવા ન દો ખાત્રી રાખો કે આ ભ્રાંતિ ફકત તમારા ધ્યાનને તે દૈવી સ્વરૂપથી દૂર વેરવિખેર કરવા માટે નિર્માયેલી અડચણો છે. જો તમે આ દેખાવોને અને અવાજોને મનમાં આવવા (પ્રસરવા) ની છૂટ આપશો તો અસલ સ્વરૂપ ઝાંખું થઇ જશે, તમારો અહંકાર વધશે અને તમે તમારો માર્ગ ચૂકી જશો.

ભક્ત : પરંતુ સ્વામી, કેટલાક લોકો કહે છે કે આ વસ્તુઓ ધ્યાનમાં પ્રગતિની નિશાનીઓ છે!

સ્વામી : તેનો ફકત એટલો જ અર્થ થાય છે કે તેઓ પોતે ધ્યાનનો મહાવરો યોગ્ય રીતે પાડતા નથી! તે ઉપરાંત ધ્યાન શું છે તેના અજ્ઞાનથી તેઓ તેમના અનુયાયીઓને માત્ર ખુશ કરવા માટે આ પ્રમાણે કહીને ભ્રાતિમાં નાખે છે. તે જ માત્ર આ બધાંથી મળતો ફાયદો છે.

ભક્ત : ઠીક, ત્યારે એનો અર્થ એમ થાય છે કે ધ્યાનના સાધનથી અમે પરમાત્માનાં દર્શન કરી શકતા નથી?

સ્વામી : શા માટે નહીં? ખરેખર તે શકય છે, જો તમે પરમાત્માના સુંદર સ્વરૂપ ઉપર તમારું ધ્યાન ચોંટાડો અને તે એકલા પર જ મનની એકાગ્રતા કરો તો તે સ્વરૂપમાં જ ભિન્ન ભિન્ન રીતોએ તમને પરમાત્માની કૃપા મળશે. એ કરતી વખતે ઘણા વિક્ષેપ વચ્ચે આવવાનો સંભવ છે. તમારે ભ્રમમાં પડવું જોઇએ નહીં. સાવધ રહો. તે મંગળ સ્વરૂપને કદી ભૂલશો નહિ. તમારા મનમાંના ચિત્રમાં આખી સૃષ્ટિ લીન થયેલી છે એવું ધ્યાન ધરો.

ભક્ત : પરંતુ ધ્યાનમાં અમે કઇ ભૂમિકા (કક્ષા) એ પહોંચ્યા છીએ તે અમે વાસ્તવિક રીતે જાણી નહીં શકીએ?

સ્વામી : જયારે તમે જાણો કે આ અમુક નંબરની ભૂમિકા છે, આ આવી ભૂમિકા છે, ફકત ત્યારે જ તમે ધ્યાનની પ્રગતિ કે પડતીને ઓળખી શકો, શું એમ નથી? ધ્યાનરૂપ શરૂઆત વિનાનું અને અંત વિનાનું છે અને તેથી તેનો ઉપભોગ સંપૂર્ણ અને પૂરો થયેલો જાહેર કરી શકયા નહીં.

ભક્ત : ત્યારે તમારું કહેવું એમ છે કે ધ્યાન અનંત (અંત વિનાનું) છે?

સ્વામી : જેને સામાન્યપણે અંત કહેવામાં આવે છે તે “હું” (અહંકાર) નો અંત સૌનું એક સ્વરૂપમાં લીન થઇ જવું તે છે, ધ્યાનને અંત નથી.

ભકત : અમારે એની ભૂમિકાઓ (કક્ષાઓ) કેવી રીતે સમજવી?

સ્વામી : જો તમે દરરોજ તપાસો કે તમે એકાગ્રતા કરવામાં કેવા શક્તિમાન છો, તમે મનના ભટકવાના સ્વભાવને કેટલે અંશે વશ કર્યો (જીત્યો) છે અને કેટલા ઊંડાણથી તમે દૈવી સ્વરૂપનો આસ્વાદ લો છો, તો તમને તે ભૂમિકાનો ખ્યાલ આવી શકે. પહોંચાયેલી ભૂમિકાને જાણી શકતી નથી. તેમને શું પ્રાપ્ત થાય અને કયે સમયે, તે બધાનો આધાર પરમાત્માની કૃપા પર છે. સાધકનો મુખ્ય ધર્મ સીધા માર્ગેથી ખસ્યા વિના ધ્યાનનો મહાવરો પાડવાનો છે. બાકીની બધી પરમાત્માની કૃપા છે. તેનો આધાર દિવસોની સંખ્યા પર કે સમયની લંબાઇ પર નથી. કેટલાકને ઘણા જન્મો પણ જોઇએ; કેટલાક થોડાક દિવસોમાં પણ ધ્યેય પ્રાપ્ત કરી શકે. તે દરેક મનુષ્યની શ્રદ્ધા, ભક્તિ અને સાધના પર આધાર રાખે છે તેની ગણતરી થઇ શકતી નથી.

ભક્ત : તેનો અર્થ એ કે અમારે અમારી સાધના, તેની પ્રગતિ, તેની ભૂમિકા, તેની સંભવિત પડતી વગેરે માટે ચિંતા કરવી ન જોઇએ.

સ્વામી : બરોબર સાધનાને માટે જરૂરી શિસ્તની ચિંતા કરો પરંતુ તેના ફળની(ઉપભોગની) નહીં. સત્ય સત્યની સાધના આ બધાને કોઇ પગથિયાં કે મર્યાદા નથી. તમામ પ્રકારની ભ્રાંતિઓને અથવા આ કે તે ભૂમિકાની ઇચ્છાઓને તાબે થશો નહીં.તમારા લક્ષ્ય અને મુસાફરીને વળગી રહો. સાધનાની શિસ્તનો કદી ત્યાગ કરશો નહીં. ધ્યાનનો સમય ફેરવો નહીં. એક જ હેતુથી અને મનના અફર વલણથી (સાધના) તે મેળવવાનો સખત પ્રયત્ન કરો. તે તમને ફળ આપશે. તે તમને પરમ સુખના આશીર્વાદ આપશે. બીજા તેમના કાલ્પનિક અનુભવ વિષે જે વાતો કરે તેનાથી દોરવાઇ જશો નહીં. તમારે માટે તમારા પોતાના અનુભવ જેટલું અસલી (ખરું) કંઇ નહીં હોઇ શકે, તેથી પ્રથમ અચળ એકાગ્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. તે એક જ તમારો હેતુ રાખો.

ભક્ત : ધ્યાન એટલે પરમાત્માના સ્વરૂપનું દ્રશ્ય, શું એમ નહીં સ્વામી? જયારે ખરી રીતે એવું સ્વરૂપ દેખાય ત્યારે લોકો કહે છે કે તે ખરું અને અસલી નથી! આથી તેઓ શું કહેવા માગે છે?

સ્વામી : ધ્યાનનું લક્ષ્ય પરમાત્માનું સ્વરૂપ જોવાનું છે. તે સિદ્ધ કરવું એ આશય છે; પરંતુ તે લક્ષ્ય પર પહોંચ્યા પહેલાં રસ્તામાં કેટલીક અડચણો છે. તેમાંથી સામે સાવધાની રાખવાની છે.

ભક્ત : તે કયા પ્રકારની અડચણો છે? અમારે અમારી જાતનું કેવી રીતે રક્ષણ કરવાનું છે?

સ્વામી : ધારો કે તમે કોઇ એક ગામે પહોંચવા આગગાડીમાં બેઠા છો. તમે સાંભળ્યું છે કે તે ચોક્કસ ગામને સ્ટેશન છે. મુસાફરી દરમિયાન એક જ પ્રકારનાં ઘણાં સ્ટેશનો આવે છે અને આગગાડી તેઓમાંના દરેક સ્ટેશને થોભે છે; પરંતુ આગગાડી ઊભી રહે છે તે જ કારણે તમે તમારા સામાન સાથે તેઓમાંના કોઇ પણ સ્ટેશને ઊતરતા નથી, શું તમે ઉતરો છો? જો તમે ઊતરી પડો તો જે સ્થળે તમારે જવાનું છે તે સ્થળે તમે પહોંચશો નહીં, શું એમ નથી? વચ્ચેના સ્ટેશને ઊતરવું સારું નથી, કારણકે તમે તમારું લક્ષ્ય ચૂકી જાઓ અને ઘણી તકલીફો વેઠો; વિલંબની તો વાત જ કરવાની નથી. વધારે ડાહપણભર્યો રસ્તો તો એ છે કે મુસાફરીએ કરી હોય તેમની પાસે જઇને વચ્ચેનાં સ્ટેશનો વગેરેની નોંધ કરી લેવાનો છે.

ભક્ત : દરેક મનુષ્ય પોતે જાણે કે તે રસ્તાનો ભોમિયો (જાણીતો) મુસાફર હોય એવો લાગે છે? અમારે ઢોંગ કરનારા અને જાણનારા વચ્ચેનો ભેદ શી રીતે સમજવો?

સ્વામી : અલબત્ત, આની પર કાળજીપૂર્વક વિચાર કરવો જોઇએ. દરેક મનુષ્યે પોતાના રસ્તે મુસાફરી કરી હોય. કેટલાક ફકત નકશાની મદદથી તમને તે રસ્તાની, સ્ટેશનો વગેરેની વિગતો

કહે. જો તેમ હોય તો તમારે તે આધાર (પાયા) પરની સૂચનાને અનુસરવી ન જોઇએ. તેઓએ કયાંથી પ્રયાણ કર્યું અને તમે કયાંથી પ્રયાણ કરી રહયાં છો તેનો વિચાર કરો; તેઓએ જે રસ્તે મુસાફરી કરી છે અને તમારે જે રસ્તો લેવાનો છે તેનો વિચાર કરો. તે ઉપરાંત, જેઓ લક્ષ્ય સુધી મુસાફરી કરી ગયા છે તેમની સલાહ લેવાનું અશક્ય છે, કારણકે તેઓ પાછા ફરશે નહીં; જે ભૂમિકાએ તમે છો તે ભૂમિકાએ અભિપ્રાય (સલાહ) માટે તેઓ ઉપલબ્ધ નહીં હોય. તેથી તે રસ્તાનો તેમનો અનુભવ તમને કહી શકે એવા મનુષ્યોને શોધવાની અને પ્રાપ્ત કરવાની તકલીફ ઉઠાવવાની તમારે જરૂરી નથી. ગીતા, શાસ્ત્રો, વેદો અને ઉપનિષદોમાંનાં ઘડાયેલા અનુભવીઓએ આપેલી મદદ સલાહ લેવી એ સૌથી ઉત્તમ છે. પરમાત્માના શબ્દો પર આધાર રાખો અને અવતારી પુરુષોના ઉપદ્દેશ પ્રમાણે ચાલો. તે ઉપરાંત બીજા અસંખ્ય મહાપુરુષો છે જેઓ તમને તેઓએ જયાં સુધી મુસાફરી કરી હોય ત્યાં સુધીનું, તેથી આગળનું નહીં, માર્ગદર્શન આપી શકે. કારણકે તેઓએ તેઓ પોતે જે ચીજોનો અનુભવ ન કર્યો હોય તે ચીજો તમને કેવી રીતે કહી શકે?

ભક્ત : ઠીક, તો પછી બધા તે રસ્તે પહોંચવાની અને લક્ષ્ય પ્રાપ્ત કરવાની તક કેવી રીતે મેળવી શકે?

સ્વામી : જો તે માટે તેમનું નિર્માણ હોય તો તે બિલકુલ મુશ્કેલ હશે નહીં. તેમને શોધતાં શોધતાં તક સાંપડશે. તમે કહેવત સાંભળી હશે કે “ જે મનુષ્ય વેલાની શોધમાં ગયો તે રસ્તામાં વેલા પર ઠોકરાઇ પડયો.” તમારે જરાયે સંદેહ રાખવાની જરૂર નથી, આ બનશે.

ભક્ત : સ્વામી, કેટલાક કહે છે કે જો ધ્યાન દરમિયાન અમને કેટલાંક દશ્યો, અવાજ અને પ્રકાશ નહીં મળે તો અમે માની શકીએ કે અમારા ધ્યાને પ્રગતિ કરી નથી! તમારું એમ કહેવું છે કે તેઓ ખોટા છે?

સ્વામી : તે ખોટું નથી, તે તેમના પોતાના વિચારનું પ્રતિબિંબ છે. કદાચ તેઓ આવા દશ્યો અને અવાજો મેળવવા માટે ધ્યાન કરતા હોય! તેથી તેમને તેમનો અનુભવ થાય છે તે એવી વસ્તુ છે જેમનાથી તેઓમાંનો દરેક ભ્રાંતિ પામેલો છે; તેઓ તે દશ્યોની નીચેના સત્યનું પૃથકકરણ કરતા નથી! વાસ્તવિક રીતે કહેતાં તેઓએ આ અનિત્ય ભ્રાંતિઓને શોધવી ન જોઇએ.

ભક્ત : ત્યારે અમારે શું શોધવાનું છે સ્વામી?

સ્વામી : દરેક વસ્તુના સિદ્ધાંતને શોધો અને તેની ઇચ્છા રાખો. જો તે જણાય તો દરેક વસ્તુ જણાય; જો તે જોવાય તો બધું જોવાય અને સમજાય. પૂર (રેલ) જોવાના પ્રયત્નમાં ટીપાને ન શોધો. જયારે તમે સહાસાગર (સઘળાં ટીપાનો મૂળ આધાર) પ્રાપ્ત કર્યો હોય ત્યારે તમને ટીપાની ભ્રાંતિ થશે નહીં. તે કદી નહીં બની શકે.

ભક્ત : કેટલાક સાધકો ધ્યાન દરમિયાન ગુરુનું ચિત્ર નજર સમક્ષ રાખે છે, તે બરાબર છે?

સ્વામી : ગુરુ માર્ગ બતાવે છે, તે જે ફાયદાકારક હોય તે શીખવે છે, તેથી અલબત્ત તેને માન અને આભારની લાગણી બતાવવી જ રહી; પરંતુ આધુનિક ગુરુને સર્વશકિતમાન અને સર્વસંપન માનવો ન જોઇએ. ખરેખર, પરમાત્મા આત્મા તરીકે મનુષ્યમાં છે; પરંતુ તમારે દરેક મનુષ્યને જે યોગ્ય હોય તે જ દરજ્જો આપવાની અને તેથી વધારે નહીં આપવાની કાળજી રાખવી જોઇએ.

ભક્ત : પરંતુ કેટલાક મહાપુરુષો જાહેર કરે છે કે ગુરુ એ માતાપિતા બંને છે અને તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર બધાની એક મૂર્તિ છે.

સ્વામી : આત્માનાં સ્વરૂપને આધારે તે ખરું છે; પરંતુ હાલમાં એવા ગુરુ જવલ્લેજ હોય છે. તમે તેને માટે પ્રેમ અને સન્માનને કારણે તેને પિતા, માતા, પરમાત્મા વગેરે કહી શકો છો, બસ એજ. સત્ય હકીકતે તે એવો કેવી રીતે હોઇ શકે? માતા જેટલો પ્રેમી, પિતા જેટલો રક્ષક એમ કહી શકો, પરંતુ પછી તમે તમને ગુરુ મળ્યા પહેલાં જેમણે તમને આ શરીર આપ્યું અને તમને ઉછેર્યા તેમને માટે તમે શું કહો છો? પ્રથમ અને સૌથી અગત્યનું તો એ છે કે માતા અને પિતાના આભારી થાઓ; તેમની સેવા કરો; તેમને સુખી કરો; તેમને માન આપો. તમને માર્ગ બતાવનાર, તમારી પ્રગતિની સંભાળ રાખનાર અને તમારા કલ્યાણમાં રસ ધરાવનાર વ્યકિત તરીકે ગુરુને માન આપો. ત્રીજું, પરમાત્માને દરેક જગાએ દરેક વસ્તુના સાક્ષી તરીકે, ઉત્પત્તિ, સ્થિતિ અને લયના સ્વામી (માલિક) તરીકે અને સર્વશકિતમાન તરીકે ભજો. તે ઉપરાંત પરમાત્માને જ સર્વમય સ્વરૂપ તરીકે અને અખિલ વિશ્વના મિત્ર અને રક્ષક તરીકે માનો (ગણો). બીજા બધાને માત્ર તેમના વ્યક્તિગત દરજ્જા પ્રમાણે ગણવાના છે. માતાને માતા તરીકે, પિતાને પિતા તરીકે, ગુરુને ગુરુ તરીકે. સત્ય હકીકતમાં આ બધાં " એક" હોઇ શકે નહિ. આના પર સારી રીતે વિચાર કરો. જો તમે આત્મ-સાક્ષાત્કાર શોધતા હો તો તમારે તમારા ધ્યાનમાં પરમાત્મા (વિશ્વાત્મા) નું-જે તમને સૌથી વધુ પસંદ હોય તે-સ્વરૂપ સ્થાપવાનું છે નહીં કે તમારા ગુરુનું ચિત્ર. તે યોગ્ય નથી. પરમાત્માનું સ્થાન ગુરુ કરતાં ઊંચું છે, શું તે ઊંચું નથી? અલબત્ત તેના (ગુરુના) શબ્દોને પાયા તરીકે લો અને

સઘળી વસ્તુના મૂળને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો; તે તમામ પ્રયત્નનું ફળ આપશે. તમને પથ્થરને જવાહિર અને જવાહિરને પથ્થર ગણવાનું કહેવામાં આવે છે. અલબત્ત, ફરજ પડવાથી અને આજ્ઞાના બંધનથી લોકો તાબે થાય અને સ્વીકારે; પરંતુ તે લાગણી અસલ (સાચી) હોઇ શકે? એક વિચાર બહાર અને બીજો. વિચાર અંદર રાખવો એ ધ્યાનની નિશાની નથી. જે આ ઝઘડો મિટાવવામાં આવે નહીં અને બહારની બાજુએ તેમજ અંદરની બાજુએ એક જ વિચાર હોય નહીં તો ધ્યાનમાં કોઇ સ્થિરતા રહેશે નહીં તેમ જ કોઇ સફળતા પણ મળશે નહીં.

ભક્ત : ઠીક, તે બધું ઘણું સારું છે, સ્વામી. હકીકતો (બાબતો) સંપૂર્ણપણે જાણ્યા વિના ઘણા સાધકો, જેને તેઓ ધ્યાન કહે છે તેમાં નિરર્થક વર્ષો ગુમાવે છે. તેઓ કોઇ પણ નિયમ કે મર્યાદા પાળતા નથી. આવા બધા માટે તમારી સલાહ સત્ય (વાસ્તવિકતા) બતાવે છે. તે તેમને અનંતમાં સ્થાપિત કરશે. આજે ખરેખર હું આશીર્વાદ પામ્યો છું, સ્વામી.

## પ્રકરણ: ૧૬

ભક્ત : હું લાંબા સમયથી તમને કેટલીક વસ્તુ પૂછવાને અને તેના જવાબ તમારી પાસેથી જાણવાને આતુર થઇ રહ્યો છું આજે મને તક મળી છે. આ મન અને આ તત્વ અજાણી જાતો (કોટીઓ) નાં છે. તેના અર્થો ચોક્કસ અનુભવ વિના નિશ્ચિત અને સ્પષ્ટ થઇ શકતા નથી, પરંતુ સ્વામી, વર્ષાઋતુનાં વાદળાંના ગાઢ અને મજબૂત અંધકાર જેવો આ સંસારનો મોહ અમારા પર વિજય મેળવે છે. આ સમર્થ બળ જે અમને ઘસડી રહ્યું છે તે શું છે? આ પ્રશ્ન મને અકળાવી રહ્યો છે. મને લાગે છે કે મારા જેવા માણસે શરૂઆતથી જ આ વસ્તુઓને સ્પષ્ટપણે સમજવી જોઇએ. કૃપા કરીને તમે મને પ્રકાશ આપશો?

સ્વામી : ઠીક, પ્રિય શિષ્ય, મારે શું કહેવાનું હોય? અંધારામાં ઝાડના ઠુઠાને મનુષ્ય માની લઇને તમે ફકત ભયથી સહન કરી રહ્યા છો. એટલે કે તમે ભૂલથી પૂર્ણ, અદ્વૈત, જે પૂર્ણ બ્રહ્મ છે તેને જુદો અપૂર્ણ “ જીવ” માનીને ભૂલથી સહન કરી રહ્યા છો.

ભક્ત : તો પછી આ ભ્રાંતિ કેવી રીતે આવી?

સ્વામી : તમે ઊંઘ્યા અને તેથી તમને સ્વપ્ન આવ્યું. તમે અજ્ઞાન અને મોહરૂપી ઊંઘ ઊંઘ્યા અને તેથી તમને આ સંસારરૂપી સ્વપ્ન આવ્યું. જાગો અને તમને વધુ સ્વપ્ન આવશે નહીં. જયારે સ્વપ્ન જતું રહે ત્યારે ભ્રાંતિ પણ જતી રહે છે.

ભક્ત : સ્વામી, આ અજ્ઞાન શું છે? તેનાં ખરાં લક્ષણ શું છે? તે કેવી રીતે કામ કરે છે?

સ્વામી : જે શરીર સાથે સંબંધ બાંધે છે અને “હું” (અહમ્) ની લાગણી ધરાવે છે તે “ જીવ” છે. જીવ બાહ્યમુખી છે; તે આ બધાં ચલિત જગત અને સંસારને માને છે, જો કે તે બંનેમાં ડૂબેલો છે. જયારે જીવ તેના અદ્વૈત સ્વરૂપ પર દુર્લક્ષ કરે છે અને તેને ભૂલી જાય છે ત્યારે આપણે તેને “ અજ્ઞાન” કહીએ છીએ. હવે તમને સ્પષ્ટ સમજાય છે?

ભક્ત : પરંતુ સ્વામી, તમામ શાસ્ત્રો કહે છે કે સંસાર “માયા” થી ઉત્પન્ન થાય છે. તમે અત્યારે કહી રહ્યા છો કે તે અજ્ઞાનને લીધે છે. એ બંનેની વચ્ચે ભેદ શો છે?

સ્વામી : અરે! અજ્ઞાન પોતે જ જુદી જુદી રીતે માયા, પ્રધાન, પ્રકૃતિ, અવ્યક્તિ, અવિદ્યા, તમસ વગેરે તરીકે ઓળખાય છે. એ કારણે આ સારી રીતે સમજો, સંસાર અજ્ઞાનનું પરિણામ છે.

ભક્ત : ગુરુદેવ, હું તમારી પાસે જાણવા માગુ છું કે “અજ્ઞાન” આ સંસારને કેવી રીતે ઉત્પન્ન કરી શકે?

સ્વામી : જાણી લો કે અજ્ઞાનને બે શક્તિ હોય છે, આવરણ શક્તિ અને વિક્ષેપ શકિત. આચ્છાદિત કરવાની (છૂપાવવાની) શક્તિ અને બહાર પાડવાની (ફેંકવાની) શક્તિ. તે સત્ય (વાસ્તવિકતા) ને છુપાવે છે. અને તેના પર અસત્ય (અવાસ્તવિકતા) ને નાખે છે (ફેંકે છે). આવરણશક્તિ પણ જુદી જુદી બે રીતે કાર્ય કરે છે. અસત-આવરણ અને અભણ-આવરણ. જયારે એક જ્ઞાની અને એક અજ્ઞાની મળે ત્યારે; જો કે જ્ઞાની શીખવે છે કે આત્મા એક અને અદ્વૈત છે તો પણ અજ્ઞાની તેનો ઇન્કાર કરશે અને તે સહેલાઇથી સત્ય (વાસ્તવિકતા) ને સમજી શકતો નથી. જયારે તે સત્ય સાંભળે છે ત્યારે તેને તે મનમાં ઉતારવાની શ્રદ્ધા અને દઢતા હોતી નથી અને તે બેપરવાઈથી મોં મચકોડીને તેને નામંજૂર કરશે. આ અસત- આવરણ છે. હવે અભણ- આવરણ વિષે કહું. જયારે મનુષ્ય તેના શાસ્ત્રોના અભ્યાસથી અને પરમેશ્વરની કૃપાથી માને છે કે અદ્વૈત આત્મા હસ્તિ ધરાવે છે, ત્યારે પણ ઉતાવળી અને છીછરી દલીલોથી દોરવાઇ જઇને તે તેને અવિદ્યમાન (અસ્તિત્વ રહિત) તરીકે કાઢી નાખે છે. જો કે તે જે વસ્તુનો ઇન્કાર કરે છે તે જ વસ્તુથી માહિતગાર ચિત્ત અથવા ચેતના તેને હોય છે તો પણ મોહથી તે જાહેર કરે છે કે તેનું અસ્તિત્વ નથી. આ અભણ-આવરણની અનિષ્ટ ભૂમિકા (ભજવવાનો ભાગ) છે.

ભક્ત : તમે વિક્ષેપશક્તિ વિષે પણ બોલ્યા હતા. તેનો અર્થ શો થાય છે?

સ્વામી : જો કે તમે સ્વરૂપ વિનાના (નિરાકાર), પરિવર્તન રહિત છો અને તમારો સ્વભાવ આનંદ અથવા પરમસુખ છે, તો પણ તમે ભ્રાંતિમાં પડીને જાણો કે તમે પોતે સ્વરૂપવાળું, પરિવર્તનશીલ, દુઃખ અને દિલગીરીના ઠામરૂપ શરીર છો એમ માનો છે, એવી લાગણી સેવો છો અને એવું કાર્ય કરો છો. જ્યાં માત્ર “એક જ” છે ત્યાં વિવિધતા અને બહુપણાની ભ્રાંતિમાં પડીને તમે તમારી જાતને કર્તા અને ભોક્તા તરીકે ગણો છો; તમે “હું”, તમે, તેઓ, આ, પેલું વગેરેની વાત કરો છો. આ એક” પર ઘણા મોહ નાખનાર મોહને વિક્ષેપશક્તિ અથવા અધ્યારોપ અથવા ભૂલભરેલું જ્ઞાન કહેવાય છે.

ભક્ત : તે શું છે?

સ્વામી : જયારે તમે મોતીની છીપને ચાંદીની વસ્તુ તરીકે જુઓ ત્યારે તમે અધ્યારોપ કરો છો, જયારે તમે ઝાડના ઠુંઠાને મનુષ્ય તરીકે જુઓ ત્યારે તમે તેના પર અધ્યારોપ કરો છો અથવા જ્યારે રણના વિસ્તારને બદલે તમે સરોવર જુઓ ત્યારે તમે સત્ય (વાસ્તવિક) પર અસત્ય (અવાસ્તવિક) નો અધ્યારોપ કરો છો. આ અધ્યારોપ (ભૂલ ભરેલું જ્ઞાન) છે.

ભકત : ઠીક બાબા, સત્ય (વાસ્તવિક) શું છે અને અસત્ય (અવાસ્તવિક) શું છે? કૃપા કરીને તે પણ સમજાવો.

સ્વામી : ફકત એક જ અદ્વૈત, સત-ચિત્ત-આનંદ પરમબ્રહ્મ સત્ય અને વાસ્તવિક છે. જેવી રીતે સર્પના નામ અને રૂપોનો દોરડા પર અધ્યારોપ થાય છે, તેવી જ રીતે બ્રહ્મથી માંડીને ઘાસની પાંદડી સુધીની દરેક વસ્તુ, તમામ પ્રાણી, પૃથ્વી જેવી તમામ જડ વસ્તુઓ સભર આ જગતનો અધ્યારોપ તે પરબ્રહ્મ વસ્તુ પર થાય છે. જગત એ અવસ્તુ. અસત્ય (અવાસ્તવિક) એટલે કે અધ્યારોપની વસ્તુ છે.

ભક્ત : તે અદ્વૈત વસ્તુ પર નામરૂપ જગતનો અધ્યારોપ કેવી રીતે ઉત્પન્ન થયો?

સ્વામી : માયાથી.

ભક્ત : માયાનો અર્થ શો થાય છે?

સ્વામી : ઉપર કહેલા પરબ્રહ્મની અજ્ઞાનશક્તિ. ભક્ત-અજ્ઞાનશક્તિનો અર્થ શો થાય છે?

સ્વામી : મેં તમને કહ્યું. શું મેં કહ્યું નથી? જો કે તમે મૂળ બ્રહ્મ છો, તો પણ બ્રહ્મને સમજવાની અશક્તિ તે અજ્ઞાન છે.

ભક્ત : ઠીક, તે અજ્ઞાન આ સમગ્ર જગતને કેવી રીતે ઉત્પન્ન કરે?

સ્વામી : અશાનશક્તિ તમને દોરડું જોવા દેતી નથી; તેને બદલે તે તેના પર સાપનો અધ્યારોપ કરે છે તે તમને જયાં ફક્ત બ્રહ્મ જ છે ત્યાં જગત જોતા કરે છે.

ભક્ત : જયારે એક અદ્વૈત છે ત્યારે આ તમામ દુનિયાની ઉત્પત્તિ શી રીતે થઇ?

સ્વામી : હવે જયાંથી આપણે શરૂઆત કરી હતી ત્યાં તમે પાછા આવ્યા છો. જો હું તમને અત્યારે કહું તો પણ તે સમજવું ઘણું મુશ્કેલ છે; છતાં તમે પૂછ્યું છે તે કારણે હું તમને કહીશ. ધ્યાનથી

સાંભળો. દોરડામાં જ ગુપ્ત સ્વરૂપે અજ્ઞાન શકિતનું અસ્તિત્વ છે. કહેવાનો મતલબ એ છે કેતે બ્રહ્મમાં ગુપ્ત અથવા અદ્રશ્ય છે. આને અવિદ્યા પણ કહેવામાં આવેછે. તેને તેના પાયા તરીકે બ્રહ્મ છે, જે ચિત્ત અને આનંદ છે માયાને બે શકિત છે: આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ. તે પૈકી આવરણશક્તિ બ્રહ્મને છુપાવી દે છે અને વિક્ષેપશક્તિ તેને “મન” તરીકે દ્રશ્યમાન કરે છે. મન વાસનાના ભરપૂરપણા દ્વારા નામ અને રૂપનું આખું વિશાળ દ્રશ્ય ઉત્પન્ન કરે છે.

ભક્ત : અદ્દભૂત સ્વામી. આ પ્રકૃતિ કેવી અદ્દભૂત છે! જો એમ હોય તો જાગૃત અવસ્થા અને સ્વપ્નાવસ્થા વચ્ચે વાસ્તવિક તફાવત શો છે?

સ્વામી : બંને મોહ પ્રકૃતિના છે; બંનેમાં આપણી પાસે વાસના કામ કરતી હોય છે. જગત સ્થિર મોહ (માયા) છે; સ્વપ્ન અસ્થિર મોહ (માયા) છે. આજ ભેદ છે બીજો કોઇ ભેદ નથી.

ભક્ત : સ્વામી, જયારે જગત મૂર્ત સ્વરૂપે અને ભિન્ન ભિન્ન રીતોએ અનુભવાય એવું છે ત્યારે તે અસત્ય (અવાસ્તવિક) છે એમ શી રીતે કહી શકાય?

સ્વામી : તે ભ્રાંતિ છે જે સત્ય (અવાસ્તવિક) ને સમજથી છુપાવે છે (સમજ બહાર રાખે છે); દીવાલ પર ચિત્રોની પરંપરા જેટલે અંશે અધ્યારોપ છે તેટલે અંશે જગત બ્રહ્મ પર અધ્યારોપ છે.

ભક્ત : અવિદ્યા અનાદિ છે એમ કહેવાય છે, શું તેમ નથી? ત્યારે તેને આટલો બધો દોષ શા માટે દેવાય છે?

સ્વામી : જયારે વિદ્યાનું અજવાળું થવા માંડે છે ત્યારે શરૂઆત વિનાની અવિદ્યાનો અંત આવે છે. આ ફકત તર્કબદ્ધ છે. પ્રકાશથી અંધકારનો નાશ થાય છે. દરેક વસ્તુને પાંચ ભાગો હોય છે: પ્રારંભ (ઉગમ), સ્વભાવ, કાર્ય, વખત અને પરિણામ; પરંતુ પરમાત્માની બાબતમાં આ પાંચ ભાગોની પ્રસિદ્ધિ (વ્યાખ્યા) નહીં થઇ શકે. તથાપિ, જાણે કે તેનામાંથી જ નીકળેલી દરેક વસ્તુને તે પાંચેય હોય છે. એકલી માયાને જ સમજાવી શકાય એવો પ્રારંભ (ઉગમ) નથી. તે તેનો પોતાનો પુરાવો છે. તે બ્રહ્મમાં છે, બ્રહ્મની સાથે છે; તે અનાદિ છે, તે આટલી બધી એશથી કેવી રીતે દેખાઇ તે સમજાવવાને કોઇ કારણ આપી શકાય નહીં. જેમ એક પરપોટો તેના પોતાના સ્વભાવના બળે પાણી ઉપર ઊઠે છે તેમ જ નામરૂપ લેનારું બળ અમર્યાદ, પૂર્ણ, પરમાત્મામાંથી નીકળે છે એટલું જ. માત્ર અજ્ઞાની જ અવિદ્યાને માટે બૂરું બોલશે. ખરેખર (વાસ્તવિક) રીતે સારું કે બૂરું કંઈ નથી.

ભક્ત : એમ કેવી રીતે કહી શકાય કે માયાનો પ્રારંભ કે હેતુ નથી? જેવી રીતે કુંભારની હાથકારીગરી માટીને માટે ઘડાનું સ્વરૂપ લેવાનો હેતુ છે, તેવી જ રીતે બ્રહ્મમાંનાં ગુપ્ત બળને પ્રગટ થવા માટે ઇશ્વરનો સંકલ્પ જરૂરી છે ..

સ્વામી : છેવટના નાશ અથવા “મહાપ્રલય” માં ઇશ્વર પણ અસ્તિત્વરહિત થશે. એકલા બ્રહ્મનું અસ્તિત્વ રહેશે, શું એમ નથી? તો પછી ઇશ્વરનો સંકલ્પ કેવી રીતે હેતુ હોઇ શકે? તે હોઇ શકે નહીં. આ વિષયનો વિચાર કરતી વેળા તમારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને ત્રણ જુદાં અસ્તિત્વ ગણવાં ન જોઇએ. આ ત્રણ સ્વરૂપ ત્રણ ગુણોનાં છે. એ ત્રણે મળીને એક પરમાત્મા છે; પરંતુ દુનિયાનું કાર્ય સમજવું મુશ્કેલ છે. તે કારણે ત્રણ નામ વાળાં ત્રણ પ્રકારનાં કાર્યોમાં રોકાયેલાં ત્રણ સ્વરૂપો તરીકે સમજાવવામાં અને સમજવામાં આવે છે. ઉત્પત્તિને વખતે નાશ (પ્રલય) ગેરહાજર હોય છે. ફકત સમયને પેલે પાર બંને સાથે અસ્તિત્વ ધરાવી શકે જ. મનુષ્ય સમય, કાર્ય અને કારણમાં અસ્તિત્વ ધરાવે છે તે તેને સમજવાની આશા કદી રાખી શકે નહીં. જયારે તમે ત્રણ ગુણોની પેલી તરફ જાઓ (ત્રણ ગુણોથી પર થાઓ) ત્યારે તમે પણ તે પ્રાપ્ત કરી શકો, પરંતુ ત્યાં સુધી નહીં. તેથી આવા સમજી શકાય એવા કોયડામાં સમય વિતાવ્યા વિના જે માર્ગ તમને ધ્યેય તરફ દોરી જાય તે માર્ગે ચાલીને જે વસ્તુની તમારે તાત્કાલિક જરૂર હોય તે વસ્તુમાં તમારી જાતને રોકી દો. (તમે પોતે રોકાઇ જાઓ).

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ